માટે આત્મસ્વરૂપના અભિલાષી જનોએ તો મોહને દૂર કરી શુદ્ધ આત્મસ્વરૂપનું જ સ્મરણ મનન ચિંતન ધ્યાન આરાધના યોગ્ય છે.

શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ મોહાધીન પ્રાણીઓને પરમ દુર્લભ છે. [illegible] મોહ મહા બળવાન છે. તે મોહ દર્શનમોહ અને [illegible] એમ બે પ્રકારે છે. દર્શનમોહ ગયા વિના ચારિત્રમોહ [illegible] નથી. અનંત નિગોદ [illegible] ઉપજવી દશા, પાષાણ [illegible] ઊંડી ખાણમાં [illegible] કરી કૂવી નીકળવા પાર પામતી નથી તેમ [illegible], વિરાગ, વનવાસ, મૌનવ્રત, પ્રાણાયામ, [illegible] આદિ અનેક પ્રકારના અનેક દૈહિક ક્રિયાઓ, [illegible] આત્મસાર [illegible], અવશ્ય [illegible]!

કર્યું છે, ત્રણ લોકમા સારરૂપ તે આત્મદર્શનજનિત અનુપમ આત્મ-આહ્લાદને પ્રગટ જે આસ્વાદી રહ્યા છે, તે દેહ છતાં વિદેહી દશામાં વિચરતા પુરુષરૂપ ભગવાન જ્ઞાની સદ્ગુરુના આશ્રય વિના બીજા કોઇ ઉપાયે કદાપિ આત્મજ્ઞાન પ્રાપ્ત થવુ સુલભ નથી એવા જ્ઞાની મહા-પુરુષનુ શરણ એ જ મોહ ક્ષય કરવા માટે સર્વોત્તમ બળવાન નિમિત્ત છે ત્રણ જગતને કલ્યાણકારી વિશ્વના આધારરૂપ નિષ્કારણ કરૂણામૂર્તિ એવા પરમ પુરુષ મહાભાગ્યે જ મળે છે એમ અતરમા નિર્ધાર કરી, આત્માનુભવી સદ્ગુરુને શોધી, તેનુ શરણ પામી, તે મહાભાગ્ય જ્ઞાની પાસેથી મોહ આદિ સર્વનુ સ્વરૂપ, અને તેને ક્ષય કરવાના સર્વ સદુપાયને જાણે છે પરમ પ્રેમે તે સદ્ઉપાયોને સેવી અનુક્રમે કૃતાર્થ થાય છે

અનતકાળથી પોતાને પોતાના સ્વરૂપની ભ્રાન્તિ છે, વિસ્મૃતિ છે, અને તેથી દેહ આદિ સર્વ જડ પર પદાર્થોમા પોતાપણાની માન્યતા છે આ વિપરીત માન્યતારૂપ ભૂલ એ મિથ્યાત્વ કે દર્શનમોહ છે તેના કારણે પરમા રાગ દ્વેષ મોહ આદિ પ્રવર્તન થઇ રહ્યુ છે તે ચારિત્રમોહ છે માન્યતામા ભૂલ હોવાથી પ્રવર્તનમા પણ ભૂલ છે આ મિથ્યા માન્યતા મટીને યથાર્થ માન્યતા થયા પછી જ મિથ્યા પ્રવર્તનરૂપ ચારિત્રમોહ નિર્મૂળ કરી શકાય છે

આ વિપરીત માન્યતા અથવા દર્શનમોહ પ્રત્યક્ષ જ્ઞાનીની અમૃત-સમાન શાન્તરસપ્રધાન વાણીરૂપ સદ્બોધથી સહેજે દૂર થાય છે તે સદ્બોધના આરાધનથી, વિપરીત માન્યતા દૂર થતા, પોતાનુ મૂળ શુદ્ધ આત્મસ્વરૂપ કેવુ છે તે સમજાય છે, પ્રતીત થાય છે, અનુભવાય છે

આ મિથ્યા માન્યતા અથવા દર્શનમોહ સસારવૃક્ષનુ મૂળ છે સદ્ગુરુના સમાગમથી, સદ્બોધ શ્રવણથી, તેના એકાગ્ર આરાધનથી, તે ભૂલભરેલી માન્યતા ટળીને યથાર્થ માન્યતા થાય છે સર્વજ્ઞ ભગવાને જેવુ શુદ્ધ ચિદ્રૂપ જોયુ, જાણ્યુ, અનુભવ્યુ, પ્રકાશ્યુ, તેવુ જ આ પરમ-કૃપાળુ સદ્ગુરુ ભગવાને પણ તે શુદ્ધ ચિદ્રૂપ જાણ્યુ, જોયુ, અનુભવ્યુ,

[illegible]

"[illegible] ભગવાન [illegible] નથી."

[illegible] આત્માના [illegible]

પરમોપકારી પ્રભુ શ્રીમદ્ [illegible] વારંવાર એ જ અપૂર્વ આત્મ[illegible] પોતાના પરમોપકારી સત્ ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર [illegible] કરી અનંત ઉપકાર કર્યો છે. તેઓશ્રીની અપૂર્વ [illegible] વારંવાર એ જ આત્મસિદ્ધિ માટે હતી. તે આત્મારામી [illegible] મુમુક્ષુઓના [illegible] સચોટ [illegible] સફળ થતી તે સત્સમાગમપ્રાપ્ત મુમુક્ષુઓને [illegible] જ છે. તેમની તે નિષ્કારણ કરુણા [illegible] તેમના શુદ્ધ ચિદ્રૂપ પ્રત્યે ઉલ્લાસિત ભાવે સહેજે નમન થયા વિના રહે તેમ નથી.

પ્રગટ આત્મ[illegible]પૂર્વક વિચરતા એવા અચિંત્ય ચિંતામણિ કે અનુપમ કલ્પવૃક્ષ સમાન જ્ઞાની પ્રભુના દર્શન, સમાગમ, સદ્બોધ અને સદ્આજ્ઞાનું અપૂર્વ પ્રેમે આરાધન એ જ મોક્ષ[illegible] કરવાનો સર્વોત્તમ સદુપાય છે. જ્ઞાનીના બોધમાં, તેની આજ્ઞામાં એકતાન થઈ જીવ મોહનો ક્ષય કરી જ્ઞાની થાય છે; જીવનો શિવ થાય છે બહિરાત્મા અંતરાત્મા થઈ પરમાત્મા થાય છે અને એમ બાહ્ય ક્રિયાકાંડ વગર પણ મોહનો જય થાય ત્યાં શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ સુગમતાથી થાય છે.

"શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કર્યો છે, પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહિ. ફરી ફરી

અધ્યાય ૫ મો

શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિ કદી પૂર્વે કોઈ વાર થઈ નથી

रत्नानामौषधीनां वसनररसरुजामन्नधातूपलानां
स्त्रीभाश्वानां नराणां जलचरवयसां गोमहिष्यादिकानां ।
नामोत्पत्त्यर्घतार्थान् विशदमतितया ज्ञातवान् प्रायशोऽहं
शुद्धं चिद्रूपमात्रं कथमहह निजं नैव पूर्वं कदाचित् ॥ १ ॥

ઝૂલણા છંદ :-

રત્ન ઔષધિ બહુ વસ્ત્ર રસ વ્યાધિઓ,
અન્ન પત્થર અને ધાતુઓનાં;
પુરુષ સ્ત્રી અશ્વ ગજ પક્ષિ જલચર તથા,
ગાય ભેંસાદિ પર વસ્તુઓનાં;
નામ, ઉત્પત્તિ, કિંમત, પ્રયોજન બધું,
તીક્ષ્ણ બુદ્ધિ કરી બહુય જાણ્યું,

रत्नाना=રત્નોના, औषधीना=ઔષધોના वसनररसरुजाम्=વસ્ત્ર, રસ, રોગના, अन्नधातु उपलाना=અન્ન ધાતુ, પત્થરોના, स्त्रीभाश्वाना=સ્ત્રી, इभ=હાથી અને અશ્વોના, नराणा=મનુષ્યોના, जलचरवयसा=જળચર અને નભચર (પક્ષી) ના, गोमहिष्यादिकाना=ગાય, ભેસ આદિના नामोत्पत्त्यर्घतार्थान्=નામ, ઉત્પત્તિ, મૂલ્ય, પ્રયોજન, विशदमतितया=તીક્ષ્ણ બુદ્ધિ વડે કરી, अहं=(હું) મે, प्रायश =ઘણુ કરીને, ज्ञातवान्=જાણ્યાં, कथमहह=અહો ખેદ છે કે કોઈ રીતે, निजंशुद्ध चिद्रूपमात्र=માત્ર પોતાના શુદ્ધ ચિદ્રૂપને, पूर्व=પૂર્વમા, कदाचित्=કદી પણ, नव=ન જ જાણ્યુ ૧

द्रव्यादिपंचधा पूर्वं परावर्त्ता अनंतशः ।
कृतास्तेष्वेकशो नाहं स्वस्वरूपं न लब्धवान् ॥५॥

[illegible], [illegible] નિધાનો મળી,
રત્નચિંતામણિ દિવ્ય વિભૂતિ,
[illegible] પૂર્વમાં, શુદ્ધ ચિદ્રૂપ,
અનુપ સંપત્તિની કદી ન પ્રાપ્તિ,
દ્રવ્ય આદિ પરાવર્તનો પાંચ તો,
મેં અનંતાં કર્યાં પૂર્વકાળે,
તે વિષે એક પણ વાર નિજરૂપને,
હું ન પામ્યો ભમ્યો ભ્રાન્તિજાળે ૪-૫

મે કલ્પવૃક્ષ, ધનનિધિ, ચિન્તામણિ રત્ન, કામધેનુ વગેરે લોકમાં ઘણુ દુર્લભ એવી વિભૂતિઓ પ્રાપ્ત કરી છે. પરંતુ શુદ્ધચિદ્રૂપ રૂપ અનુપમ સંપત્તિ આજ સુધીમા કદી પ્રાપ્ત કરી નથી

અનાદિકાળથી આ સંસારમા મે પરિભ્રમણ કર્યા છે તેમા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એ પાંચેય પરાવર્ત્તન અનેક વાર પૂરા કર્યા છે પરંતુ સ્વસ્વરૂપ શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ મને આજ સુધીમાં કદી પ્રાપ્ત થઈ નથી

सुरद्रुमा=કલ્પવૃક્ષ, निधानानि=ધનના ભંડારો, चिंतारत्न=ચિંતામણિ-રત્ન, द्युसद्=દેવ, गवी=ગાય, કામધેનુ, लब्धा=મળી, पर=પરંતુ, पूर्वं=પહેલા, शुद्धचिद्रूपसंपदा=શુદ્ધ ચિદ્રૂપરૂપ સંપત્તિ, न लब्धा=મળી નથી ૪

पूर्वं द्रव्यादिपंचधा परावर्त्ता अनंतशः कृताः=પૂર્વે દ્રવ્ય ક્ષેત્ર કાળ, ભવ અને ભાવ એ નામે પાંચ પરાવર્તન (સંસાર ભ્રમણ) અનંતવાર કર્યા, तेषु=તેમા, एकशः=એક વાર પણ, अहं स्व स्वरूपं न लब्धवान्=મે મારું સ્વરૂપ મેળવ્યુ નહિ. ૫

મનુષ્ય જન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ અને વજ્રઋષભનારાચ સહનન આદિ પણ અનેક વાર પામ્યો પરતુ માત્ર એક નિજ નિર્મળ ચિદ્રૂપને હુ કદી પામ્યો નથી

અનેકવાર મે શૌચ, સયમ, શીલ ધારણ કર્યા, ઘોર તપ પણ આદર્યા, પરતુ શુદ્ધ ચિદ્રૂપના નિર્મળ ધ્યાનને કદી ધારણ કર્યું નહિ ૧૦–૧૧

एकेंद्रियादिजीवेपु पर्यायाः सकला धृताः ।
अजानता स्वचिद्रूपं परस्पर्शादिजानता ॥ १२ ॥
ज्ञातं दृष्टं मया सर्वं सचेतनमचेतनं ।
स्वकीय शुद्धचिद्रूपं न कदाचिच्च केवलं ॥ १३ ॥

સર્વ એકેન્દ્રિયાદિ વિષે બહુ ભમ્યો,
બહુ ધર્યા સર્વ પર્યાય ત્યા મે,
સ્પર્શ રસ આદિ પરના બહુ જાણતાં,
નિજ ચિદ્રૂપ જાણ્યુ ન ત્યા મેં.
અન્ય ચેતન અચેતન પદાર્થો વળી,
સર્વ જાણ્યા દીઠા બાહ્યદૃષ્ટિ;
માત્ર નિજ શુદ્ધ ચિદ્રૂપને જાણવા,
દેખવા ના ખુલી આત્મદૃષ્ટિ ૧૨–૧૩

स्वचिद्रूप अजानता=પોતાના આત્મસ્વરૂપને જાણ્યા વિના, परस्पर्शादि जानता=પરના સ્પર્શ રસ રૂપ આદિને જાણતા મે एकेन्द्रियादिपु=એકેન્દ્રિયાદિ જીવોમા, सकला पर्याया धृता=સર્વ પર્યાયો (અવસ્થાઓ)ને ધારણ કર્યા (છે) ૧૨

सर्वं सचेतन अचेतन=સર્વ ચેતનયુક્ત અને ચેતનરહિત જડને, मया ज्ञात दृष्ट=મે જાણ્યુ જોયુ केवल=કેવળ, स्वकीयं=પોતાના, शुद्ध चिद्रूप=શુદ્ધ આત્મસ્વરૂપને, न कदाचित् च=કદી ન (જાણ્યુ) ૧૩

ક્ષેત્ર નદી આદિ સૌ જગત સંપૂર્ણના,
જાણવા ભાન હું બહુ શાણો.
તીવ્ર મોહે છતા ભાન નિશ્ચે ના કરી,
શુદ્ધ ચિદ્રૂપ હું પુન ન જાણ્યો. ૧૪

સંસારમાં લોક, જ્ઞાતિ, શાસ્ત્ર, દેવ અને રાજાઓની સંપત્તિ, રાજાઓની સેના, ઉપકાર અને તેની રીતિનીતિ, ઉત્તમના આદિ પ્રાયે મેં સર્વ જાણ્યા; દેશ, નગર, નદી આદિ જુદા જુદા ખંડને તેમ સમસ્ત જગતના વિવિધ ભાવોને પણ મેં જાણ્યા. પરંતુ તીવ્ર મોહવશે "હું શુદ્ધ આત્મસ્વરૂપ છું" એમ નિશ્ચયે કરી જાણ્યું નહિ ૧૪

शीतकाले नदीतीरे वर्षाकाले तरोरधः ।
ग्रीष्मे नगशिरोदेशे स्थितो न स्वे चिदात्मनि ॥ १५ ॥
विहितो विविधोपायैः कायक्लेशो महत्तमः ।
स्वर्गादिकाक्षया शुद्धं स्वस्वरूपमजानता ॥ १६ ॥
अधीतानि च शास्त्राणि बहुवारमनेकशः ।
मोहतो न कदा शुद्धचिद्रूपप्रतिपादकं ॥ १७ ॥

શિખરિણી છંદ :-

શિયાળામાં ઊભો સરિતતટમાં શીત સહતો,
વળી વર્ષાકાળે તરુવરતળે સ્થિતિ ધરતો,

શીતકાલે=શિયાળાની ઋતુમાં, ઠંડીના વખતમાં, નદીતીરે=નદીના કાંઠા ઉપર, વર્ષાકાલે=વરસાદના વખતમાં, તરો અધ =વૃક્ષની નીચે, ગ્રીષ્મે=ઉનાળામાં, ગ્રીષ્મના પ્રચંડ તાપમાં, નગશિરોદેશે=પર્વતના તપેલા પત્થરવાળા શિખર પ્રદેશમાં, સ્થિત =મેં સ્થિતિ કરી, હું રહ્યો, પરંતુ, સ્વ ચિદાત્મનિ=પોતાના ચૈતન્યસ્વરૂપ આત્મામાં, ન સ્થિત =સ્થિત ન થયો ૧૫

શાશ્વત્ સત્સુખનુ ધામ છે અને કષ્ટ સાધ્ય સ્વર્ગાદિ સુખ તો વિનાશી છે, એમ પણુ કદી જાણ્યુ નહિ, તેથી તે અનંત અનીન્દ્રિય આત્મિક સુખની ભાવના પણ કદી થઈ નહિ

અનત ભવોમા અનતવાર કઠિન એવા અનેક શાસ્ત્રોનો અનેક નયે મે બહુ બહુ અભ્યાસ કર્યો છતા મોહવશે, શુદ્ધ આત્મસ્વરૂપનુ નિરૂપણ કરનાર શાસ્ત્ર હુ ભણ્યો પણ ગણ્યો નહિ, અને શુદ્ધ આત્મ-સ્વરૂપ ધર્મની પ્રાપ્તિની રુચિ ઓળખાણ કદી જાગી નહિ ૧૫-૧૬-૧૭

न गुरुः शुद्ध चिद्रूपस्वरूपप्रतिपादकः
लब्धो मन्ये कदाचित्तं विनाऽसौ लभ्यते कथं ॥ १८ ॥

सचेतने शुभे द्रव्ये कृता प्रीतिरचेतने ।
स्वकीये शुद्धचिद्रूपे न पूर्वं मोहिना मया ॥ १९ ॥

ગુરુ જ્ઞાની શુદ્ધ સ્વરૂપ નિજ બોધે પ્રવીણ જે,
મળ્યા ના તો કયાથી સ્વરૂપ નિજ પામું હું વિણ તે ?
કરી પ્રીતિ સારા જીવ અજીવ દ્રવ્યે પર છતાં,
કરી ના મોહે મે, વિમલ નિજ રૂપે ઠરી જતાં ૧૮-૧૯

"કોઈપણપ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી 'સત્'ને પ્રાપ્ત કરી શકતો નથી સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે જ 'સત્' સમજાય છે.

मन्ये=મને લાગે છે, કે शुद्धचिद्रूपप्रतिपादकः गुरु=શુદ્ધચૈતન્ય સ્વરૂપ આત્માનુ નિરૂપણ કરનાર સદ્ગુરુ, कदाचित्=કદીય, न लब्ध.= મળ્યા નથી त विना=તે સદ્ગુરુ વિના, असौ (शुद्ध चिद्रूप) कथं लभ्यते=આ શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિ કેમ કરીને થાય? ૧૮

सचेतने अचेतने शुभे द्रव्ये=મનને પ્રિય એવા સચેતન, અચેતન, સારા પ્રિય દ્રવ્ય (પદાર્થ)મા, मया मोहिना पूर्व प्रीति कृता=મેં મોહીએ પૂર્વમા પ્રીતિ કરી, स्वकीये शुद्धचिद्रूपे न=પણ આત્માને પ્રિય એવા શુદ્ધ ચિદ્રૂપમા ન (કરી) ૧૯

ક્રિયા પૂર્વે જે જે સકલ કરી મેં મોહ ઉદયે,
રતિ વિસ્તારી ત્યાં અતિશય મહા મૂઢ મતિએ;
હવે ભાસે તે સૌ વિષ સમ મને મોહ વિરમે,
સ્વરૂપે લાગ્યો હું નિરીહ પરમાં. મોહ ધિક એ
મને વ્યક્તાવ્યક્ત પ્રતિપળ વિકલ્પે પૂર્ણ ને,
મળી ના નિવૃત્તિ નિજ વિમલ ચિદ્રૂપ મનને ૨૦-૨૧-૨૨

જ્ઞાની ગુરુની ઉપાસના સિવાયના, બીજા ઘણા શુભ અશુભ કઠિન કાર્યો મે કર્યા છે પણ શુદ્ધ ચિદ્રૂપનુ ચિંતન તો જ્ઞાની સિવાય બીજે કયાયથી મળવુ મુશ્કેલ હોવાથી એક તે આત્મચિંતન મે કદી કર્યું નથી ૨૦

પહેલા મહામોહના ઉદયથી મૂઢમતિ એવા મે જેમા અત્યંત પ્રીતિ વિસ્તારી મૂકી છે એવી ઘણી ક્રિયાઓ અહીં કરી છે કે જે ક્રિયાઓ હવે અત્યારે મને મોહની મંદતા થવાથી, શુદ્ધચિદ્રૂપમાં અત્યંત પ્રેમ પ્રીતિ થવાથી, અને નિજ નિર્મળ આત્મા સિવાય સર્વ પરમા નિસ્પૃહ બુદ્ધિ થવાથી ખરેખર ઝેર જેવી અનર્થકારક તજવા યોગ્ય જણાય છે, સમજાય છે માટે એ મોહના ઉદયને ધિક્કાર છે કે જેમા જીવને સાર, અસાર, કર્તવ્ય અકર્તવ્ય, હિત અહિત એવુ કાંઈ ભાન રહેતુ નથી ૨૧

વ્યક્ત અને અવ્યક્ત, સ્થૂળ અને સૂક્ષ્મ, એવા અનંત વિકલ્પોથી હુ સદાય ભર્યો છુ તેથી મને શુદ્ધ આત્મચિંતનનુ ચિંતન કરવાને કદી અવકાશ મળ્યો નથી શુદ્ધ આત્મચિંતન તો નિર્વિકલ્પ દશાનુ કારણ છે અનંત વિકલ્પથી પરિપૂર્ણ ચિત્ત અસ્થિર છે ત્યા આત્મ-ચિંતન કેમ સંભવે? તે માટે સંકલ્પવિકલ્પની મંદતા થાય તો જ મન સ્થિર થાય અને આત્મચિંતનનો અવકાશ પ્રાપ્ત થાય

"ઉપયોગ શુદ્ધ કરવા જગતના સંકલ્પવિકલ્પને ભૂલી જજો"

અધ્યાય ૬ ઠ્ઠો.

શુદ્ધચિદ્રૂપનાં સ્મરણમાં નિશ્ચળતાનો બોધ

जानंति ग्रहिलं हत ग्रहगणैर्ग्रस्तं पिशाचैरुजा
मग्नं भूरिपरीषहैर्विकलतां नीतं जराचेष्टितं ।
मृत्यासन्नतया गतं विकृततां चेद् भ्रांतिमंतं परे
चिद्रूपोऽहमिति स्मृतिप्रवचनं जानंतु मामंगिनः ॥ १ ॥

સદ્‌ગુરૂ બોધીત અહનિશ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે — એ દેશી

ચિદ્રૂપ ચિંતન તત્પર સુજને દુર્ભગ ભ્રમિત ભલે જન કહે,
કે ઉન્મત્ત, પિશાચે પીડિત, વ્યાધિગ્રસ્ત વિપરીત અહે,
બહુ પ્રબળ પરિષહથી વિકલ જરા મરણ સન્મુખ ગણે,
ચિદ્રૂપ હું, એ સ્મૃતિ વચનથી, દેહી જન જાણો તત્વથી । ૧

અધ્યાય ૬ ઠ્ઠો.

શુદ્ધચિદ્રૂપનાં સ્મરણમાં નિશ્ચળતાનો બોધ

जानंति ग्रहिलं हतं ग्रहगणैर्ग्रस्तं पिशाचैरुजा
मग्नं भूरि परीषहैर्विकलतां नीतं जराचेष्टितं।
मृत्वासन्नतया गतं विकृततां चेद् भ्रांतिमंतं परे
चिद्रूपोऽहमिति स्मृतिप्रवचनं जानंतु मामंगिनः ॥ १ ॥

ગુરુ ગોવિંદ અહર્નિશ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે — એ દેશી

ચિદ્રૂપ ચિંતન તત્પર મુજને દુર્ભાગ ભ્રમિત ભલે જન કહે,
કે ઉન્મત્ત, પિશાચે પીડિત, વ્યાધિગ્રસ્ત વિપરીત અહે,
મરણ સમાન મતિથી વિકૃત જગ ભલે સન્મુખ ગણે,
ચિદ્રૂપ હું એ સ્મૃતિ તાનમાં, રે! જન જાણો તાનમાં! ૧

શુદ્ધ આત્મદર્શન હીન જગ આ ભેદ જ્ઞાનીને ચિત્ત દીસે,
હા! ઉન્મત્ત ભ્રમિત નેત્રહીણુ દિગ્મૂઢ ગાઢ સુપુપ્તિ વિષે;
પાગલ મૂર્છાગત અવિચારી, જલપ્રવાહમાં વહી જતું,
અજ્ઞ બાલસમ મોહઠગોને વશ વ્યાકુલ વિશેષ થતું ૨

મ્યાનમાંથી બહાર આવેલી તરવાર પેઠે જેને સ્વ અને પરનુ ભેદજ્ઞાન થયુ છે, પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ તરફ વૃત્તિની એકાગ્રતા થઈ છે, અને સર્વત્ર પોતાનો શુદ્ધ આત્મા જોવાની (સ્વરૂપે જાગૃત રહેવાની) અંતર દૃષ્ટિ થઈ છે એવા તત્ત્વદર્શી જ્ઞાનીને આ જગત શુદ્ધ આત્મ દૃષ્ટિ રહિત હોવાથી કેવુ લાગે છે? તો કે આખું જગત જાણે ઉન્મત્ત, ભ્રાત જેવુ જણાય છે. તત્ત્વને જોવાની દૃષ્ટિ નહિ ખુલી હોવાથી, છતા નેત્રોએ અધ જેવુ જણાય છે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવા માટે પ્રયાણ ન કરતાં સસાર દુઃખના દરિયા ભણી દોડતુ દેખીને દિશા ભૂલેલું દિગ્મૂઢ જેવુ જણાય છે. સ્વરૂપચિતન, સ્વરૂપ વિચાર, સ્વરૂપ લક્ષ, સ્વરૂપ અનુભવ આદિ આત્મહિત પ્રત્યે ઉપેક્ષાવાળુ બેદરકારવાળુ અજાગૃત હોવાથી ગાઢ નિદ્રામા સુતેલુ જણાય છે

या निशा सर्वभूताना तस्या जागर्ति सयमी ।
यस्या जाग्रति भूतानि सा निशा पश्यतो मुने. ॥

—શ્રી ભગવદ્ગીતા

જે સર્વ પ્રાણીઓને રાત્રિ છે, જ્યા સર્વ ઉઘી રહ્યા છે, ત્યા આત્મદર્શનમાં સયમી જાગૃત છે. જેમા પ્રાણીઓ જાગૃત છે, એવા માયિક વ્યવહારમાં આત્મદર્શી મુનિને ઉપેક્ષા હોવાથી તે તેમને રાત્રિ છે.

व्यवहारे सुपुप्तो यः स जागर्त्यात्मगोचरे ।
जागर्ति व्यवहारेऽस्मिन् सुपुप्तश्चात्मगोचरे ॥

—શ્રી સમાધિશતક

ચાતકને જલધર, દેવોને સ્વર્ગ, જનોને પ્રિય સુધા,
પ્રિય વિમલ ચિદ્રૂપ મુજ ચિત્તે, રોગાતુરને વૈદ્ય યથા. ૩

જેમ સ્ત્રીઓને પોતાના હૃદયમાં પોતાના સ્વામી પ્રિય છે, બલભદ્રોને જેમ નારાયણ અત્યંત પ્રાણસમાન પ્રિય છે, રાજાઓને પૃથ્વી, ગાયને વંત્સ, ચક્રવાકને તિમિરારિ એટલે સૂર્ય, ચાતકને મેઘવૃષ્ટિ, જળચરોને તળાવ આદિ, મનુષ્યોને અમૃત અને દેવોને પોતાના સ્વર્ગનિવાસ, તથા રોગાતુરને વૈદ્ય જેમ અત્યંત પ્રાણસમાન પ્રિય હોય છે તેમ મને શુદ્ધ આત્મસ્વરૂપ, શુદ્ધ ચિદ્રૂપ આત્મા પ્રાણસમાન પ્રિય છે માટે એ શુદ્ધ ચિદ્રૂપ, શુદ્ધ સહજાત્મસ્વરૂપ મારા હૃદયમાં સદાય વિરાજમાન હો ૩

शापं वा कलयन्ति वस्तुहरणं चूर्णं वधं ताडनं
छेदं भेदगदादिहास्यदहनं निंदाऽऽदापीडनं ।
पव्यग्न्यब्ध्यगपंककूपवनभूक्षेपापमानं भयं
केचिच्चेत् कलयन्तु शुद्धपरमब्रह्मस्मृतावन्वहं ॥ ४ ॥

પરમ બ્રહ્મ ચિંતન તલ્લીન હું મને કોઇ ભય શાપ દીએ,
વસ્તુ હરણ, ચૂરણ, વધ, તાડન, છેદ, ભેદ, બહુ દુ:ખ દીએ,
ગિરિ અગ્નિ અબ્ધિ વન કૂપે ફેંકે વજ્રે હણે ભલે,
ભલે હાસ્ય નિંદાદિ કરો, પણ અલ્પ ચિત્ત મુજ નહિ ચળે ૪

शुद्धपरमब्रह्मस्मृतौ=શુદ્ધ પરમાત્માની સ્મૃતિમાં, अन्वहं=સર્વદા, નિરંતર, केचित् चेत्=કોઈ દુર્જનો જો, शाप कलयन्ति=શાપ આપે છે, वा=અથવા, वस्तुहरण=વસ્તુહરણ, चूर्ण=ચૂર્ણ, वध=વધ, ताडन=તાડન, छेद=છેદ, भेदगदादिहास्यदहन=ભેદ, ગદાદિ, હાસ્ય, દહન, निंदाऽऽदा पीडन=નિંદા, આપદા, પીડા, पवि अग्नि अब्धि अग पंक कूप वनभूक्षेपापमान=વજ્ર, અગ્નિમાં, સમુદ્રમાં, પર્વત કે વૃક્ષ ઉપરથી, કાદવ, કૂવા, વન, ભૂમિ ઉપર ફેંકે, અપમાન, भय=ભય, कलयन्ति=આપે, કરે, कलयन्तु=તો ભલે કરો. ૪

લોકનીચે ઘન આદિ પવનવત, જલમાં કમલોત્પત્તિ યથ,
ચિદ્રૂપસ્મરણ નિરંતર ચિત્તે શિવદાયી મુજ બનો તથા ૫

જેમ આ લોકમા ગૂર્ય ગદ્ર આદિ ફરતા રહે છે, ગગાનદીનો પ્રવાહ નિરંતર અસ્ખલિતપણે (અટક્યા વગર) વહ્યા કરે છે, પળ, ઘડી, દિવસ, માસ આદિ વ્યવહારકાળ નિરંતર વહી રહ્યો છે, દ્રવ્યના પર્યાયો (અવસ્થાઓ) ક્ષણે ક્ષણે સમયે સમયે નિરંતર બદલાયા કરે છે, લોકના અધોભાગમા ઘનવાત, તનુવાત, અને ઘનોદધિ (અંબુ) વાત એ ત્રણ પવનના સમૂહો સદા એક સરખા ફરતા રહે છે, સરોવર આદિમા કમળો જેમ સદાય ઉગતા રહે છે, તેમ મારા મનમા પણ શુદ્ધ આત્માનુ સ્મરણ સદાય નિરંતર કાયમ રહો કે જેથી મને મોક્ષરૂપ પરમકલ્યાણની પ્રાપ્તિ થાય. ૫

इति हृत्कमले शुद्धचिद्रूपोऽहं हि तिष्ठतु ।
द्रव्यतो भावतस्तावद् यावदंगे स्थितिर्मम ॥ ६ ॥
दृश्यंतेऽतीव निःसाराः क्रिया वागंगचेतसां ।
कृतकृत्यत्वतः शुद्धचिद्रूपं भजता सता ॥ ७ ॥

દ્રવ્ય ભાવથી તન કારાગૃહ વિષે સ્થિતિ છે ત્યાં સુધી તો,
'હું સહજાત્મસ્વરૂપ' સ્મરણ એ હૃદયકમલમા નિત્ય રહો,

यावद्= જ્યાં સુધી, मम=મારી, द्रव्यत भावत =દ્રવ્યથી અને ભાવથી, अगे=શરીરમા, स्थिति =સ્થિતિ છે, तावत्=ત્યા સુધી, शुद्धचिद्रूपोऽहं=શુદ્ધ ચિદ્રૂપ હુ છુ, इति=એમ (એ સ્મરણ), हृत्कमले=હૃદય કમળમા, हि तिष्ठतु=નિશ્ચયે રહો ૬

शुद्धचिद्रूप भजता सता=શુદ્ધ ચિદ્રૂપને ભજતા થતા, कृतकृत्यत्वत = કૃતકૃત્યતા પ્રાપ્ત થવાથી, वागगचेतसा क्रिया=વચન, શરીર અને મનની ક્રિયાઓ, अतीव नि·सारा =અત્યત અસાર, दृश्यते=જણાય છે ૭

चिद्रूपोऽहं स मे तस्मात्तं पश्यामि सुखी ततः ।
भवक्षितिर्हितं मुक्तिर्निर्यासोऽयं जिनागमे ॥ ११ ॥

ચિદ્રૂપ હું તે મારું તેથી તે, જોઉં તો સુખ થાય;
ભવક્ષય મુક્તિ શ્રેય પમાય, તે સાર જિનાગમમાંય. નિર્મળ૦૧૧

હું શુદ્ધ ચિદ્રૂપ છું તેથી હું તેને જ જોઉં છું, જાણું છું, અનુભવું છું, તેને જ સર્વથી પ્રથમ આગળ જોઉં છું, તેથી હું પરમ સુખી થાઉં છું. તે સિવાય બીજું સર્વ અન્ય અને અસાર જણાવાથી ત્યા રાગદ્વેષ કે (આકર્ષણ) ન થતા સમતા ભાવ જાગૃત રહેવાથી નિરાકુળતામય આત્મસુખ અનુભવું છું આ આત્મદર્શનથી જન્મમરણાદિ રૂપ ભવનો ક્ષય અને પરમ શ્રેયરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે એ જ જિનાગમનો સાર છે ૧૧

चिद्रूपे केवले शुद्धे नित्यानंदमये यदा ।
स्वे तिष्ठति तदा स्वस्थं कथ्यते परमार्थतः ॥ १२ ॥

ચિદ્રૂપ કેવલ શુદ્ધ સ્વરૂપ એ નિત્યાનંદે પ્રપૂર્ણ,
તે નિજ સ્વરૂપેરે સ્થિર તો નિશ્ચયે, સ્વસ્થ કહ્યો સંપૂર્ણ. નિર્મળ૦૧૨

चिद्रूपोऽहम्=હું ચૈતન્ય સ્વરૂપ છું स मे=તે આત્મા મારો છે, तस्मात्=માટે, तं=તેને, पश्यामि=જોઉં છું, ततः=તેથી, सुखी=સુખી (છું), भवक्षितिः=ભવનો ક્ષય, हितं मुक्तिः=આત્મહિત મોક્ષ (છે), अयं जिनागमे निर्यासः=એ જિનાગમમાં સ્વરૂપ સાર છે ૧૧

नित्यानन्दमये केवले स्वे शुद्धे चिद्रूपे=નિત્યાનંદમય કેવળ પોતાના શુદ્ધ ચિદ્રૂપમાં, यदा तिष्ठति=જ્યારે (આત્મા) સ્થિર થાય છે, तदा=ત્યારે, परमार्थतः=પરમાર્થથી, स्वस्थं=સ્વસ્થપણું સમાધિરૂપ कथ्यते=કહેવાય છે ૧૨

નિર્મલ નિજ ચિદ્રૂપ વિષે સદા, મુજ પરિણતિ હો અકંપ;
જેમ વિરાજે રે અષ્ટમી ભૂમિમાં, સિદ્ધશિલા નિષ્કંપ નિર્મળ૦૧૪

જેમ આઠમી ભૂમિરૂપ લોકાગ્રે અત્યંત પવિત્ર સિદ્ધશિલા નિશ્ચલરૂપે વિરાજમાન છે તેવી રીતે મારા મનની પરિણતિ પણ આ શુદ્ધચિદ્રૂપ નિજ આત્મામા નિશ્ચળરૂપે સ્થિત રહો ૧૪

चलंति सन्मुनीन्द्राणां निर्मलानि मनांसि न ।
शुद्धचिद्रूपसद्ध्यानात् सिद्धक्षेत्राच्छिवा यथा ॥१५॥

નિર્મલ ચિદ્રૂપ ધ્યાન થકી કદી સત મુનિવર્ય ચિત્ત;
લેશ ચળે ના, સિદ્ધિક્ષેત્રથી સિદ્ધો જ્યમ ત્યાં સુસ્થિત. નિર્મળ૦૧૫

સિદ્ધક્ષેત્રથી જેમ કલ્યાણમૂર્તિ સિદ્ધ ભગવંત કદી ચલાયમાન થતા નથી, સદાય ત્યાં નિશ્ચળપણે આત્માનંદ પ્રપૂર્ણ નિજ-સુખમા મગ્ન, સ્વભાવમા સુસ્થિત, વિરાજે છે, તેમ સતરૂપે પરિણમી ગએલા સંત મુનિવરોના ચિત્ત પણ નિશ્ચળપણે શુદ્ધચિદ્રૂપના ઉત્તમ ધ્યાનમા જ સદાય મગ્ન રહે છે કદાપિ ચલાયમાન થતા નથી ૧૫

मुनीश्वरैस्तथाभ्यासो दृढः सम्यग्विधीयते ।
मानसं शुद्धचिद्रूपे यथाऽत्यंतं स्थिरीभवेत् ॥१६॥

अष्टमी भूमिकामध्य=આઠમી ભૂમિના અગ્ર ભાગે મોક્ષસ્થાનમાં, यथा=જેમ, शुभा सिद्धशिला=પવિત્ર સિદ્ધશિલા (નિશ્ચળ છે તેમ), शुद्धचिद्रूपके=શુદ્ધ ચિદ્રૂપના, मे परिणतिः=મારા પરિણામ, ભાવ, सदा [illegible] ૧૪

यथा सिद्धक्षेत्रात् शिवाः=જેમ સિદ્ધક્ષેત્રથી સિદ્ધો (ચળતા નથી તેમ) शुद्धचिद्रूपसद्ध्यानात्=શુદ્ધ આત્માના ઉત્તમ ધ્યાનથી, सन्मुनीन्द्राणां निर्मलानि मनांसि=સત્ મુનીન્દ્રોના નિર્મળ મન, न चलंति=ચળતા નથી ૧૫

વેદનામા ઉપયોગ એકાગ્ર ન થાય તેથી તે દુઃખોનો અનુભવ ન થતાં આત્મસ્વભાવના અનુભવમાં પરમ અખંડ જાગૃતિ થાય અને શ્રી ગજસુકુમાર આદિ મહાપુરુષોની માફક કેવળજ્ઞાન આદિ અનંત આત્મ-ઐશ્વર્ય વ્યક્ત થઈ પરમ કૃતકૃત્ય થવાય ૧૭.

निश्चलं न कृतं चित्तमनादौ भ्रमतो भवे ।
चिद्रूपे तेन सोढानि महादुःखान्यहो मया ॥ १८ ॥

નિજ ચિદ્રૂપમા રે નિશ્ચલ ચિત્ત હા ! ન ધર્યું મે કોઈવાર;
ભમતાં ભવમાં રે, તેથી અનાદિથી દુઃખ પામ્યો હું અપાર.
નિર્મળ૦૧૮

અહો હો ! ખેદ અને આશ્ચર્યની વાત છે કે અનાદિ કાળથી સંસારમાં ભમતા મેં કદી પણ મારા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મામા ચિત્તને નિશ્ચલ, સ્થિર, તલ્લીન કર્યું નહિ કેવલ બાહ્ય પરપદાર્થોમા જ ભમતું રાખ્યુ, તેથી સર્વ દેહાદિક બાહ્ય પરપદાર્થોમાં અહંત્વ મમત્વ તથા રાગદ્વેષ કરી, તેના ફળરૂપે અનંત જન્મમરણાદિની પરંપરારૂપ સંસારના અનંત અપાર દુઃખ મારે ભોગવવાં પડ્યા હવે એ દુઃખ મારે ન ભોગવવા હોય, દુઃખપૂર્ણ સંસારથી નિવૃત્તિ જોઈતી હોય, અને પરમ સુખરૂપ મોક્ષપદ પામવું હોય તો તો ગમે તે પ્રકારે મનને, વૃત્તિઓને, સંકલ્પ વિકલ્પોને રોકવા, ક્ષય કરવા, આત્મભાવમાં વાળી મનને આત્મસ્વરૂપમાં નિશ્ચળપણે ધારણ કરવુ; તો જ વિભાવદશાજન્ય સંસારદુઃખ ટળી શુદ્ધ સ્વભાવદશારૂપ પરમ સમાધિજન્ય આત્મસુખ પ્રગટી મોક્ષપદ પ્રાપ્ત થાય ૧૮

ये याता यांति यास्यंति निर्वृतिं पुरुषोत्तमाः ।
मानसं निश्चलं कृत्वा स्वे चिद्रूपे न संशयः ॥ १९ ॥

अनादौ भवे=અનાદિથી સંસારમા भ्रमत=ભમતા, मया=મારા-વડે चिद्रूपे चित्त निश्चलं न कृतं=ચિદ્રૂપમાં ચિત્તને નિશ્ચલ ધારણ કરાયું નહિ तेन=તેથી, अहो=અહોહો ! સખેદ આશ્ચર્ય છે કે, मया=મારા વડે, महा दुःखानि सोढानि=મહાન દુઃખ સહાયા. ૧૮

વર્ધમાન થાય છે અને અત્યંત અભ્યાસબળે મહા પુરુષની આજ્ઞાના વિચારમા મન અત્યત તલ્લીન થઈ જાય છે. પરભાવમાથી મન પાછું હઠી આત્મભાવમા એકાગ્ર થાય છે. સ્થિર થાય છે

रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलं ।
स पश्यत्यात्मनस्तत्त्वं तत्तत्व नेतरो जनः ॥

—શ્રી સમાધિશતક

શુદ્ધ આત્મતત્ત્વનુ દર્શન કોને થાય છે? જેનુ મનરૂપી જળ, મળ વિક્ષેપ અને અજ્ઞાન કે મિથ્યાત્વ અને તત્ જનિત રાગદ્વેષરૂપ મોજાથી ચલાયમાન થતુ અટકી જાય, અત્યત સ્થિર થઈ જઈ સ્વભાવમા સમાઈ જાય કે તત્કાળ તેને તે (પવિત્ર) આત્મતત્ત્વનુ દર્શન થાય છે તે સિવાય અન્યને તેનુ દર્શન થતુ નથી જે કોઈ મહાભાગ્ય, સિદ્ધ થયા છે, થાય છે અને થશે તે આ પવિત્ર દર્શન પામીને

સદ્ગુરુની આજ્ઞામા, બોધમાં, સ્મરણમાં, ચિંતવનમાં મનને જોડેલુ રાખતા અભ્યાસ બળ વધે છે અને ક્રમ કરી તે આજ્ઞાના વિચારમાં જ એકતાન થતાં આત્મસ્થિરતા પામે છે મુમુક્ષુઓ સદ્ગુરુના આશ્રયે એ જ મનોજયના ક્રમને આરાધી મનને આત્મસ્વરૂપમા લીન કરી કૃતાર્થ થાય છે ૧૯

निश्चलोऽङ्गी यदा शुद्धचिद्रूपोऽहमिति स्मृतौ ।
तदैव भावमुक्तिः स्यात्क्रमेण द्रव्यमुक्तिभाग् ॥ २० ॥

'નિર્મળ ચિદ્રૂપ હું' જન એમ જ્યા સ્મરણે નિશ્ચલ થાય;
ભાવમુક્તિ તો ત્યા જ ક્રમે પછી દ્રવ્યે મુક્તિ વરાય નિર્મળ૦ ૨૦

'નિર્મળ ચિદ્રૂપ છું' 'શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું' એમ શુદ્ધ આત્માના સ્મરણમા જ્યારે જીવ નિશ્ચળ સ્થિર થાય ત્યારે ભાવમુક્તિ તો ત્યા જ તે સ્મરણમા તલ્લીન થતા જ

[illegible]

[illegible]

[illegible] ૧

જ્યાં સુધી [illegible] શુદ્ધ ચિદ્રૂપમાં [illegible] ત્યાં
સુધી વ્યવહારાવલંબન [illegible] નહિ [illegible]
શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં પરિણતી ન થાય, ત્યાં સુધી [illegible]
બંને નય મોક્ષમાર્ગી છે યથાર્થ આત્મા [illegible]
એક જ નયથી આત્મહિત સધાતું નથી પરંતુ જ્યારે [illegible] શુદ્ધ
આત્મતત્ત્વનું જ્ઞાન થાય છે, તેમાં આત્માની [illegible] થાય છે,
ત્યારે વ્યવહારનયનું અવલંબન જરૂરી રહેતું નથી સદ્ગુરુ, સત્સંગ,
સત્શાસ્ત્ર, સદ્બોધ, સત્સમાગમ આદિ સાધનો એ શુદ્ધ આત્મતત્ત્વની
ઓળખાણ થવામાં, અનુભવ થવામાં, યથાર્થ આત્મલય થવામાં
કારણો છે. તેથી શુદ્ધાત્મલય, શુદ્ધ આત્મઅનુભવ થયા વિના એ
સદ્વ્યવહારાશ્રિત સાધનો છોડવા યોગ્ય નથી છોડી દે તો તે મહા
અજ્ઞાન જ છે. આત્મજ્ઞાનની અભિલાષાવાળા સત્ સાધકો કાર્ય થયા

શુદ્ધચિદ્રૂપે=શુદ્ધ ચિદ્રૂપમાં, યાવદ્=જ્યાં સુધી, અહં લય ન યામિ=
હું દૃઢ લય ન પામું, તાવત્=ત્યાં સુધી, વ્યવહારાવલંબન=વ્યવહારનો
આશ્રય, ક્ષણ ન મુંચામિ=ક્ષણ છોડું નહિ ૧

अशुद्धं किल चिद्रूपं लोके सर्वत्र दृश्यते ।
व्यवहारनयं श्रित्वा शुद्धं बोधदृशा क्वचित् ॥ २ ॥

અસહજ ચિદ્રૂપ લોકવિષે બધે, વ્યવહારે તો જણાય;
નિશ્ચયનયરૂપ જ્ઞાન દૃષ્ટિ થકી, શુદ્ધ ક્વચિત્ દેખાય. નિર્મળ૦ ૨

આ સંસારમા વ્યવહાર નયના અવલંબનથી આ ચિદ્રૂપ સર્વત્ર અશુદ્ધ દેખાય છે પરંતુ નિશ્ચય નયથી, શુદ્ધ નયથી જોતાં સર્વ ચિદ્રૂપ હમેશાં શુદ્ધ છે છતાં તે શુદ્ધ દૃષ્ટિથી જોનાર વિરલા જ છે

જ્ઞાની ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલ પરમાર્થને પ્રેરક અદ્‌ભુત વ્યવહાર નયને નિરંતર સેવી, સતબોધ દૃષ્ટિવડે બોધદશા આરાધી, પામી, બોધસ્વરૂપ થયેલ શુદ્ધ ચિદ્રૂપ કોઈક જ વખતે કોઈ વિરલ જ દેખાય છે. અપૂર્વ એવા જ્ઞાનીપુરુષ અને તેના અપૂર્વ બોધ વચનરૂપ સદ્વ્યવહારરૂપ અવલંબનને અપૂર્વ દૃષ્ટિએ સેવતા જ્ઞાનીપુરુષના અપૂર્વ નિરાલંબ એવા જ્ઞાનસ્વરૂપ આત્માનો નિશ્ચય આવે છે, ત્યારે જ્ઞાનીના જેવો જ પોતાનો આત્મા છે એવો લક્ષ, ઓળખાણ, અનુભવ, નિર્ધાર થવો સુગમ બને છે

જે શુદ્ધનયનું અવલંબન કરે છે, જે શુદ્ધ દૃષ્ટિથી જુવે છે, તે ચિદ્રૂપ યથાર્થ શુદ્ધ સ્વરૂપને જુવે છે જે શુદ્ધ ચિદ્રૂપને જોવાની નિશ્ચય દૃષ્ટિ સાધ્ય કરે છે તે સ્વયં શુદ્ધ ચિદ્રૂપ બને છે નિશ્ચય દૃષ્ટિ એ તત્ત્વદૃષ્ટિ છે તેના આશ્રયથી જ તત્ત્વનું યથાર્થ દર્શન થાય છે. ૨

व्यवहारनयं श्रित्वा=વ્યવહારનયે જોતા, વ્યવહારનો આશ્રય કરીને, लोके सर्वत्र किल=લોકમાં સર્વત્ર ખરેખર, अशुद्धचिद्रूपं=અશુદ્ધ ચિદ્રૂપ દેખાય છે बोधदृशा=નિશ્ચય દૃષ્ટિથી, જ્ઞાન દૃષ્ટિથી, शुद्धं=શુદ્ધ ચિદ્રૂપ क्वचित्=ક્યાંક ક્યારેક જવલ્લે જ (કોઈ વિરલા જ જ્ઞાનદૃષ્ટિવાળા છે તેમને ક્યારેક અનુભવ કાળે શુદ્ધ ચિદ્રૂપ જણાય છે) ૨

संपर्कात् कर्मणोऽशुद्धं मलस्य वसनं यथा ।
व्यवहारेण चिद्रूपं शुद्धं तन्निश्चयाश्रयात् ॥९॥

મલ સંબંધે રે વસ્ત્ર મલીન હોએ, તેમ વ્યવહારે અશુદ્ધ;
કર્મ સંબંધે રે ચિદ્રૂપ જાણીએ, નિશ્ચય દૃષ્ટિથી શુદ્ધ. નિર્મળ૦ ૯

વ્યવહાર નય (અશુદ્ધ દૃષ્ટિ) = પરના આધારે સ્વની ઓળખાણ. નિશ્ચય નય (શુદ્ધ દૃષ્ટિ) = સ્વભાવના આધારે સ્વની ઓળખાણ - મેલના સંબંધથી વસ્ત્ર મલિન છે "વસ્ત્રની મલિનતા" "મેલું વસ્ત્ર" એમ જે કહેવું માનવું તે વ્યવહારથી છે, કારણ એમ કહેવામાં જ વસ્ત્ર અને મલિનતાની ભિન્નતા જણાઈ આવી, અર્થાત્ વસ્ત્રનો સ્વભાવ જુદો છે અને મલિનતાનો સ્વભાવ જુદો છે વસ્ત્ર સાથેની મલિનતા જુદી કરવી હોય ત્યારે તે જુદા કરવાનો વિધિ પ્રયોગ જે જાણે છે તેના આશ્રયે તે વિધિ પ્રયોગ જાણી જેમ જેમ તે વિધિ પ્રયોગની ભાવના કરવામાં આવે તેમ તેમ વસ્ત્રના સ્વભાવ પ્રત્યે (નિશ્ચય પ્રત્યે) અધિક અધિક નજીક જઈ તેમાં પ્રવેશ થવાય, તે રૂપે થવાય આ+શ્રયતિ=to approach near and near, to enter and then to assume itself તેમાં આશ્રય સ્થિતિ થાય (તત્ નિશ્ચયેન તત્ આશ્રયાત્)

તે દૃષ્ટાંતે કર્મ—જડ—ના સંપર્ક સંયોગે કરીને જ્ઞાન (આત્મા) અશુદ્ધ છે આત્માની અશુદ્ધિ, ' આત્મા અશુદ્ધ " એમ જે કહેવું માનવું તે વ્યવ-

---

मलस्य संपर्कात् यथा वसनं अशुद्धं व्यवहारेण=જેમ વ્યવહાર નયથી મલના સંબંધથી વસ્ત્રને મલિન (કહેવાય છે), निश्चयाश्रयात् तत् शुद्धं= નિશ્ચય દૃષ્ટિના આશ્રયથી તે શુદ્ધ થાય છે, तथा=તેમ कर्मणः संपर्कात्= કર્મના સંબંધથી, चिद्रूपं=આત્માને, व्यवहारेण=વ્યવહારથી अशुद्धं=અશુદ્ધ કહેવાય છે, निश्चयाश्रयात् तत् शुद्धं=નિશ્ચય નયના આશ્રયથી તે શુદ્ધ થાય છે. ૯

મોક્ષ માટે અનેક સાધનો કર્યા છે હવે તે ભૂલ અહીં ન થાય તે માટે આત્માર્થીઓ બન્ને દષ્ટિને જ્યાં જેમ યોગ્ય છે ત્યાં તેમ જ્ઞાનીનાં વચન અનુસાર ગ્રહણ કરીને તત્ત્વપ્રાપ્તિ કરે છે કોઈ એક દષ્ટિનો એકાંત આગ્રહ કરી આત્મહિતને હણાવા દેતા નથી ૯

अशुद्ध कथ्यते स्वर्णमन्यद्रव्येण मिश्रितं ।
व्यवहारं समाश्रित्य शुद्धं निश्चयतो यथा ॥ १० ॥

युक्तं तथाऽन्यद्रव्येणाशुद्धं चिद्रूपमुच्यते ।
व्यवहारनयात् शुद्धं निश्चयात् पुनरेव तत् ॥ ११ ॥

અન્ય દ્રવ્યથી રે યુક્ત સુવર્ણ તે જ્યમ વ્યવહારે અશુદ્ધ;
નિશ્ચય દષ્ટિથી અન્ય જણાય ના માત્ર કનક તો શુદ્ધ. નિર્મળ૦૧૦

અન્ય દ્રવ્યયુત તેમ અશુદ્ધ તે, વ્યવહારે ચિદ્રૂપ;
તેજ ચિદાત્મા નિશ્ચય દષ્ટિથી ભાસે શુદ્ધ સ્વરૂપ. નિર્મળ૦૧૧

અન્ય દ્રવ્ય–માટી મિશ્રિત સુવર્ણને "અશુદ્ધ સુવર્ણ" કહેવુ તે વ્યવહાર દષ્ટિથી છે સુવર્ણકાર તે સુવર્ણ–માટીને બે પદાર્થના મિશ્રણ રૂપે ઓળખે છે અને બીજાને ઓળખાવી શકે છે તેની શુદ્ધ દષ્ટિએ તે જ સુવર્ણ–માટીમા શુદ્ધ સુવર્ણને ઓળખવુ તે નિશ્ચય દષ્ટિ છે

यथा=જેમ, अन्य द्रव्येण मिश्रित स्वर्णं=અન્ય દ્રવ્યથી મિશ્ર કરાયેલું સુવર્ણ, व्यवहार समाश्रित्य=વ્યવહારનો આશ્રય કરીને, अशुद्ध कथ्यते= અશુદ્ધ કહેવાય છે, निश्चयत शुद्ध=નિશ્ચયથી શુદ્ધ કહેવાય છે ૧૦

तथा= अन्यद्रव्येणयुक्त चिद्रूप=અન્ય દ્રવ્યથી યુક્ત ચિદ્રૂપ, व्यवहारनयात्=વ્યવહાર નયથી, अशुद्ध=અશુદ્ધ, उच्यते=કહેવાય છે, निश्चयात्=નિશ્ચયથી, तत्एव=તે જ, पुनरेव=ઉલટી જતા, on the contrary, દિશા ફરતા, शुद्ध उच्यते=શુદ્ધ કહેવાય છે. ૧૧

आरुह्य शुद्धचिद्रूपध्यानपर्वतमुत्तमं ।
तिष्ठेद् यावत्त्यजेत्तावद् व्यवहारावलंबनं ॥ १४ ॥

નિર્મળ ચિદ્રૂપના સદ્ધ્યાનરૂપ, ગિરિ પર ગઢતાં સુગત,
સમ્યગ્દષ્ટિ રે સદ્વ્યવહારને, અવલંબે મતિમંત નિર્મળ૦૧૩

નિર્મળ ચિદ્રૂપ ધ્યાનગિરિ વરે, ચઢીને દઢ સ્થિર થાય;
ત્યારે આલંબન વ્યવહારનું, સર્વ પ્રકારે મુકાય. નિર્મળ૦૧૪

પ્રજ્ઞાવંત તત્ત્વદર્શી જ્ઞાની પુરુષ શુદ્ધ આત્મસ્વરૂપ પર્વત ઉપર જ્યારે ચઢવા માંડે છે ત્યારે વ્યવહારનું અવલંબન લઈને ચઢે છે પરંતુ જ્યારે શુદ્ધ આત્માના ધ્યાનરૂપ અતિ ઉત્તમ પર્વત ઉપર ચઢીને ત્યાં નિશ્ચલરૂપે સ્થિર થાય છે, ધ્યાનમાં તલ્લીનતા એકાગ્રતા પ્રાપ્ત કરી અચળપણે વિરાજમાન થાય છે ત્યારે વ્યવહારનું અવલંબન મૂકી દે છે. ૧૩-૧૪

शुद्धचिद्रूपसद्ध्यानपर्वतादवरोहणं ।
यदान्यकृतये कुर्यात्तदा तस्यावलंबनं ॥ १५ ॥

નિર્મળ ચિદ્રૂપ ધ્યાન ગિરિ થકી ઉતરે જો કોઈ કાળ;
કાર્ય પ્રસંગે રે તો વ્યવહાર સદ્ અવલંબે તત્કાળ નિર્મળ૦૧૫

यावत्=જ્યાં સુધી, उत्तमं=ઉત્તમ, शुद्धचिद्रूपसद्ध्यानपर्वत आरुह्य तिष्ठेत्=શુદ્ધ આત્મ સ્વરૂપના ધ્યાન રૂપ પર્વત ઉપર ચઢીને સ્થિર થાય, तावत्=તે વેળા, ત્યારે, व्यवहारावलंबनं त्यजेद्=વ્યવહારનો આશ્રય તજી દે ૧૪

यदा=જ્યારે, अन्यकृतये=અન્ય કાર્યને માટે, शुद्धचिद्रूपसद्ध्यानपर्वतादवरोहणं=શુદ્ધ ચિદ્રૂપના ઉત્તમ ધ્યાનરૂપ પર્વતથી ઉતરવાનું (સ્યાત્) થાય, तदा तस्य=ત્યારે તે (વ્યવહાર)નું अवलंबन कुर्याद्=અવલંબન કરે ૧૫

जिनागमे प्रतीतिः स्यात् जिनस्याचरणेऽपि च ।
निश्चयं व्यवहारं तत् भज तत् यथाविधि ॥१८॥

નિશ્ચય ને વ્યવહાર નય મનમોહન મેરે,
યથાવિધિ ભજ તત રે. મ૦ મો૦
જિનવચને જિનચરણમાં મનમોહન મેરે,
પ્રતીતિ જેમ અભંગ રે. મ૦ મો૦ ૧૮

જન્મમરણાદિ ભયંકર ભવ પરિભ્રમણ કરાવનાર રાગદ્વેષ અજ્ઞાન આદિ સર્વ વિભાવરૂપ કર્મશત્રુને જેણે જીત્યા તે જિન તે રાગદ્વેષનો

(तत्)=ઉપરોક્ત, निश्चय व्यवहार नय=નિશ્ચય અને વ્યવહાર નયને, यथाविधि=વિધિ પ્રમાણે, યથાયોગ્ય, भज=ગ્રહણ કર तत्=તો, કે જેથી, जिनागमे=જિન પ્રણીત આત્મજ્ઞાનમાં, જિનવચનમાં, જિન શાસ્ત્રમાં, जिनस्य आचरणे अपि च=અને સ્વરૂપ રમણતા રૂપ કેવળ જ્ઞાનમાં, જિનના આચરણમાં, ચારિત્રમાં પણ, प्रतीति स्यात्=શ્રદ્ધા ઓળખાણ, અનુભવ થાય ૧૮

તો તે પામ્યે મોહવશે જન હર્ષિત નરભવ સફળ ગણે,
આત્મા દેહ જુદા એ દુર્લભ જ્ઞાનથી ધન્ય ગણુ હુ મને. ૬

જગતમા પ્રાયે ઘણા જીવો યશપ્રાપ્તિ, ઇન્દ્રિય સુખ, અનુકૂળ સ્ત્રી, ધન, પુત્ર, સેવક, અધિકાર, ઉત્તમ વાહન, બલ, મિત્ર, પંડિતતા, સુદર રૂપ, આદિ સંસારિક પદાર્થોની પ્રાપ્તિ થતાં મોહને વશ હોવાથી આનંદમગ્ન થઈ જઈ તે પ્રાપ્તિમાં જ કૃતકૃત્યતા માને છે. મનુષ્ય ભવની તેથી જાણે સફળતા થઈ ગઈ એમ ગણે છે મોહનુ એ જ મહાત્મ્ય છે, કે જે પદાર્થો પર છે, નાશવંત છે, પ્રાપ્તિમા હર્ષ ને વિયોગમાં ક્લેશ કરાવનાર છે, અતૃપ્તિકારક છે, અને અંતરદાહથી નિરંતર બાળનારા છે, પરાધીન છે, તથા પૂર્વમા અનતવાર મળેલા હોવાથી તેમાંનો કોઈ અપૂર્વ નથી, પરતુ ભોગવીને છોડેલા હોવાથી એંઠવત્ તુચ્છ અને દુઃખના રૂપાંતર છે, તેને જ મોહવશ પ્રાણી પોતાના માને છે, અપૂર્વવત્ અને પરમ સુખકર માની તેમા જ કૃતાર્થતા માને છે, આ ભયંકર ભૂલ જ્ઞાની ગુરુના પ્રતાપે હવે હુ ન જ કરુ ભેદજ્ઞાનને હું સર્વસ્વ માનું છુ. એવા નિશ્ચયપૂર્વક મુમુક્ષુજન તો પરમ સુખના ધામરૂપ નિજ નિર્મળ શુદ્ધ આત્મસ્વરૂપને દેહ આદિ સર્વ પર પદાર્થથી ભિન્ન જાણી, પરને તજી સ્વાત્મામા સંપૂર્ણ શમાવારૂપ પરમ કૃતકૃત્યતાનુ અનન્ય કારણ જે દુર્લભ ભેદજ્ઞાન તેને પામી પોતાને પરમ ધન્યરૂપ કૃતાર્થરૂપ માને છે ૬

" ભેદ વિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, સિતલ ચિત્ત ભયો જિમ ચદન,
કેલિ કરે સિવ મારગમે, જગમાંહિ જિનેસરકે લઘુનંદન;
સત્ય સ્વરૂપ સદા જિનકે, પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકદન,
સાંત દસા તિનકી પહિચાની, કરૈ કર જોરિ બનારસી વંદન "

—શ્રી બનારસીદાસ

क्षयं नयति भेदज्ञश्चिद्रूपप्रतिघातकं ।
क्षणेन कर्मणां राशि तृणानां पावको यथा ॥ १२ ॥

સ્વકીય શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ, તપ કે શ્રુત અભ્યાસી જનો,
કોઈ ક્યારે પણ કદી ન લહે વિણ ભેદજ્ઞાન, શ્રમ વ્યર્થ ગણો.
તૃણરાશિને અગ્નિ દહે તેમ ભેદજ્ઞાની ક્ષણમાં કરતા,
ચિદ્રૂપઘાતક કર્મસમૂહનો નાશ, સ્વરૂપ મુક્તિ વરતા ॥૧૨

અનેક પ્રકારના તપ અને શાસ્ત્રાભ્યાસમાં રત એવા યોગીઓ જનો [illegible] પણ ભેદજ્ઞાન વિના પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ [illegible] કોઈ પણ [illegible] નથી.

भेदविज्ञानतः सिद्धा सिद्धा ये किल केचन ।
[illegible] बद्धा बद्धा ये किल केचन ॥

" [illegible], તો ભેદજ્ઞાન [illegible],
[illegible], તો ભેદજ્ઞાન [illegible] ।"

[illegible]

ભેદજ્ઞાનરૂપ ગંગ અમૃતથી, યોગી અને આત્માનૂ,
સિદ્ધિક્ષેત્રે રે તેમ શરીરમાં, ભિન્ન પણ કર્મો રહિત ભેદવિજ્ઞાને રે ૧૮

અનાદિ સંસાર પરિભ્રમણમાં કદિ પણ પ્રાપ્ત નહિ થયેલ એવા અપૂર્વ ભેદવિજ્ઞાનરૂપ દિવ્ય નેત્રથી આત્મજ્ઞાની મહાપુરુષ સર્વ કર્મથી રહિત એવું પોતાનું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ સિદ્ધસ્થાનમાં તેમજ શરીરમાં એક સરખું સાક્ષાત અવલોકન, નિરીક્ષણ કરે છે ૧૮

मिलितानेकवस्तूना स्वरूपं हि पृथक् पृथक् ।
स्पर्शादिभिर्विदग्धेन निःशंकं ज्ञायते यथा ॥ १९ ॥

तथैव मिलिताना हि शुद्धचिद्देहकर्मणा ।
अनुभूत्या कथं सद्भिः स्वरूपं न पृथक् पृथक् ॥२०॥ युग्मं

ભેગી મળેલી રે વસ્તુ ઘણી છતાં, ભિન્નરૂપે ઓળખાય,
પ્રવીણ પુરુષને રે સ્પર્શાદિકથી, જેમ તે જુદી કહાય,
ભેદવિજ્ઞાને રે૦ ૧૯

તેમ મળેલાં રે કર્મ, શરીર ને નિર્મળ ચિદ્રૂપ છતાય,
અનુભવથી કેમ ભિન્ન વિભિન્ન તે, સંતોને ન જણાય?
ભેદવિજ્ઞાને રે૦ ૨૦ (યુગ્મ)

यथा=જેવી રીતે, विदग्धेन=ચતુર પુરુષ વડે, मिलितानेकवस्तूना स्वरूप=ભેગી મળેલી અનેક વસ્તુઓનુ સ્વરૂપ, स्पर्शादिभि=સ્પર્શ, વર્ણ, રસ, ગંધ આદિ વડે, पृथक् पृथक्=જુદુ જુદુ, हि निःशकं=નિશ્ચયે ज्ञायते=જણાય છે, ઓળખાય છે, तथा एव=તેવી જ રીતે, मिलिताना=ભેગા મળેલા: शुद्धचिद्देहकर्मणां=શુદ્ધ આત્મા અને દેહ, કર્મ આદિનુ, स्वरूप=સ્વરૂપ, सद्भि=સત્પુરુષો વડે, अनुभूत्या=અનુભવ વડે, पृथक् पृथक्=ભિન્ન ભિન્ન, कथं न=કેમ ન જણાય? ૧૯–૨૦

અધ્યાય ૯ મો

શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનને માટે મોહત્યાગની આવશ્યકતા

अन्यदीया मदीयाश्च पदार्थाश्चेतनेतराः ।
एतेऽदश्चिंतनं मोहो यतः किंचिन्न कस्यचित् ॥ १ ॥

સદ્‌ગુરુ શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે—એ દેશી

જડ ચેતનરૂપ સર્વ પદાર્થો, એ મારા કે અન્યતણા;
એવું ચિંતન મોહમાત્ર છે, જહાં કોઈનું કિંચિત્ ના. ૧

નિજ નિર્મળ ચિદ્રૂપ સિવાય સંસારમાં સર્વ જડ ચેતન પદાર્થોમાંના કોઈપણ પદાર્થ અલ્પ પણ પોતાના નથી. કદીપણ પોતાના થયા નથી, થવાના નથી, તેવી જ રીતે અન્યના પણ નથી છતાં આત્મા ચિંતવે છે કે આ મારા છે. આ બીજાના છે. આ અનાદિની ભૂલ તે મોહ છે. ૧

दत्तो मानोऽपमानो मे जल्पिता कीर्तिरुज्ज्वला ।
अनुज्ज्वलापकीर्तिर्वा मोहस्तेनेति चिंतनं ॥ २ ॥

एते=આ, चेतनेतराः पदार्थाः=ચેતન તથા જડ પદાર્થો, मदीयाः=મારા, अन्यदीयाः च=તથા અન્યના (છે), अदः चिंतनं=આ ચિંતવન તે, मोहो=મોહ છે, यत=કારણ કે, किंचिन्=કંઈપણ कस्यचित् न=કોઈનુય નથી ૧

तेन=તેનાથી, मे=મને, मानः अपमानः वा दत्तः=માન કે અપમાન મળ્યુ, मे उज्ज्वला कीर्तिः अनुज्ज्वला अपकीर्तिः वा जल्पिता=મારો ઉજ્જ્વળ યશ અથવા અનુજ્જ્વળ મલીન અપયશ બોલાયો, इति=એમ, चिंतनं=ચિંતવન થાય છે, તે, मोहो=મોહ છે ૨

સહાય લઉ ? કોની પાસે જાઉં ? કોનુ શરણુ લઉ ? શુ કરું ? ઇત્યાદિ આવી સર્વ ચિંતવના તે મોહ છે.

चेतनाचेतने रागो द्वेषो मिथ्यामतिर्मम ।
मोहरूपमिदं सर्वं चिद्रूपोऽहं हि केवलः ॥ ४ ॥

જડ ચેતનરૂપ સર્વ અન્યમાં રાગદ્વેષ મિથ્યામતિ તે,
એ સૌ મોહરૂપ હું કેવલ ચિદ્રૂપ તેથી સ્મરું અતિ તે. ૪

સંસારમાં મુખ્ય એવા ચેતન અને અચેતન એમ બે પ્રકારના પદાર્થો છે તેમા ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિથી, ઇષ્ટમા રાગ અને અનિષ્ટમા દ્વેષ થાય છે આ મારી બુદ્ધિ ભૂલભરેલી છે. તે ભ્રમરૂપ બુદ્ધિને જ મિથ્યાત્વ કે મોહ કહેવાય છે. સદ્બુદ્ધિ થતા યથાર્થ મારું સ્વરૂપ કેવુ છે તે સમજાય છે. હુ તો કેવલ ચૈતન્ય સ્વરૂપ આત્મા છું. અન્ય હું નથી. અન્ય મારું નથી તો અન્યમા રાગદ્વેષનું મારે શું પ્રયોજન છે ? ૪

देहोऽहं मे स वा कर्मोदयोऽहं वाप्यसौ मम ।
कलत्रादिरहं वा मे मोहोऽदश्चिन्तनं किल ॥ ५ ॥

चेतनाचेतने=ચેતનઅચેતન પદાર્થોમા, राग· द्वेष=રાગ, દ્વેષ. मम मिथ्यामति=મારી મિથ્યા મતિ છે, इदं सर्वं मोहरूप=એ સર્વ મોહનુ સ્વરૂપ છે, अहं हि केवल चिद्रूप=હુ કેવળ ચિદ્રૂપ જ છું ૪

अहंदेहो=હુ દેહ છુ, वा स मे=અથવા તે મારો છે; अहं कर्मोदय=કર્મનો ઉદય હુ છુ, वा असौ अपि मम=અથવા તે પણ મારો છે, कलत्रादि अहं वा मे=સ્ત્રી આદિ હુ છુ અથવા મારાં છે, अदः चिन्तन=આ (આવું) ચિંતન, मोह किल=ખરેખર મોહ છે ૫

तस्याः किं मम वर्णनेन सततं किं निंदनेनैव च
चिद्रूपस्य शरीरकर्मजनिताऽन्यस्याप्यहो तत्त्वतः ॥ ८ ॥

અશુભ કર્મકૃત સાત ધાતુમગ મલભાજન દુર્ગંધ ભર્યું
આ તન, તેનું વર્ણન સૌએ સ્વાર્થકાજ સ્વેચ્છિત કર્યું;
તે વર્ણન સ્તુતિ કે નિન્દાનું, કાંઈ પ્રયોજન શું મારે?
શરીર કર્મકૃત સર્વ વિકારો, જડ, મુજ ચિદ્રૂપ ભિન્ન ખરે. ૮

આ શરીર દુર્ગંધમય છે વિષ્ટા મૂત્ર આદિ મલનુ સ્થાન છે અશુભકર્મવશે મજ્જા માંસ રક્ત વીર્ય, આદિ અશુચિમય સાત ધાતુઓનુ બનેલુ છે સર્વ મનુષ્યોએ તેનુ નામ, વર્ણન પ્રશસા આદિ માત્ર સ્વસતોષને અર્થે પોતપોતાની કલ્પનાએ કરેલ છે પરંતુ મારે વખતોવખત એની પ્રશંસા કે નિંદાનુ શુ કામ છે? કારણ કે હુ તો તત્ત્વથી નિશ્ચયનયથી જોતા, તે જડ એવા શરીર કર્મ અને તેથી થતા વિકારોથી રહિત આશ્ચર્યકારક એવો શુદ્ધ ચિદ્રૂપ સહજ આત્મસ્વરૂપ છુ ૮

अग=શરીર, दुर्गन्ध=દુર્ગંધવાળુ, मलभाजन=મલનુ સ્થાન; धातुभि कुविधिना=સાત ધાતુઓ વડે દુર્દૈવે (અશુભ કર્મે), निष्पादित=રચેલુ (છે) अखिलै जनै=સર્વ જનો વડે, तस्य आख्या=તેનુ નામ વર્ણન, પ્રશંસા, निजार्थम्=પોતપોતાના સતોષ માટે, स्वेच्छया=પોતપોતાના સ્વચ્છદે-કલ્પનાએ ઇચ્છા પ્રમાણે, धृता=કરાઈ છે अपि अहो=પણ અહો! तत्त्वत=તત્ત્વદષ્ટિથી, નિશ્ચયનયથી, शरीरकर्मजनिताऽन्यस्य=શરીર કર્મ અને તેનાથી થતા સર્વ વિકારોથી ભિન્ન, मम चिद्रूपस्य=ચિદ્રૂપ એવા મને, तस्या=તે નામનુ, પ્રશસાનુ, सतत=સતત, वर्णनेन निंदनेनैव च किं=વર્ણનથી અને નિંદાથી શુ પ્રયોજન છે? ૮

ગ્રંથકર્તા કહે છે કે આત્મકલ્યાણની ઇચ્છા જેને નથી એવા મોહવશ પ્રાણીઓ જો લૌકિક પ્રવૃત્તિમા જ વૃથા કાળ વ્યતીત કરી નાખતા હોય તો ભલે તેમ કરે, તેમને તેમ કરવામાં કોઈ રોકે તેમ નથી, પરતુ આત્મશ્રેય શોધક સત જિજ્ઞાસુ જનોએ તો હવે લૌકિક કાર્યોમા જ ખોટી થઈ રહીને અપૂર્વ આત્મહિત પ્રાપ્ત કરવામા પ્રમાદ કર્તવ્ય નથી

"પ્રમાદના અવકાશયોગે જ્ઞાનીને પણ અશે વ્યામોહ થવાનો સભવ જે સંસારથી કહ્યો છે, તે સસારમા સાધારણ જીવે રહીને તેનો વ્યવસાય લૌકિક ભાવે કરીને આત્મહિત ઇચ્છવુ એ નહિ બનવા જેવુ જ કાર્ય છે કેમકે લૌકિક ભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યા નથી આવતી ત્યાં હિત વિચારણા બીજી રીતે થવી સભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનુ પરિણામ થવું સભવે છે અહિતહેતુ એવો સંસાર સબધી પ્રસગ, લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સભાળ જેમ બને તેમ જતી કરીને તેને સક્ષેપીને આત્મહિતને અવકાશ આપવો ઘટે છે"

— શ્રીમદ્ રાજચદ્ર

"વધારે શું લખીએ ? જેટલી પોતાની શક્તિ હોય, તે સર્વ શક્તિથી એક લક્ષ રાખીને, લૌકિક અભિનિવેશને સક્ષેપ કરીને, કઈ પણ અપૂર્વ નિરાવરણપણુ દેખાતુ નથી માટે સમજ્યાનુ માત્ર અભિમાન છે એમ જીવને સમજાવીને, જે પ્રકારે જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રને વિષે સતત જાગ્રત થાય તેજ કરવામા વૃત્તિ જોડવી, અને રાત્રિ દિવસ તે જ ચિંતામા પ્રવર્તવુ એ જ વિચારવાન જીવનુ કર્તવ્ય છે, અને તેને માટે સત્સગ, સત્શાસ્ત્ર અને સરળતાદિ નિજ ગુણો ઉપકારભૂત છે, એમ વિચારીને તેનો આશ્રય કરવો યોગ્ય છે જ્યા સુધી લૌકિક અભિનિવેશ, એટલે દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા, દૈહિક માન, કુળ જાતિ આદિ સબધી મોહ કે વિશેષત્વ માનવુ હોય, તે વાત ન છોડવી હોય, પોતાની બુદ્ધિએ-સ્વેચ્છાએ,-અમુક ગચ્છાદિનો આગ્રહ

ઉપર મુનિને જોતાં જ એમ મદ ઉતરી ગયો તેથી મુનિ પાસે આવી નમ્ર પ્રદક્ષિણા દઈ મુનિને નમસ્કાર કરી નમ્ર થઈ ગયો

ત્યાર પછી મુનિના આવા પ્રભાવને જાણી શ્રેણિક રાજાએ પરિજન સહિત મુનિને ભક્તિભાવે વંદન કરી પૂછ્યું કે હે ભગવન્! આશ્ચર્ય છે કે એ હાથી બંધનને તોડી શાન્ત થયો

ત્યારે મુનિએ કહ્યું કે હે રાજન્! હાથીએ એ બંધન તોડ્યા તેમા કંઈ આશ્ચર્ય નથી સ્નેહના ગહન બંધનો તોડવા અતિઅતિ દુષ્કર છે સ્નેહતંતુથી હું બાર વર્ષથી બંધાયો હતો તે બંધન મે તોડ્યા તેના હિસાબે હાથીના એ બાહ્ય બંધન તે બંધન નહોતા

આમ ઉત્તમ પ્રસંગ નિર્મોહી નરના દર્શન પણ સામાને મુક્તિ પ્રેરક બને છે ૧૧

श्रद्धानां पुस्तकानां जिनभवनमठान्तेनिवास्यादिकानां
कीर्त्तिरक्षार्थकानां भुवि झटिति जनो रक्षणे व्यग्रचित्त' ।
यस्तस्य क्वात्मचिंता क्व च विशदमतिः शुद्धचिद्रूपकाप्तिः
क्व स्यात्सौख्यं निजोत्थं क्व च मनसि विचिंत्येति कुर्वंतु यत्नं ॥१२॥

भुवि=જગતમા, श्रद्धाना=શ્રાવક, સ્વામીવત્સલ, સંઘ સમુદાયના, पुस्तकाना=પુસ્તકોના, जिनभवनमठान्तेनिवास्यादिकाना=જિન મંદિર, મઠ, અંતેવાસી શિષ્ય આદિના, कीर्ते रक्षकार्थाना=કીર્તિની રક્ષાના હેતુના, रक्षणे=રક્ષણ કરવામા, य' जनः=જે લોક, મનુષ્યો, झटिति=શીઘ્ર, व्यग्रचित्त =વ્યાકુલિત મનવાળા હોય છે, तस्य=તેને, आत्मचिंता क्व=આત્મચિંતન, આત્મ વિચાર શોધન ક્યાથી? क्व च विशदमति =અને નિર્મળ મતિ ક્યાથી હોય? शुद्धचिद्रूपकाप्ति क्व स्यात्=શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાથી થાય? क्व च निजोत्थं सौख्यं=અને આત્માથી ઉત્પન્ન થતું (આત્મિક) સુખ પણ ક્યાથી હોય? इति मनसि विचिन्त्य=એમ મનમા વિશેષ વિચારીને, यत्न कुर्वन्तु=યત્ન, પુરુષાર્થ કરો ૧૨

વસંતતિલકા ૭૬ :–

રે મોહ ને સકલ મોહજનિત કામો !
સાથે સમસ્ત તજી સંગ હવે વિરામો;
ચિદ્રૂપ નિર્મલ તણું શુચિ ધ્યાન ધારો,
સૌ અન્ય સંગતિ તજી નિજ કાર્ય સારો. ૨૨

શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિના અભિલાષી એવા હે મુમુક્ષુ ભવ્યો, પરમાં અહં મમત્વરૂપ મોહ, તેથી ઉત્પન્ન થતાં સર્વ કાર્ય અને સગપ્રસગને નમે તજી દો. પર દ્રવ્ય અને પરભાવરૂપ સર્વ બાહ્ય અને અભ્યંતર સગને તજીને એક નિજ નિર્મલ ચિદ્રૂપનું પરમ વિશુદ્ધિપ્રદ ઉત્તમ ધ્યાન કરો તેના કારણરૂપ સ્મરણ, ચિંતવન, ભાવનામાં જ અહર્નિશ નિરંતર તત્પર રહો, અને અસત્સગનો ત્યાગ કરો ૨૨

“ અહંભાવથી રહિત નહીં સ્વધર્મ સંચય નાંહિ,
નથી નિવૃત્તિ નિર્મળપણે અન્ય ધર્મની કાંઈ ”

—શ્રીમદ્ રાજચંદ્ર

આ પ્રમાણે મોક્ષાભિલાષી ભટ્ટારક શ્રીજ્ઞાનભૂષણ વિરચિત તત્ત્વજ્ઞાન તરંગિણીના શુદ્ધ ચિદ્રૂપના ધ્યાન માટે મોહત્યાગની આવશ્યકતાનું વર્ણન કરનાર નવમો અધ્યાય સમાપ્ત થયો.

चिंतनं निरहंकारो भेदविज्ञानिनामिति ।
स एव शुद्धचिद्रूपलब्धये कारणं परं ॥ ६ ॥ युग्मं ॥

શરીર નહીં હું કર્મ નહીં હું ના હું દ્વિજ અદ્વિજ મનુષ્ય,
સ્થૂળ કૃશ પણ હું નહિ કિંતુ ચિદ્રૂપ લક્ષણ હું પ્રત્યક્ષ,
ચિંતન નિરહંકાર ગણ્યુ એ ભેદજ્ઞાનીનું ભૂષણ જાણ,
તે જ શુદ્ધ ચિદ્રૂપ લબ્ધિનું કારણ શ્રેષ્ઠ લહો વિદ્વાન ૫-૬

દેહ તે હું નહિ, કર્મ તે હું નહિ, હું મનુષ્ય નથી બ્રાહ્મણ નથી, અબ્રાહ્મણાદિ નથી, તેમજ સ્થૂલ પણ હું નહિ, કૃશ પણ હું નહિ પરંતુ "હું ચૈતન્યરૂપ લક્ષણવાળો આત્મા છું" એવી દેહ આદિથી ભિન્ન આત્માને ઓળખનાર, અનુભવનાર, ભેદજ્ઞાનીઓની જે ચિંતના તે નિરહંકાર ભાવના કહેવાય છે આત્માની ઓળખ અને અહંકારના અભાવરૂપ આ નિરહંકાર ભેદ ભાવના શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિનું અસાધારણ ઉત્તમ કારણ છે ૫-૬

ममत्वं ये प्रकुर्वन्ति परवस्तुषु मोहिनः ।
शुद्धचिद्रूपसंप्राप्तिस्तेषां स्वप्नेऽपि नो भवेत् ॥ ७ ॥

નિર્મમતાથી ચિદ્રૂપ પ્રાપ્તિ પામ્યા પૂર્વે બહુ મતિમાન,
તેથી નિર્મમતા ચિંતવવા ક્ષણ ક્ષણ આત્માર્થી દે ધ્યાન ૧૦

પ્રજ્ઞાવંત જ્ઞાની પુરુષોને નિર્મમતાથી ચિદ્રૂપની પ્રાપ્તિ થઈ છે, માટે તે શુદ્ધ સ્વરૂપના અર્થી જનોએ તે જ એક નિર્મમતાને ક્ષણે ક્ષણે, વારંવાર ચિંતવવી ૧૦

शुभाशुभानि कर्माणि न मे देहोऽपि नो मम ।
पिता माता स्वसा भ्राता न मे जायात्मजात्मजः ॥ ११॥
गौरश्वो गजो रा विरापणं मंदिरं न मे ।
पूराजा मे न देशो निर्ममत्वमिति चिंतनं ॥ १२॥ युग्मं॥

કર્મ શુભાશુભ તે નહિ મારા, શરીર પણ નહિ મારુ કાંઈ,
માત પિતા કે ભગિની ભ્રાતા, સ્ત્રીપુત્રાદિ મારાં નાંહિ,
ગાય અશ્વ અજ ગજ ધન પક્ષી દુકાન મંદિર નહિ મુજ ધામ,
દેશ નગર નૃપ પણ મારા નહિ નિર્મમત્વ ચિંતન એ પામ ૧૧ ૧૨

શુભ અને અશુભ કર્મો તે મારા નહિ, દેહ પણ મારો નહિ, પિતા, માતા, બ્હેન, ભાઈ સ્ત્રી પુત્ર પુત્રી કોઈ મારા નહિ; ગાય, અશ્વ, ગજ, ધન, પક્ષી, દુકાન, મંદિર, મુકામ કાંઈ મારા નહિ, નગર નૃપ અને દેશ એ કોઈ મારા નથી. એમ ચિંતવન તે નિર્મમત્વ છે ૧૧-૧૨

शुभाशुभानिकर्माणि न मे=શુભાશુભ કર્મો મારા નથી, देहोऽपि न मे=શરીર પણ મારું નથી, पिता माता स्वसा भ्राता जाया आत्मजा आत्मज न मे=પિતા, માતા, બ્હેન, ભાઈ, સ્ત્રી પુત્રી, પુત્ર મારા નથી ૧૧

गौ=ગાય, अश्व=અશ્વ, गज=હાથી, रा=ધન, वि=પક્ષી, आपण=દુકાન, બજાર, मंदिरं=મંદિર, न मे=મારા નથી, पू=નગર, राजा=રાજા, देश=દેશ, न मे=મારા નથી इति चिंतन=એવું ચિંતવન, निर्ममत्व=નિર્મમત્વ છે ૧૨

याता ये यांति यास्यंति भदंता मोक्षमव्ययं ।
निर्ममत्वेन ते तस्मान्निर्ममत्वं विचिंतयेत् ॥ १५ ॥
निर्ममत्वे तपोऽपि स्यादुत्तमं पचमं व्रतं ।
धर्मोऽपि परमस्तस्मान्निर्ममत्वं विचिंतयेत् ॥ १६ ॥

પામ્યા અવ્યય મુક્તિ, પામે, વળી પામશે મુનિ ત્રિકાળ;
તે સૌ નિર્મમતાથી, માટે નિર્મમતા-ચિંતન ઉર ધાર.
નિર્મમતાથી તપ ને પચમ વ્રત પરિગ્રહ ત્યાગ ઉદાર;
પરમ ધર્મ પણ પ્રગટે માટે નિર્મમતા-ચિંતન ઉર ધાર. ૧૫-૧૬

જે મુનિગણ મુક્તિ ગયા છે, જાય છે, અને ભવિષ્યમા જશે તે સર્વ એક નિર્મમત્વના ચિંતનથી જ, માટે મોક્ષાભિલાષીઓએ આ નિર્મમત્વનુ જ ચિંતન કરવુ યોગ્ય છે.

પર પદાર્થો ઉપરની મમતા દૂર થવાથી તેની પ્રાપ્તિની ઇચ્છા દૂર થાય છે. તેથી ઇચ્છાનિરોધરૂપ પરમ તપ પણ નિર્મમતાથી જ થાય છે તેમજ અતરંગ અને બાહ્ય સર્વ સંગમાથી મમત્વ છૂટી જતા તેનો સ્હેજે ત્યાગ થાય છે તેથી પરિગ્રહ ત્યાગરૂપ ઉત્તમ પચમ વ્રત પણ આ નિર્મમત્વથી જ પ્રાપ્ત થાય છે. પર દ્રવ્ય અને પર ભાવનો ત્યાગ થવાથી અખડ આત્મરમણતારૂપ અનત જ્ઞાન આદિ

ये भदंताः=જે મુનિઓ, अव्यय मोक्ष=અવ્યય મોક્ષને, याता=ગયા છે પામ્યા છે, याति=પામે છે, यास्यति=પામશે, निर्ममत्वेन=તેઓ નિર્મમત્વથી, तस्मात्=તે માટે, निर्ममत्व विचिन्तयेत्=નિર્મમતાને અત્યંત ચિંતવવી ૧૫

निर्ममत्वे=નિર્મમતામા, उत्तम तप पचम व्रत अपि स्यात्=ઉત્તમ તપ અને પચમ નિ પરિગ્રહ વ્રત પણ આવી જશે, परमः धर्मो अपि=તેમજ પરમ ધર્મ, तस्मात्=માટે, निर्ममत्व=નિર્મમત્વને, विचिंतयेत्=બહુ બહુ વિશેષ પ્રકારે ચિંતવવું ૧૬

નિર્મમત્વ ચિંતનથી નવા કર્મનું આગમન (આસ્રવ) થતું નથી અગાઉ કર્મોનો બંધ થતો નથી અસંયમમાં પ્રવૃત્તિ થતી નથી માટે નિર્મમતા જ ચિંતવવી યોગ્ય છે

નિર્મમત્વ ચિંતવવામાં હાનિ કંઈ નથી અને લાભ અપૂર્વ છે તે જણાવે છે ૧૮

सद्दृष्टिर्ज्ञानवान् प्राणी निर्ममत्वेन संयमी ।
तपस्वी च भवेत् तस्मान्निर्ममत्वं विचिन्तयेत् ॥ १९ ॥
रागद्वेषादयो दोषा नश्यन्ति निर्ममत्वतः ।
साम्यार्थी सततं तस्मान्निर्ममत्वं विचिन्तयेत् ॥ २० ॥

નિર્મમપણાથી [illegible] ને જ્ઞાની સંયમી [illegible] [illegible] નિર્મમતા [illegible] [illegible] નિર્મમતા [illegible] વિનાશ, [illegible] નિર્મમતા [illegible] ૧૯-૨૦

નિર્મળ ભાવનામાં, આત્મભાવનામાં મગ્ન થાય છે તે સત્વર શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનને પામીને કૃતાર્થ થાય છે

"શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય. ૨૧

"આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન રે."

—શ્રીમદ્ રાજચંદ્ર

अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ॥

"હું અને મારું' એ મોહરાજાનો મન્ત્ર છે તે જગતને આંધળું કરનાર છે અને નકારપૂર્વક આજ વિરોધી મંત્ર પણ છે કે જે મોહને જીતનાર છે"

—જ્ઞાનસાર

આ પ્રમાણે મોક્ષાભિલાષી ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ નિર્મિત તત્ત્વજ્ઞાન તરંગિણીમાં શુદ્ધ ચિદ્રૂપના ધ્યાન માટે અહંકાર મમકારના ત્યાગને દર્શાવનાર દશમો અધ્યાય સમાપ્ત થયો.

આ સંસારમાં શાંત ચિત્તવાળા, વિદ્વાન યમવાળા, નિયમવાળા, બલવાળા, ત્યાગવાળા, દાન કરનાર, ધનવાળા, ચારિત્રવાન, ઉત્તમ વક્તા શીલવાન, તપ પૂજા સ્તુતિ અને નમસ્કાર આદિ કરવાવાળા, મૌન ધારણ કરનાર, શાસ્ત્રોને ઘણાં શ્રવણ કરનાર, અકૃતઘ્ની, વ્યસન અને ઇન્દ્રિયોને જીતનાર, ઉપસર્ગોના સમૂહને જીતવામાં ધીરવીર, પરિગ્રહથી રહિત અને અનેક શિલ્પ આદિ કલાઓમાં કુશળ એવા અસંખ્યાત મનુષ્યો છે, પરંતુ શુદ્ધ ચિદ્રૂપના સ્વરૂપમા અનુરક્ત તો કોઈ એક વિરલ, અલ્પ માત્ર છે ૧

ये चैत्यालयचैत्यदानमहसद्यात्रा कृतौ कौशला
नानाशास्त्रविदः परीषहसहा रक्ताः परोपकृतौ ।
निःसंगाश्च तपस्विनोपि बहवस्ते संति ते दुर्लभाः
रागद्वेषविमोहवर्जनपराश्चित्तत्वलीनाश्च ये ॥ २ ॥

મંદિર પ્રતિમા સ્થાપન તીરથ યાત્રા દાન પ્રવીણાજી,
ઘણા શાસ્ત્રના જ્ઞાતા પરિષહજય પરહિતમા લીનાજી,
ઘણા દીસે નિઃસંગી તપસ્વી પણ કો વિરલ વિલીનાજી,
રાગદ્વેષ વિમોહ વર્જને, નિજ ચિદ્રૂપ તલ્લીનાજી ૨

ये=જેઓ, चैत्यालयचैत्यदानमहसद्यात्राकृतौ=દેવમંદિર, પ્રતિમા, દાન, ઉત્સવ, તીર્થયાત્રા આદિ કાર્યમા, कौशला=પ્રવીણ છે, नानाशास्त्रविदः=અનેક શાસ્ત્રોને જાણનારાઓ, परीषहसहा=પરિષહ સહન કરવા સમર્થ, परोपकारकृतौ रक्ताः=પરોપકારના કામમા રત, निःसंगाः=સંગ, પરિગ્રહ રહિત, च=અને, तपस्विन अपि=તપસ્વીઓ પણ છે, ते बहवः संति=તે ઘણા છે, ये च=અને જે, रागद्वेषमोहवर्जनपराः=રાગદ્વેષ અને મોહને તજવામા કુશળ થયેલા, चित्तत्वलीनाः च=અને આત્મતત્ત્વમાં લીન, ते दुर्लभाः=તે દુર્લભ છે ૨

गणकचिकित्सकतार्किकपौराणिकवास्तुशब्दशास्त्रज्ञाः ।
संगीतादिषु निपुणाः सुलभा न हि तत्त्ववेत्तारः ॥ ३ ॥

सुरूपबललावण्यधनापत्यगुणान्विताः ।
गांभीर्यधैर्यधौरेयाः संत्यसंख्या न चिद्रताः ॥ ४ ॥

જ્યોતિષી, વૈદ્યક, ન્યાય, પુરાણો, શબ્દશાસ્ત્ર વિખ્યાતાજી,
સંગીત કે વિજ્ઞાન નિપુણ બહુ, વિરલ તત્ત્વના જ્ઞાતાજી. ૩

સુંદર રૂપ લાવણ્ય કનક બલ અપત્ય ગુણગણયુક્તાજી,
ધીર વીર ગંભીર ઘણાયે, પણ નહિ ચિદ્રૂપ રક્તાજી. ૪

ઘર મકાન આદિ બાંધકામને જાણનાર ઇજનેર, જ્યોતિષી, વૈદ્ય, નૈયાયિક, પુરાણોના જ્ઞાતા, પદાર્થવિજ્ઞાની, વ્યાકરણ શાસ્ત્રના જાણકાર અને સગીત આદિ કલાઓમા નિપુણ એવા તો જગતમા જ્યા ત્યા મળી જાય તેવા અત્યંત સુલભ છે માત્ર તત્ત્વવેત્તા, આત્મજ્ઞાની મહાપુરુષ અત્યત દુર્લભ છે

તેવી જ રીતે સુંદર રૂપ, લાવણ્ય, બળ, ધન, પુત્ર અને સદ્ગુણયુક્ત

गणकचिकित्सकतार्किकपौराणिकवास्तुशब्दशास्त्रज्ञा =गणक= ગણિતશાસ્ત્રી, જોષી, चिकित्सक=વૈદ્ય, तार्किक=નૈયાયિક, તર્કશાસ્ત્ર જાણનાર, पौराणिक=પુરાણજ્ઞ, वास्तुशास्त्रज्ञ=પદાર્થજ્ઞાન જાણનાર, ઇજનેર ઘર આદિ બાંધકામને જાણનાર, शब्दशास्त्रज्ञा=વ્યાકરણશાસ્ત્ર જાણનાર, सगीतादिषु=સંગીતાદિમા, निपुणा=નિપુણ, सुलभा=મળવા સહેલ છે; न हि तत्त्ववेत्तार=પરંતુ તત્ત્વજ્ઞો મળવા સુલભ નથી ૩

सुरूपबललावण्यधनापत्यगुणान्विता =સારું રૂપ, બલ, લાવણ્ય, ધન, સંતાન, ગુણ આદિ યુક્ત એવા, गाम्भीर्यधैर्यधौरेया=ગાભીર્ય ધીરજ ધરવા સમર્થ એવા, धौरेय=ભાર વહેનાર, વૃષભ સમાન શ્રેષ્ઠ, असख्या सन्ति=અસંખ્ય છે; પણ चिद्रता. न=આત્મસ્વરૂપમા રક્ત ઘણા નથી ૪

अस्मिन् क्षेत्रेऽधुना संति विरला जैनपाक्षिकाः ।
सम्यक्त्वसहितास्तत्र तत्राणुव्रतधारिणः ॥ १६ ॥
महाव्रतधरा धीराः संति चात्यंतदुर्लभाः ।
तत्त्वातत्त्वविदस्तेषु चिद्रक्तोत्यंतदुर्लभः ॥ १७ ॥

આ ક્ષેત્રે આજે છે કોઈક પાક્ષિક જૈને વિરલાજી;
સદ્દષ્ટિ ત્યાં વિરલા, તેમાં અણુવ્રતધારી વિરલાજી. ૧૬
તેમા અતિ દુર્લભ તે મહાવ્રતધારી ધીર વિરકનાજી;
દુર્લભ તત્ત્વાતત્ત્વ વિજ્ઞાની, અતિ દુર્લભ ચિદ્રક્તાજી ૧૭

રાગદ્વેષ અજ્ઞાન આદિ અંતર શત્રુને જેણે જીત્યા તે જિન, ભગવાન સર્વજ્ઞ વીતરાગ તેમને બોધેલે શુદ્ધ આત્મપ્રાપ્તિને માર્ગ તે આત્મિક ધર્મ, જૈન ધર્મ.

" ઘટ ઘટ અતર જિન વસે, ઘટ ઘટ અતર જૈન,
મત મદિરાકે પાનમે, મતવારા સમજૈ ન "

—શ્રી બનારસીદાસ

" જિન સોહી હૈ આતમા અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિન બચન તત્ત્વગ્યાનિકો મર્મ "

अस्मिन् क्षेत्रे=આ ક્ષેત્રે, अधुना=હમણા, जैनपाक्षिका =જૈન માર્ગ સત્ય છે એવા નિશ્ચયપૂર્વક પક્ષ કરનાર, विरला सन्ति=થોડા છે. तत्र=ત્યા, सम्यक्त्वसहिता =સમ્યક્ત્વ સહિત થોડા છે तत्र अणुव्रतधारिणः= તેમા ગૃહસ્થના અણુવ્રત ધરનાર થોડા છે તેના કરતા પણ, महाव्रतधरा= પાચ મહાવ્રતને ધરનારા, धीरा=ધીર, अत्यतदुलभा सन्ति=અત્યત દુર્લભ છે, तेषु=તેઓમા પણ, तत्त्वातत्त्वविदः=તત્ત્વ અને અતત્ત્વને જાણનાર બહુશ્રુત જ્ઞાની દુર્લભ છે, तेषु=તેઓમા પણ, चिद्रक्त' अत्यंत दुर्लभ:=ચિદ્રૂપમા રક્ત અત્યત દુર્લભ છે ૧૬-૧૭

કેવળ સંસાર દુઃખ જ ઉપાર્જન કરી કેવા નિરર્થક કામોમાં ખોટી થઈ રહ્યો છે તે હવે જણાવે છે. ૨૦-૨૧

दृश्यंते गंधनादावनुजसुतसुताभीरुपित्रंबिकासु
ग्रामे गेहे खभोगे नगनगरखगे वाहने राजकार्ये ।
आहार्येऽगे वनादौ व्यसनकृपिमुखे कूपवापीतडागे
रक्ताश्च प्रेषणादौ यशसि पशुगणे शुद्धचिद्रूपके न ॥२२॥

દિસે રક્ત ઘણા જ્યા જગમા વિષય વાસના ગધેજી,
લઘુ ભ્રાતા સુત સુતા વનિતા માતપિતા સંબધેજી;
ગ્રામ ધામ ને ગગન વિહારે, પર્વત પક્ષી નગરેજી,
રાજકાર્ય વન વાહનમાં વળી ખાનપાન કે શરીરેજી,
વ્યસન-રંગ વાણિજ્ય કૃષિ કે કૂવા વાવ તલાવેજી.
પશુ યશ રક્ષામા રાચ્યા ત્યા ચિદ્રૂપે ચિત્ત ન લાવેજી ૨૨

આ સસારમા કોઈ તો પચેન્દ્રિયના વિષયો જેવા કે અત્તર તેલ આદિ સુગધી પદાર્થોમા આસક્ત થઈ આનદિત થતા જણાય છે,

---

गधनादौ=સુગધી પદાર્થો આદિમા, अनुजसुतसुताभीरुपित्रंबिकासु= નાનો ભાઈ, પુત્ર, પુત્રી, (ભીરુ=સ્ત્રી) સ્ત્રી, પિતા તથા માતામા, ग्रामे=ગામમા, गेहे=ઘરમા, खभोगे=ઇન્દ્રિયના વિષયભોગમા, વિદ્યાધર વિમાનમા, ગગનવિહારમા, नगनगरखगे=પર્વત, નગર, પક્ષીમા, वाहने= વાહનમા, राजकार्ये=રાજ્યસેવા, નોકરીમા, आहार्ये=ખાનપાન આદિ પદાર્થોમા, अगे=શરીરમા, वनादौ=વન આદિમા, व्यसनकृपिमुखे=વ્યસન, ખેતી આદિમા, कूपवापीतडागे=કૂવા વાવ તળાવમા. प्रेषणादौ=ધધા દલાલી, સંદેશાદિ મોકલવામા, यशसि=યશમા, च=અને, पशुगणे=પશુના સમૂહમા, रक्ता·दृश्यते=રાચી રહેલા દેખાય છે, न शुद्धचिद्रूपके=શુદ્ધ આત્મસ્વરૂપમા રક્ત દેખાતા નથી ૨૨

૭. **મોક્ષ તત્ત્વ:**—સર્વ પ્રકારે કર્મોથી છૂટી જવાના કારણ (અયોગી દશા)ને અથવા સર્વાંશે કર્મથી પૃથક્ થવાને મોક્ષ કહે છે "મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા"

આ સાત તત્ત્વોનુ સ્વરૂપ વિસ્તારથી અન્ય ગ્રથોમા અનેક પ્રજ્ઞાવત આચાર્યોએ નિરૂપણ કર્યું છે ત્યાથી જાણવુ શ્રેયરૂપ છે

આ સમ્યગ્ દર્શનના આઠ અગ છે .—

(૧) નિઃશકિત અગ. (૨) નિ.કાક્ષિત અગ. (૩) નિર્વિચિકિત્સા અગ: (૪) અમૂઢ દૃષ્ટિ અગ. (૫) ઉપગૂહન અગ: (૬) સ્થિતિ કરણ અગ. (૭) વાત્સલ્ય અગ. અને (૮) પ્રભાવના અગ

૧. **નિઃશંકિત અંગ:**—સર્વજ્ઞ ભગવાને ધર્મ તત્ત્વ સબધી કે જીવ અજીવ આદિ પદાર્થો સંબધી જે જે કહ્યુ છે તે તે સત્ય છે એમા શકા કરવા જેવુ નથી કાળની હીનતાથી ઉત્તમ જ્ઞાનના અભાવથી, બુદ્ધિની અલ્પતાથી, કે એવા કોઈ કારણથી મારા સમજવામા તે હાલ નથી આવતુ છતા ભગવાને પોતાના સપૂર્ણ જ્ઞાનમાં જેમ જણાયુ તેમજ કહ્યુ છે ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી તેમજ નિરાગી ત્યાગી અને નિસ્પૃહી હોવાથી, વસ્તુનુ સ્વરૂપ તે જ યથાર્થ કહેવાને યોગ્ય છે. મારી દશા વર્ધમાન થયે અત્યારે જે મને નથી સમજાતુ તે યથાર્થ સમજાવા યોગ્ય છે પણ મારી અયોગ્યતાને લીધે સંપૂર્ણ સત્ય ભગવાનના વચનમા મારે શકા કરવા યોગ્ય નથી: પરતુ પૂર્ણ શ્રદ્ધાથી સર્વજ્ઞ ભગવાને બતાવેલા માર્ગે નિશ્ચયપણે પ્રવર્તતા આત્મવિશુદ્ધિ યથાર્થ થયે સર્વ યથાતથ્ય છે તેમ જણાશે, એમ વિચારી ભગવાનના વચનોમા નિઃશંકતા રાખવી તથા જ્ઞાની પુરુષ દ્વારા સર્વજ્ઞના બોધને યથાર્થ સમજી મેરુની માફક અડોલપણે તત્ત્વમા નિ.શકિત થવુ તે નિઃશંકિત અંગ છે આ અંગ ઉપર અજન

ચોર આદિ અનેક દૃષ્ટાંતો કથાનુયોગમા છે. તેમજ અનેક મહાપુરુષોને દેવોએ આવી મરણાંત ઉપસર્ગ કર્યા છે છતાં તે ભગવાનનાં તત્ત્વમા શંકા લાવી તે અસત્ય છે એમ કહેવા પ્રાણ જતાં પણ ન પ્રવર્તતાં નિશ્ચલપણે મેરુની માફક અડોળ શ્રદ્ધાવંત રહ્યા છે. એવી નિશ્ચલ શ્રદ્ધા તે સમ્યગ્ દર્શનનું પ્રથમ અંગ છે સર્વજ્ઞ અને તેણે દર્શાવેલાં તત્ત્વોમા અડગ શ્રદ્ધા તે નિઃશંકિત અંગ છે

૨. **નિઃકાંક્ષિત અંગઃ**—સંસારમાં દેવેન્દ્ર નરેન્દ્ર આદિનાં ઉત્તમ ગણાતા સુખો પણ સમ્યગ્ દૃષ્ટિને પરાધીન, દુઃખના મૂળ, આકુળતામય તૃષ્ણાવર્ધક, અંતર્દાહજનક, અલ્પકાળ પછી નાશ પામી જનાર, અને પાપવર્ધક ભાસે છે તેથી તેમને તેવા સંસારિક સુખની કાંક્ષા, વાંછા, ઇચ્છા થતી નથી તે ધર્મકાર્ય કરતા મને દેવાદિનું સુખ મળે, એવું સ્વપ્ને પણ ઇચ્છતા નથી તેમજ આ લોકમા પણ કર્મથી સંપ્રાપ્ત કંઈ દુ.ખ આવી પડે તો તે ધર્મના પ્રભાવથી કે દેવાદિની સહાયથી મારા દુઃખ દૂર થઈ જાય એમ ઇચ્છી દેવ દેવીની માન્યતા આદિ કરતા નથી ધર્મનું આરાધન સંસાર સુખની ઇચ્છા વિના માત્ર એક મોક્ષાર્થે આત્માર્થે જ કરે છે આ અંગ ઉપર અનંતમતી આદિ અનેક ધર્માત્માઓને અનેક દુ ખ પડતાં છતા ધર્મના ફળરૂપે દુ ખની નિવૃત્તિ અને સંસારસુખની ઇચ્છા તેમણે કદી કરી નથી એવા અનેક દૃષ્ટાંતો કથાનુયોગથી જાણી ધર્મના અત્યંત દૃઢતા કરવા યોગ્ય છે આત્માના અનંત સુખની પ્રતીતિથી ઇન્દ્રિયજન્ય આરોપિત સુખની વાંછા અંતરના ન રહેવી તે નિઃકાંક્ષિત અંગ છે

૩. **નિર્વિચિકિત્સા અંગઃ**—સમ્યગ્ દૃષ્ટિ દરેક પદાર્થના સ્વરૂપને વિચારી કોઈ પ્રત્યે ગ્લાનિભાવ રાખતા નથી દુ.ખી, દરિદ્રી, રોગી આદિને દેખીને તથા તેમના શરીરના દુર્ગંધ, મળ,

નિશ્ચયનયથી આ આઠ અંગ આ પ્રમાણે છે :—

(૧) પોતાના આત્મામાં નિઃશંક અને નિર્ભય થઈને રહેવું તે નિઃશંકિત અંગ. (૨) અતીન્દ્રિય આનંદમા મગ્ન રહેવું તે નિઃકાંક્ષિત અંગ (૩) આત્મસ્વરૂપની મગનતામા સામ્યભાવનુ અવલંબન તે નિર્વિચિકિત્સા અંગ (૪) આત્માના સ્વરૂપમા મૂઢતા રહિત થવું, યથાર્થ આત્મબોધ સહિત રહેવુ તે અમૂઢદૃષ્ટિ અંગ (૫) આત્મિક સ્વભાવની સ્થિરતામા લીન રહેવુ અને પરભાવને ગ્રહણ ન કરવા તે ઉપગૂહન અગ (૬) આત્મામા આત્મા દ્વારા સ્થિર થવુ તે સ્થિતિકરણ અંગ (૭) આત્માનંદમાં ભ્રમરની માફક આસક્ત રહેવુ તે વાત્સલ્ય અગ (૮) આત્મિક પ્રભાવના વિકાસમા કાળજી રાખવી તે પ્રભાવના અગ

આ સમ્યગ્દર્શન ત્રણ પ્રકારે છે ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ

" નિજ સ્વભાવજ્ઞાનમા કેવળ ઉપયોગે તન્મયાકાર સહજ સ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવળજ્ઞાન છે

તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તો તે ક્ષાયિક સમ્યક્ત્વ કહીએ છીએ

ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ વિસર્જન, ક્વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહીએ છીએ તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યા નથી ત્યા સુધી ઉપશમ સમકિત કહીએ છીએ. ઉદય આવરણ આવ્યે આત્મા તે પ્રતીતિથી પડી જાય તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહીએ છીએ અત્યંત પ્રતીતિ થવાના યોગમા સત્તાગત અલ્પ પુદ્ગલનુ વેદવુ ત્યા રહ્યું છે તેને વેદક સમ્યક્ત્વ કહીએ છીએ.

અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને

મિથ્યાત્વ મોહિની, મિશ્ર
અનંતાનુબંધી લોભ એ ચાર તથા મિથ્યાત્વ મોહિની, મિશ્ર
મોહિની, સમ્યક્ત્વ મોહિની એ ત્રણ એમ સાત પ્રકૃતિ જ્યાં સુધી
ક્ષયોપશમ ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યગ્ દૃષ્ટિ થવું
સંભવતુ નથી એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ
સમ્યક્ત્વનો ઉદય થાય છે એ પ્રકૃતિયોની ગ્રંથી છેદવી પરમ દુર્લભ
છે, જેની તે ગ્રંથી છેદાઈ તેને આત્મા હસ્તગત થવો સુલભ છે
તત્ત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથીને ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે
જે આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દૃષ્ટિ આપશે તે આત્મા
આત્મત્વને પામશે એ નિસંદેહ છે

સદ્ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્પાત્રતા વિના એમ થવુ
અટક્યુ છે તેની પ્રાપ્તિ કરીને સંસારતાપથી અત્યંત તપાયમાન
આત્માને શીતળ કરવો એ જ કૃતકૃત્યતા છે

"ધર્મ" એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે તે બાહ્ય સંશોધનથી
મળવાની નથી અપૂર્વ અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. જે
અંતર સંશોધન કોઈક મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનુ અનંત દુ:ખ નહી
વધારવાનુ પ્રયત્ન સત્પુરુષો કરે છે

સાત પદ આ વાત પણ માન્ય છે કે બનનાર છે તે ફરનાર
નથી અને ફરનાર છે તે બનનાર નથી તો પછી ધર્મ પ્રયત્નના,
આત્મિક જતના અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદનુ ધારણ કરવો?
આમ છે બના દેશ, કાળ, પાત્ર, ભાવ જોવા જોઈએ.
"... કલ્યાણ કરો" :

સત્પુરુષોનુ યોગબળ જગતનુ કલ્યાણ કરો

[illegible]
મુક્તિ-[illegible]
[illegible]

[illegible]

[illegible] તેમ આ [illegible] અને તે[illegible] નથી. [illegible]

अष्टाचारसमायुक्तं ज्ञानमुक्तं जिनेशिना ।
व्यवहारनयात् सर्वतत्त्वोद्भासो भवेद् यतः ॥ ११ ॥

स्वस्वरूपपरिज्ञानं तज्ज्ञानं निश्चयाद् वरं ।
कर्मरेणूच्चये वातं हेतुं विद्धि शिवश्रियः ॥ १२ ॥

અષ્ટ વિધ આચાર સહિત જે જ્ઞાન જિનેન્દ્ર વખાણે
તે વ્યવહાર નયે, જીવ તેથી, સર્વ તત્ત્વને જાણે રે
ભવિકા૦ ૧૧

जिनेशिना=જિનેન્દ્ર વડે, व्यवहारनयात्=વ્યવહારનયથી, अष्टधाचार-संयुक्त=અષ્ટ પ્રકારના આચારયુક્ત, ज्ञानं=જ્ઞાન, उक्तं=કહેવાયુ છે, यत=જેનાથી, सर्वतत्त्वोद्भास=સર્વ તત્ત્વનુ જ્ઞાન, भवेत्=થાય ૧૧

स्वस्वरूपपरिज्ञान=પોતાના સ્વરૂપનુ જ્ઞાન, ઓળખાણુ, तज्ज्ञान=તે જ્ઞાન. निश्चयाद् वर=નિશ્ચયથી (પારમાર્થિક હોવાથી શ્રેષ્ઠ છે) कर्मरेणूच्चये वात=કર્મ પરમાણુના સમૂહને ઉડાડી દેવા પવન સમાન, ને शिवश्रियः हेतु=મોક્ષરૂપ લક્ષ્મીનુ કારણ, विद्धि=તુ જાણ ૧૨

સ્વસ્વરૂપનું જ્ઞાન યથાતથ્ય, તે નિશ્ચયે વર જ્ઞાન;
પવન કર્મ–રજ દૂર કરવા તે, મુક્તિલક્ષ્મી નિદાન રે.
ભવિકા૦ ૧૨

ભગવાન જિનેન્દ્રે વ્યવહારનયથી આઠ પ્રકારના આચારયુક્ત સમ્યગ્ જ્ઞાન કહ્યું છે, તે સમ્યગ્ જ્ઞાન સર્વ તત્ત્વોનો પ્રકાશ કરવાવાળુ છે. તેના અભ્યાસથી સર્વ તત્ત્વનુ જ્ઞાન થાય છે

જીવ અજીવ આદિ પદાર્થો જેમ છે તેમ જાણવા તે સમ્યગ્જ્ઞાન.

જેમ સમ્યગ્ દર્શનના આઠ અંગ કહ્યા છે, તેમ આ સમ્યગ્ જ્ઞાનના આઠ આચાર કહ્યા છે તે નીચે પ્રમાણે છે .–

काले विणए बहुमाणे उवहाणे तह अनिह्रवणे ।
वजणअत्थ तदुभए अट्ठविहो णाणमायारो ॥

કાલને વિષે, વિનયને વિષે, બહુમાનને વિષે, ઉપધાનમા, તેમજ અનિન્હવપણાના, વ્યજનોચ્ચારમા, અર્થમા, તે બન્નેમા, એમ આઠ પ્રકારે જ્ઞાનને વિષે આચાર કહ્યો છે

૧. **કાલ :**—આગમમા જે કાલે જે અધ્યયન પઠન પાઠન કરવા જણાવ્યુ છે તે તે પ્રમાણે કરવુ પ્રાદોષિક કાળનો ત્યાગ કરી સ્વાધ્યાયના સમયના સ્વાધ્યાય કરવો બન્ને સધ્યાકાળને પ્રદોષ કાળ કહેવાય છે તે સમયે જે જે સ્વાધ્યાય કરતા દોષ લાગે તે ન કરવો તે કાળ આચાર

૨. **વિનય :**—વિનયપૂર્વક શાસ્ત્રનો અભ્યાસ, સ્વાધ્યાય કરવો, નમસ્કાર કરવો, યોગ્ય વિનયાન્વિત આસનપૂર્વક બેસવુ અને અવિનય ન થાય તે લક્ષ રાખી સ્વાધ્યાય કરવો; તેમજ જ્ઞાનીનો નમસ્કાર આદિ વિનય કરવો તે વિનય આચાર.

૩. **બહુમાન :**—જ્ઞાન અને જ્ઞાની ઉપર બહુમાન અંતરંગ પ્રેમ તે બહુમાન

૪. **ઉપધાન** :—જ્ઞાનાવરણીય કર્મ ક્ષય કરવા માટે, સૂત્રો ભણવા માટે, સદ્ગુરુ ઉપદિષ્ટ વિધિ વિધાનયુક્ત ઉપવાસ, એકાશન આદિ તપ વિશેષ કરવાં તે ઉપધાન

૫. **અનિન્હવપણું** :—નિન્હવપણુ એટલે વિદ્યા કે જ્ઞાન જેની પાસેથી મળ્યુ તે ગુરુને વિસારવા, તેમનુ નામ છુપાવવું, તેને પ્રગટ ન કરવા, તેનો દ્રોહ કરવો તે તેમ ન કરવુ તે અનિન્હવ આચાર

૬-૭ **વ્યંજન અર્થ** :—૬ સદ્ગુરુ-પ્રવચન કે શાસ્ત્રના શબ્દોને શુદ્ધ સ્પષ્ટ બોલવા તે વ્યંજનશુદ્ધિ, ૭ સદ્ગુરુ-પ્રવચન કે શાસ્ત્રના શબ્દ વાક્યનો અર્થ શુદ્ધ આગમને (જ્ઞાનીની દૃષ્ટિ) અનુસાર કરવો તે અર્થ શુદ્ધિ

૮. **તદુભયે** :—અર્થ અને શબ્દ બન્ને શુદ્ધ બોલવા તે ઉભય શુદ્ધિ એમ સમ્યગ્જ્ઞાનના આઠ આચાર જાણી શુદ્ધ જ્ઞાનારાધન કરવુ. હવે બારમા શ્લોકમા નિશ્ચયથી સમ્યગ્જ્ઞાન કોને કહેવાય છે તે જણાવે છે.

પોતાના આત્મસ્વરૂપનુ યથાર્થ જ્ઞાન, ઓળખાણ તે નિશ્ચયથી સર્વોત્તમ સમ્યગ્જ્ઞાન છે આ આત્મજ્ઞાન કર્મરૂપ રોગને ઉરાડી મૂકવાને વસ્તુ સમાન છે, તથા શિવ કરતા મોક્ષરૂપ લક્ષ્મીનુ પરમ કારણ છે. એમ હે બુદ્ધિમાનો તુ જાણ ૧૧-૧૨

यदि चिद्रूपेऽनुभवो मोहाभावे निजे भवेत्तस्मात् ।
तत्परमज्ञानं स्याद् बहिरंतरसंगमुक्तस्य ॥ १२ ॥

બહિરંતર સૌ સંગ ત્યાગીને મોહક્ષયે જ્યાં થાયે,
નિજ ચિદ્રૂપ અનુભવ, નિશ્ચે, પરમ જ્ઞાન કહેવાયે રે.
ભવિકા૦ ૧૩

બાહ્ય અને અંતર સંગ જેણે તજી દીધા છે એવા પરમ પુરુષને મોહનો ક્ષય થયે જ્યારે પોતાના આત્મસ્વરૂપમાં પોતાનો સાક્ષાત્ અખંડ અનુભવ થાય છે ત્યારે તે પરમાર્થથી પરમ જ્ઞાન કહેવાય છે. ૧૩

निर्वृत्तिर्यत्र सावद्यात् प्रवृत्तिः शुभकर्मसु ।
त्रयोदशप्रकारं तच्चारित्रं व्यवहारतः ॥ १४ ॥

અશુભ કર્મથી જ્યાં નિવૃત્તિ શુભમાં પ્રવૃત્તિ ધારે;
તે ચારિત્ર કહ્યું વ્યવહારે, જ્ઞાનીએ તેર પ્રકારે રે.
ભવિકા૦ ૧૪

હવે વ્યવહાર ચારિત્ર કોને કહેવાય છે? તે જણાવે છે.

અશુભ કર્મથી નિવૃત્તિ, અને શુભમાં પ્રવર્તનરૂપ વ્યવહાર ચારિત્ર તેર પ્રકારે છે

દ્રવ્ય સંગ્રહમાં કહ્યું છે કે :—

असुहादो विणिवित्ति सुहे पवित्ती य जाण चारित्तं ।
वदसमिदिगुत्तिरूवं ववहारणयादु जिणभणियम् ॥

અશુભથી વિનિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ, તે પાંચ મહાવ્રત, પાંચ

યત્ર=જ્યાં, સાવદ્યાત્=પાપથી, અશુભ કર્મોથી, નિર્વૃત્તિ=નિવૃત્તિ, શુભકર્મસુ પ્રવૃત્તિ=શુભ કર્મોમાં પ્રવૃત્તિ છે, તત્=તે, ત્રયોદશપ્રકાર=તેર પ્રકારે, વ્યવહારત=વ્યવહારથી ચારિત્ર=ચારિત્ર છે ૧૪

સમિતિ, અને ત્રણ ગુપ્તિરૂપ તેર પ્રકારે વ્યવહાર નયથી જિન ભગવાને ચારિત્ર કહ્યું છે એમ જાણો.

૧. **અહિંસા મહાવ્રત :**—એકેન્દ્રિયાદિ જીવોના ભેદ યથાર્થ જાણીને તેમની પ્રમત્તયોગે (કષાયસહિત) હિંસાથી સર્વ પ્રકારે નિવર્તવુ, તે અહિંસા મહાવ્રત.

૨. **સત્ય મહાવ્રત :**—રાગદ્વેષ અને મોહને વશ થઈ કોઈ પ્રકારે પણ અસત્ય ન બોલવુ તે સત્ય મહાવ્રત

૩. **અચૌર્ય મહાવ્રત :**—આપ્યા વગર સ્થૂળ કે સૂક્ષ્મ કંઈ પણ વસ્તુ ન લેવી, તે અચૌર્ય મહાવ્રત

૪. **બ્રહ્મચર્ય મહાવ્રત :**—પોતાની કે પરની સર્વ સ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો, તે બ્રહ્મચર્ય મહાવ્રત.

૫. **પરિગ્રહત્યાગ મહાવ્રત :**—બાહ્ય અને અંતરંગ સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો. સંયમના સાધનોમાં પણ મમતાનો ત્યાગ કરવો, તે પરિગ્રહત્યાગ મહાવ્રત.

૬. **ઈર્યા સમિતિ :**—માર્ગે ચાલતા જીવ હિંસા ન થાય, માર્ગે પડેલા કોઈ જીવને પીડા ન થાય માટે નિર્જીવ માર્ગમા આગળ સાડાત્રણ હાથભૂમિને જોતાં દિવસે જ ચાલતા સયમીનુ જે ઉપયોગપૂર્વક પ્રયોજન પૂરતુ ગમન, તે ઈર્યા સમિતિ.

૭. **ભાષા સમિતિ :**—હિત, મિત, પ્રિય, અને નિર્દોષ વચન બોલવુ, તે ભાષા સમિતિ.

૮. **એષણા સમિતિ :**—આહારના છેતાળીસ દોષ ટાળીને નિર્દોષ આહાર સમતાપૂર્વક કરવો, તે એષણા સમિતિ.

૯. **આદાન નિક્ષેપણ સમિતિ:**—કોઈ પણ જીવની વિરાધના થાય તેવી રીતે પોતાની પાસેનાં સયમનાં સાધનો જોઈને યત્નાપૂર્વક લેવા, મૂકવા, તે આદાન નિક્ષેપણ સમિતિ.

૧૦. **પ્રતિષ્ઠાપના સમિતિ:**—જીવ રહિત શુદ્ધભૂમિ ઉપર મળમૂત્ર આદિ પરઠવવા, તે પ્રતિષ્ઠાપના સમિતિ

૧૧. **મનોગુપ્તિ:**—મનને આર્ત રૌદ્ર ધ્યાનમા જતુ રોકી ધર્મ ધ્યાન આદિમાં પ્રવર્તાવતા વશ રાખવુ, તે મનોગુપ્તિ

૧૨. **વચનગુપ્તિ:**—વચનને સ્વવશ રાખવા, તે વચનગુપ્તિ

૧૩. **કાય ગુપ્તિ:**—કાયાને સ્વવશ રાખવી અસંયમમાં પ્રવર્તતી અટકાવવી, તે કાયગુપ્તિ.

આ પ્રમાણે તેર પ્રકારે વ્યવહાર ચારિત્ર કહ્યુ છે ૧૪

मूलोत्तरगुणानां यत्पालन मुक्तये मुनेः ।
दृशा ज्ञानेन संयुक्त तच्चारित्रं न चापरं ॥ १५ ॥

સમ્યગ્ દર્શન જ્ઞાન સહિત જે, મૂલોત્તર ગુણ પાલે;
તે ચારિત્ર, અવર નહિ, મુનિને, મુક્તિશ્રી સુખ આલે રે.
ભવિકા૦ ૧૫

જે સમ્યગ્ દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત મૂલ અને ઉત્તર ગુણોનુ

यत्=જે, दृशा ज्ञानेन संयुक्तं=દર્શન અને જ્ઞાન સહિત, मूलोत्तर-गुणानां=મૂલ અને ઉત્તર ગુણોનુ, पालनं=પાલન છે, तत् चारित्र मुनेः मुक्तये=તે ચારિત્ર મુનિની મુક્તિ માટે કહ્યુ છે, न च अपरं=પણ બીજુ નહિ. ૧૫

[illegible]

૧. અહિંસા મહાવ્રત :—[illegible]

૨. સત્ય મહાવ્રત :—[illegible]

૩. અચૌર્ય મહાવ્રત : [illegible]

૪. [illegible] મહાવ્રત :—[illegible] ત્યાગ કરવો, તે [illegible] મહાવ્રત

૫. પરિગ્રહત્યાગ મહાવ્રત :—બાહ્ય અને અંતરંગ સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો સંયમના સાધનોમાં પણ મમતાનો ત્યાગ કરવો, તે પરિગ્રહત્યાગ મહાવ્રત

૬. ઈર્યા સમિતિ :—માર્ગે ચાલતા જીવ હિંસા ન થાય, માર્ગે પડેલા કોઈ જીવને પીડા ન થાય માટે નિર્જીવ માર્ગમાં આગળ સાડાત્રણ હાથભૂમિને જોતા દિવસે જ ચાલતા સંયમીનું જે ઉપયોગપૂર્વક પ્રયોજન પૂરતુ ગમન, તે ઈર્યા સમિતિ

૭. ભાષા સમિતિ :—હિત, મિત, પ્રિય, અને નિર્દોષ વચન બોલવુ, તે ભાષા સમિતિ

૮. એષણા સમિતિ :—આહારના છેતાળીસ દોષ ટાળીને નિર્દોષ આહાર સમતાપૂર્વક કરવો, તે એષણા સમિતિ

૯. **આદાન નિક્ષેપણુ સમિતિ:**—કોઈ પણ જીવની વિરાધના ન થાય તેવી રીતે પોતાની પાસેનાં સયમનાં સાધનો જોઈને યત્નાપૂર્વક લેવા, મૂકવા, તે આદાન નિક્ષેપણુ સમિતિ

૧૦. **પ્રાતષ્ઠાપના સમિતિ:**—જીવ રહિત શુદ્ધભૂમિ ઉપર મળમૂત્ર આદિ પરઠવવાં, તે પ્રતિષ્ઠાપના સમિતિ

૧૧. **મનોગુપ્તિ:**—મનને આર્ત રૌદ્ર ધ્યાનમા જતુ રોકી ધર્મ ધ્યાન આદિમા પ્રવર્તાવતા વશ રાખવુ, તે મનોગુપ્તિ

૧૨. **વચનગુપ્તિ:**—વચનને સ્વવશ રાખવાં, તે વચનગુપ્તિ

૧૩. **કાય ગુપ્તિ:**—કાયાને સ્વવશ રાખવી અસંયમમા પ્રવર્તતી અટકાવવી, તે કાયગુપ્તિ

આ પ્રમાણે તેર પ્રકારે વ્યવહાર ચારિત્ર કહ્યુ છે ૧૪

मूलोत्तरगुणानां यत्पालन मुक्तये मुनेः ।
दृशा ज्ञानेन संयुक्तं तच्चारित्रं न चापरं ॥ १५ ॥

સમ્યગ્ દર્શન જ્ઞાન સહિત જે, મૂલોત્તર ગુણ પાલે;
તે ચારિત્ર, અવર નહિ, મુનિને, મુક્તિશ્રી સુખ આલે રે.
ભવિકા૦ ૧૫

જે સમ્યગ્ દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત મૂલ અને ઉત્તર ગુણોનુ

યત્=જે, દૃશા જ્ઞાનેન સયુક્તં=દર્શન અને જ્ઞાન સહિત, મૂલોત્તર-ગુણાના=મૂલ અને ઉત્તર ગુણોનુ, પાલન=પાલન છે, તત્ ચારિત્ર મુનેઃ મુક્તયે=તે ચારિત્ર મુનિની મુક્તિ માટે થાય છે, ન ચ અપરં=પણ બીજુ નહિ ૧૫

[illegible]

[illegible]
સુખનુ સાધન છે ૧૭

દર્શન જ્ઞાન સંયુત તે સમ્યક્ ચારિત્ર જ્ઞાની વખાણે;
સેવ્ય સંતને જગત પૂજ્ય એ સ્વર્ગ મોક્ષ સુખ આણે રે
ભવિકા૦ ૧૭

સમ્યક્ ચારિત્ર તે જ કહેવાય છે કે જે સમ્યક્ દર્શન જ્ઞાન યુક્ત છે અર્થાત્ શુદ્ધ આત્મ અનુભવ યુક્ત છે. સત્સાધક સાધુ સંતોને તે સેવવા યોગ્ય છે, તે સમસ્ત જગતને પૂજ્ય છે; સ્વર્ગ મોક્ષાદિ અનેક સુખને મેળવી આપનાર તે એક જ સાધન છે ૧૭

शुद्धे स्वे चित्स्वरूपे या स्थितिरत्यन्तनिश्चला ।
तच्चारित्रं परं विद्धि निश्चयात् कर्मनाशकृत् ॥ १८ ॥

નિજ સહજાત્મ સ્વરૂપે અતિ જે નિશ્ચલ સ્થિતિ પમાય,
નિશ્ચયથી ચારિત્ર પરમ તે કર્મનાશ ત્યાં થાય રે
ભવિકા૦ ૧૮

પોતાના શુદ્ધ સહજ આત્મ સ્વરૂપમાં જે અત્યંત એકાગ્રતાપૂર્વક નિશ્ચલ સ્થિતિ તેને નિશ્ચયથી પરમ સર્વશ્રેષ્ઠ ચારિત્ર જાણો; તે સર્વ કર્મનો નાશ કરનાર છે ૧૮

यदि चिद्रूपे शुद्धे स्थितिर्निजे भवति दृष्टिबोधबलात् ।
परद्रव्यास्मरणं शुद्धनयादगिनो वृत्तं ॥ १९ ॥

स्वे शुद्धे चित्स्वरूपे=નિજ શુદ્ધ આત્મ સ્વરૂપમાં, या=જે, अत्यन्तनिश्चला स्थिति=અત્યન્ત નિશ્ચળ સ્થિતિ, तत्=તેને, निश्चयात्=નિશ્ચય નયથી, परं चारित्रं=શ્રેષ્ઠ ચારિત્ર, कर्मनाशकृत्=કર્મ નાશ કરનાર, विद्धि=તું જાણ ૧૮

दृष्टिबोधबलात्=દર્શન અને જ્ઞાનના બળથી, यदि=જ્યારે, निजशुद्ध चिद्रूपे स्थिति भवति=નિજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિ થાય છે, ત્યારે, परद्रव्यास्मरणं=પર દ્રવ્યનું વિસ્મરણ તે, शुद्धनयात्=શુદ્ધ નયથી अगिनः=પ્રાણીને, वृत्तं=ચારિત્ર છે ૧૯

તત્ત્વ દૃષ્ટિ ને બોધ બળે જો નિજ આત્માના સ્વરૂપે;
સ્થિતિ થાય, પર દ્રવ્ય સ્મરણ ના, નિશ્ચયે ચરણ અનુસારે.
ભવિકા૦ ૧૯

તત્ત્વદૃષ્ટિ અને આત્મબોધના બળે કરી જ્યારે નિજ ગુણ સ્વરૂપમાં સ્થિતિ થાય ત્યારે પરદ્રવ્યનુ વિસ્મરણ થાય છે તે જ્ઞાને ગુરુ નિશ્ચયનયથી ચારિત્ર છે

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના બળે કરી જીવને જ્યારે ગુણ આત્મામા સ્થિતિ થાય છે, ત્યારે પર પદાર્થો પ્રત્યેનો પ્રેમ દૂર થઈ ગયેલો હોવાથી તેની સ્મૃતિ થતી નથી અને નિજ આત્મતત્ત્વમા અત્યંત રુચિ પ્રેમ વર્ધમાન થએલો હોવાથી ત્યા જ નિશ્ચલ સ્થિરતા થાય છે માટે આ આત્મસ્થિરતા પ્રાપ્ત કરવા માટે પર દ્રવ્યો પ્રત્યેનો પ્રેમ ત્યાગીને આત્મસ્વરૂપ પ્રત્યે પ્રેમ, અત્યંત વધારવા આત્માર્થીઓનુ પ્રવર્તન હોય છે અને તેના મૂળ કારણરૂપ સમ્યગ્ દર્શન અને જ્ઞાનની ઉપાસના તેઓ નિરંતર કરે છે ૧૯

रत्नत्रयं किल ज्ञेयं व्यवहारं तु साधनं ।
सद्भिश्च निश्चयं साध्यं मुनीनां सद्विभूषणं ॥ २० ॥

એ વ્યવહાર રત્નત્રય સાધન નિશ્ચયનુ જન જાણો;
સાધ્ય સંતને નિશ્ચય તે તો મુનિનુ ભૂષણ વખાણો રે.
ભવિકા૦ ૨૧

व्यवहार रत्नत्रय किल साधन=વ્યવહાર રત્નત્રય માત્ર સાધન, च=અને, मुनीना सद्विभूषण=મુનીઓનુ સત્ વિભૂષણ રૂપ, निश्चय साध्यं=નિશ્ચય તે સાધ્ય, सद्भिः ज्ञेय=વિદ્વાનોએ જાણવુ. ૨૦

વ્યવહાર રત્નત્રય એ સાધન છે સત્પુરુષો નિશ્ચય રત્નત્રયને સાધ્ય ગણીને વ્યવહારને તેના સાધનરૂપે ગણે છે નિશ્ચય રત્નત્રય એટલે આત્માનુ આત્મામા પ્રવર્તન, તેને જ સજ્જનો સર્વદા સાધ્ય અને મુનિઓનુ સત વિભૂષણ ગણે છે ૨૦

रत्नत्रयं पर ज्ञेयं व्यवहारं च निश्चयं ।
निदान शुद्धचिद्रूपस्वरूपात्मोपलब्धये ॥ २१ ॥

આ વ્યવહાર નિશ્ચય રત્નત્રય પરમ હેતુરૂપ જાણે,
નિર્મલ ચિદ્રૂપ સ્વરૂપ પ્રગટવા, તે આત્મિક સુખ મ ણે રે
ભવિકા૦ ૨૧

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માની પ્રાપ્તિ માટે વ્યવહાર અને નિશ્ચય રત્નત્રય પરમ હેતુરૂપ છે એમ જાણો ૨૧

स्वशुद्धचिद्रूपपरोपलब्धिः कस्यापि रत्नत्रयमंतरेण ।
क्वचित्कदाचिन्न च निश्चयो यद् दृढोऽस्ति चित्ते मम सर्वदैव ।२२।

નિજ સહજાત્મસ્વરૂપની પ્રાપ્તિ રત્નત્રય વિણ કહિયે,
થાય ન ક્યાય કોઈને દૃઢ એ નિશ્ચય નિત્ય મુજ હૃદયે રે
ભવિકા રત્નત્રય આદરિયે ૨૨

શુદ્ધચિદ્રૂપસ્વરૂપાત્મોપલબ્ધયે=શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્માની પ્રાપ્તિ માટે, વ્યવહાર ચ નિશ્ચય રત્નત્રય=વ્યવહાર અને નિશ્ચય રત્નત્રયને, પર નિદાન જ્ઞેય=શ્રેષ્ઠ કારણ જાણવુ ૨૧

યત્=જેથી, રત્નત્રય અંતરેણ=રત્નત્રય વિના કસ્યાપિ=કોઈને પણ, સ્વ શુદ્ધચિદ્રૂપપરોપલબ્ધિ=સ્વ શુદ્ધ ચિદ્રૂપની સર્વોત્કૃષ્ટ ઉત્તમ પ્રાપ્તિ ક્વચિત્=ક્યાંય, કદાચિત્=કદીપણ, ન=થતી નથી; મમ ચિત્તે=મારા ચિત્તના, સર્વદા એવ=સર્વદા નિશ્ચયે, દૃઢ નિશ્ચય અસ્તિ=દૃઢ નિશ્ચય છે. ૨૨

[illegible]

[illegible] ॥ १ ॥

[illegible] ॥ २ ॥

[illegible] (સર્વની [illegible]). १

[illegible] વિશુદ્ધતા (પ્રગટે છે). २

સવૈયા–૩૧ સા

વસ્ત્ર કનક ભાજન ગૃહ રૂપું રત્ન શુદ્ધ તો જગ વખણાય;
ચિદ્રૂપ તેમ વિશુદ્ધ હોય તો જગમા તે ઉત્કૃષ્ટ ગણાય.
રાગાદિક સંકલેશ જીવમા અશુદ્ધતા તે તો દેખાય;
જે અંશે તે નાશ થાય ત્યાં તે અંશે શુદ્ધિ લેખાય. ૧-૨

જેમ વસ્ત્ર, રત્ન, ચાદી, સોનુ, વાસણ, કે ઘર આદિ પદાર્થ જો શુદ્ધ નિર્મળ, સ્વચ્છ હોય તો જગતમા ઉત્તમ અને પ્રશસવા યોગ્ય ગણાય છે તેમ આ આત્મા પણ જો વિશુદ્ધ હોય તો તે સર્વોત્તમ પ્રશસવા યોગ્ય છે

આત્મામા જે રાગ દ્વેષ આદિ કષાય–ક્લેશ છે તે અશુદ્ધતા છે. જેટલે અંશે એ રાગ દ્વેષ મોહ આદિ દૂર થાય તેટલે અંશે આત્મા વિશુદ્ધતા પામે છે સપૂર્ણ રાગ દ્વેષ મોહ આદિ કર્મ કલંક ક્ષય થતા આત્મા સપૂર્ણ શુદ્ધ સ્વભાવને પામે ત્યા તે પરમ મુક્ત જગત-શિરોમણિ પરમાત્મા થાય છે

માટે એ અશુદ્ધિને ટાળવાના સદુપાયો જાણી તે અશુદ્ધ દશા ટાળવા માટે જ મુમુક્ષુઓ પ્રવર્તે છે ૧–૨

येनोपायेन सक्लेशश्चिद्रूपाद्याति वेगत. ।
विशुद्धिरेति चिद्रूपे स विधेयो मुमुक्षुणा ॥ ३ ॥

येन उपायेन=જે ઉપાય વડે, चिद्रूपात्–આત્મામાંથી, सक्लेश=સક્લેશ, वेगतः याति=સત્વર જતો રહે, चिद्रूपे विशुद्धिः एति=ચિદ્રૂપમા વિશુદ્ધિ આવે, सः=તે ઉપાય, मुमुक्षुणा=મુમુક્ષુ વડે, विधेयः=કર્તવ્ય છે

[illegible]

[illegible]

[illegible]

[illegible] અર્થ=...

... માટે (કારણરૂપ) ... વડે, ઉત્કૃ=... ૪

સતરૂપ શુદ્ધિ માટે, સત્ જેને પ્રગટ છે એવા જ્ઞાની પુરુષો કે જે જગત્પૂજ્ય છે તેમની સ્તુતિ, પ્રણામ, પૂજા પ્રેમથી કરવા; તેમણે ઉપદેશેલ સામાયિક આદિ ષટ્ આવશ્યક કર્મ ભાવપૂર્વક કરવા, વ્રત આદિ (શીલ, તપ, દાન, ભાવ એ ચાર પ્રકારના ધર્મ) ને દૃઢતાપૂર્વક ધારણ કરવા- સત્ એટલે સમ્યક્ત્વપૂર્વકના—ઉત્તમ તપ, તીર્થયાત્રા આદિ કરવાં સર્વ સંગ, પ્રસંગ, પરિગ્રહ આદિનો ત્યાગ કરવો, ક્રોધ માન માયા લોભ એ કષાય આદિનો તેના પ્રતિપક્ષી ક્ષમા, માર્દવ, સરળતા અને સંતોષ આદિ વડે અભાવ કરવો

આ ઉપાયોને એક આત્માર્થે જ શુદ્ધ ભાવના લક્ષે સેવતાં, જીવ જે અનાદિથી અશુભમાં જ પ્રાયે પ્રવર્તી રહ્યો છે તેમાંથી શુભભાવ તરફ વળે છે અને શુદ્ધનો લક્ષ બંધાય છે, બળવત્તર થાય છે તેથી રાગદ્વેષ અજ્ઞાન આદિ કર્મોની અલ્પતા થતાં વિશુદ્ધિ થવા માંડે છે. ૪

रागादिविक्रियां दृष्ट्वाङ्गिनां क्षोभादि मा व्रज ।
भवे तदितरं किं स्यात् स्वच्छं शिवपदं स्मर ॥ ५ ॥

હે ! જીવ ક્ષોભ ધરીશ નહિ દેખી જીવોના રાગાદિ વિકાર,
ભવમાં એ વિણ હોય અવર શું ? નિજ નિર્મળ શિવપદ સંભાર. ૫

હે આત્મન્! આ સંસારના પ્રાણીઓના રાગ દ્વેષ આદિ વિકારોને, દોષોને દેખીને તું અંતરમાં ક્ષોભ, અન્યથા પરિણામ ન કરતાં સમતાને ધારણ કર. સંસારમાં રાગ દ્વેષ મોહ આદિ વગર બીજું

અંગિનાં=દેહધારીઓની, રાગાદિવિક્રિયાં=રાગદ્વેષ આદિ વિકારોને, દૃષ્ટ્વા=દેખીને, ક્ષોભાદિ=ક્ષોભ આદિ, મા વ્રજ=ના કર, ભવે=સંસારમાં, તદિતરં=તેથી બીજું, કિં=શું, સ્યાત્=હોય? સ્વચ્છં=નિર્મળ, શિવ. શિવપદં=કલ્યાણરૂપ પદને, સ્મર=સંભાર. ૫

विपर्यस्तो मोहादहमिह विवेकेन रहितः
सरोगो निःस्वो वा विमतिरगुणः शक्तिविकलः ।
सदा दोषी निंद्योऽगुरुविधिरकर्मा हि वचनं
वदन्नंगी सोऽयं भवति भुवि वैशुद्ध्यसुखभाक् ॥ ६ ॥

अहम्=હું, इह=આ સંસારમાં, मोहात् विपर्यस्त=મોહથી વિપરીત મતિને પામેલો છું. विवेकेन रहित=વિવેક રહિત છું. सरोग=અને રોગ યુક્ત છું. निःस्व=(स्व=धन) ધન રહિત છું (સ્વ=આત્મસ્વરૂપ); ચિદ્રૂપની પ્રાપ્તિ વગરનો છું. वा=અથવા, विमतिः=મતિ વગરનો, વિપરીત બુદ્ધિવાળો, अगुण=ગુણ રહિત, शक्तिविकल=શક્તિ રહિત, सदा दोषी=સદા દોષયુક્ત, निंद्य=નિંદ્ય, अगुरुविधि=(विधि=કર્મ) તુચ્છ, હીન કર્મ કરનારો, अकर्मा=કર્મ પુરુષાર્થહીન, પ્રમાદી છું. वचनं वदन् अंगी=આવાં વચન વદનાર આવી ભાવના કરતો પ્રાણી; सोऽयं=એવો તે આ, भुवि वैशुद्ध्यसुखभाक् भवति=જગતમાં વિશુદ્ધિથી પ્રગટતા સુખનો ભાગી (પાત્ર) થાય છે. ૬

મોહવશે વિપરીતમતિ હું, મળે ન મુજમાં કાંઈ વિવેક,
હું રોગી, નિર્ધન, મતિહીણો, બલવિહીન, સદ્ગુણ નહિ એક;
સદા દોષયુત હીન આચારી, નિંદ્ય, પ્રમાદી, હું દીનમાત્ર,
એમ ભાવના ભાવે જગમાં, વિશુદ્ધિ સુખનો તે સત્પાત્ર. ૬

આત્મવિશુદ્ધિરૂપ નિર્દોષ નિજસ્વરૂપ પ્રગટાવી તે આત્મિક અતીંદ્રિય સુખ પામવાને યોગ્ય કોણ થાય છે? તો કે જે જીવ હાલ વર્તમાનમાં પોતાની જે અશુદ્ધ દશા છે તે તરફ દૃષ્ટિ આપી, પોતાના સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષને પણ દેખી ટાળવા પ્રવર્તે છે, તેમજ પોતાના જે જે દોષો દેખાય તે સદ્ગુરુ આદિ પાસે જણાવી તેમની પાસે પોતાની લઘુતા પ્રગટ કરે છે, તે જ પરિણામે સર્વદોષ રહિત દશા પામી શકે છે, અને વર્તમાન લઘુતા ટાળી સાચી આત્મપ્રભુતા વ્યક્ત કરી શકે છે

"હે પ્રભુ હે પ્રભુ શું કહું દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ"
—શ્રીમદ્ રાજચંદ્ર

મુમુક્ષુ નિર્દોષ એવા સદ્ગુરુ પ્રભુને કહે છે હે પ્રભુ તમે તો મને શુદ્ધ દૃષ્ટિથી તમારા જેવો જ પ્રભુ નિર્દોષ સ્વરૂપમય જોઈ રહ્યા છો એ જ તમારી પ્રભુતા છે પણ જ્યાં સુધી મને તે શુદ્ધ દશા પ્રગટે નહિ, અને વર્તમાનમાં મારી તે શુદ્ધ દશાને આવરણ કરી રહ્યા છે તે અનંત દોષ ટળે નહિ ત્યાં સુધી મને તો એક આપનું જ શરણું સહાય હો; કારણ કે શુદ્ધ એવા આપના આશ્રયે તે મારી અશુદ્ધતા તરત ટળી જવી સંભવે છે

મારી વર્તમાન દશા પ્રત્યે દૃષ્ટિ દેતાં મને જણાય છે કે દર્શનના દોષે (દર્શનમોહે) કરી દિશા ભૂલતાં, પોતાનું જાણપણું ભૂલી આ સંસારના

[illegible]

पठने गमने संगे चेतनेऽचेतनेऽपि च ।
किंचित्कार्यकृतौ पुंसा चिंता हेया विशुद्धये ॥ ८ ॥

હે આત્મન ! જો વિશુદ્ધિ માટે તો ચિંતા તજ સૌને તમામ,
કરવા પઠન, ગમન, જડ ચેતન, સંગ પ્રસંગ કે કંઈપણ કામ ૮

વિશુદ્ધિની પ્રાપ્તિ માટે મનુષ્યે પઠન, ગમન, ચેતન કે અચેતન સંગ કે કંઈપણ કાર્ય કરવામાં ચિંતા તજી દેવી જોઈએ ૮

शुद्धचिद्रूपकस्यांशो द्वादशांगश्रुतार्णवः ।
शुद्धचिद्रूपके लब्धे तेन किं मे प्रयोजनं ॥ ९ ॥

બાર અંગ શ્રુતસાગર તે પણ નિર્મળ ચિદ્રૂપ અંશ ગણાય,
ચિદ્રૂપ શુદ્ધ મળ્યું ત્યાં મુજને, તે શ્રુતનું શું કામ જરાય ? ૯

पुंसा=મનુષ્યે, विशुद्धये=વિશુદ્ધિની પ્રાપ્તિ માટે, पठने गमने=પઠનમાં, ગમનમાં, चेतने अचेतने संगे=ચેતન અચેતન સંગમાં, च=તથા, किंचित्कार्यकृतौ=કંઈ પણ કાર્ય કરવામાં, चिंता हेया=ચિંતા તજી દેવા યોગ્ય છે. ૮

द्वादशांगश्रुतार्णवः=બારઅંગરૂપ શ્રુત સમુદ્ર, शुद्धचिद्रूपकस्य अंश=શુદ્ધ આત્માનો અંશ છે. लब्धे शुद्धचिद्रूपके=જ્યાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ, ત્યાં, तेन मे किं प्रयोजनं=તેનું મારે શું કામ છે ? ૯

બાર અંગ રૂપ શાસ્ત્રજ્ઞાનનો સમુદ્ર તે પણ શુદ્ધ આત્મસ્વરૂપનો અંશ માત્ર છે જો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ છે તો હવે તે શાસ્ત્રજ્ઞાનનું શું કામ છે? ૯

शुद्धचिद्रूपके लब्धे कर्तव्यं किंचिदस्ति न ।
अन्यकार्यकृतौ चिंता वृथा मे मोहसंभवा ॥ १० ॥
वपुषां कर्मणां कर्महेतूनां चिंतनं यदा ।
तदा क्लेशो विशुद्धिः स्याच्छुद्धचिद्रूपचिंतनं ॥ ११ ॥

ચિદ્રૂપ શુદ્ધ મળ્યું ત્યાં મુજને કંઈ નહિ મુજ કર્તવ્ય ગણાય,
અન્ય કાર્ય કરવાની ચિંતા મોહજન્ય તે વ્યર્થ મનાય,
શરીર કર્મ કે કર્મહેતુનું ચિંતન ત્યાં છે ક્લેશ નિવાસ,
નિર્મલ ચિદ્રૂપનું ચિંતન ત્યાં વિશુદ્ધિ પ્રગટે આત્મિક ખાસ ૧૦ ૧૧

જ્યાં શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ થઈ છે ત્યાં પછી અન્ય કંઈપણ કરવા યોગ્ય કાર્ય હવે મારે બાકી રહ્યું નથી તેથી અન્ય કાર્ય કરવાની ચિંતા કે જે મોહને લઈને થાય છે તે ચિંતાઓ મારે કરવી હવે વ્યર્થ છે.

શરીરનું, કર્મનું કે કર્મના કારણોનું ચિંતન ફિકર કરતા મનમાં અસ્વસ્થતા, વ્યગ્રતા થતા, અશાંતિ વેદાય છે અને તે સંક્લેશ છે.

શુદ્ધચિદ્રૂપકે લબ્ધે=શુદ્ધ આત્માની પ્રાપ્તિ થતા કિંચિત્ કર્તવ્ય ન અસ્તિ=કંઈ કરવાનું છે નહિ અન્યકાર્યકૃતૌ ચિંતા=અન્ય કાર્ય કરવાની ચિંતા, મોહસંભવા=મોહજન્ય છે વૃથા મે=એવી મારે કરવી નકામી છે ૧૦

યદા વપુષાં કર્મણાં કર્મહેતૂનાં=જ્યારે શરીરનું, કર્મનું, કર્મના કારણોનું, ચિંતનં=ચિંતા હોય છે, તદા=ત્યારે, ક્લેશ=ક્લેશ થાય છે, શુદ્ધચિદ્રૂપચિંતનં=શુદ્ધ આત્માનું ચિંતન જ્યારે છે ત્યારે વિશુદ્ધિ સ્યાત્=વિશુદ્ધિ હોય છે. ૧૧

संक्लेशे कर्मणां बंधोऽशुभानां दुःखदायिनां ।
विशुद्धौ मोचनं तेषां बंधो वा शुभकर्मणा ॥ १४ ॥

અશુભ કર્મ અતિશય દુઃખદાયી બાંધે જ્યાં સંકલેશ ભજાય;
વિશુદ્ધિ ભજતાં કર્મ છૂટે સૌ અથવા માત્ર શુભ બંધાય. ૧૪

જ્યાં સંકલેશ છે ત્યાં દુ ખદાયી અશુભ કર્મનો બંધ થાય છે, જ્યાં વિશુદ્ધિ છે, ત્યાં કર્મથી છૂટવું થાય છે અથવા વિશુદ્ધિના હેતુએ વર્તતાં જે કંઈ કર્મબંધ થાય છે તે શુભ કર્મનો જ બંધ થાય છે ૧૪

विशुद्धेः शुद्धचिद्रूपसद्ध्यानं मुख्यकारणं ।
संक्लेशस्तद्विघाताय जिनेनेदं निरूपितं ॥ १५ ॥

ઉત્તમ ધ્યાન વિમલ ચિદ્રૂપનું, વિશુદ્ધિનું એ કારણ મુખ્ય,
તેના ઘાત બને સંકલેશે, ભાખે એમ જિનેન્દ્ર પ્રમુખ ૧૫

શુદ્ધ ચિદ્રૂપનું ઉત્તમ ધ્યાન એ આત્મવિશુદ્ધિનું અનન્ય (અસાધારણ) કારણ છે સંકલેશ તે આત્મ વિશુદ્ધિનો નાશ કરનાર છે એમ જિન ભગવાને કહ્યું છે ૧૫

संक्लेशे=સંકલેશમાં, दुःखदायिनां अशुभानां कर्मणां=દુ ખદાયી, અશુભ કર્મનો, बंधः=બંધ (થાય છે), विशुद्धौ=વિશુદ્ધિમાં, तेषां=તે (કર્મનું), मोचनं=છૂટવું, वा=અથવા, शुभकर्मणा बंधः=શુભ કર્મનો બંધ થાય છે ૧૪

विशुद्धेः मुख्यकारणं=વિશુદ્ધિનું મુખ્ય કારણ, शुद्धचिद्रूपसद्ध्यानं= શુદ્ધ આત્માનું ઉત્તમ ધ્યાન છે, तद् विघाताय=તેના ઘાત માટે, संक्लेशः= સંકલેશ [illegible] છે, जिनेन इदं निरूपितं=જિન ભગવાને આ નિરૂપણ કર્યું ૧૫

अमृत च विशुद्धिः स्यान्नान्यलोकप्रभावितं ।
अत्यंतसेवने कष्टमन्यस्यास्य परं सुखं ॥ १६ ॥

લોક કહે અમૃત તે તો નહિ, વિશુદ્ધિ એ અમૃત પ્રધાન,
લૌકિક અતિ સેવન દુઃખદાયી, વિશુદ્ધિ અમૃત સુખદ મહાન. ૧૬

તે આત્મ વિશુદ્ધિ એ જ અમૃત છે લોક જેને અમૃત કહે છે તે અમૃત નથી, કારણ કે (અન્ય એવા કોઈપણ) લૌકિક અમૃતના સેવનથી અંતમાં અતિ કષ્ટ થાય છે. જ્યારે આત્માનુભૂતિરૂપ અનુપમ વિશુદ્ધિ–અમૃતના સેવનથી સર્વોત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે ૧૬

विशुद्धिसेवनासक्ता वसंति गिरिगह्वरे ।
विमुच्यानुपमं राज्यं खसुखानि धनानि च ॥ १७ ॥

અનુપમ રાજ્ય વિષય સુખ વૈભવ ધન આદિ તજી થયા વિરક્ત,
ગિરિ ગુફામાં જઈ તે વસતા, વિશુદ્ધિ સેવનમાં આસક્ત. ૧૭

આત્માના અખંડ અનુભવરૂપ વિશુદ્ધિસુખમાં આસક્ત થયેલા મહાપુરુષો, સંસારના સર્વોત્તમ એવા રાજ્ય, વૈભવ, ઇન્દ્રિયસુખ અને ધનાદિ સંપત્તિને તૃણવત્ ગણીને, તેને તજી દઈ એકાંત ગિરિ ગુફાઓમાં જઈ વસે છે ૧૭

विशुद्धि=આત્મવિશુદ્ધિ, अमृत स्यात्=અમૃત થાય, न अन्यलोकप्रभावितं=અન્ય લોકમાં ગણાય છે તે નહિ, अन्यस्य अत्यंतसेवने कष्टं=અન્યના અત્યંત સેવનમાં કષ્ટ થાય છે, अस्य परं सुखं=આ (વિશુદ્ધિ)ના (સેવનથી) પરમ સુખ થાય છે ૧૬

विशुद्धेश्चित्स्वरूपे स्यात् स्थितिस्तस्या विशुद्धता ।
तयोरन्योन्यहेतुत्वमनुभूय प्रतीयतां ॥ १८ ॥
विशुद्धिः परमो धर्मः पुंसि सैव सुखाकरः ।
परमाचरणं सैव मुक्तेः पन्थाश्च सैव हि ॥ १९ ॥

વિશુદ્ધિથી ચિદ્રૂપમાં સ્થિરતા સ્થિરતાથી વળી શુદ્ધિ સધાય,
એમ પરસ્પર કારણતાનો અનુભવ કરી ધર શ્રદ્ધામાંય ૧૮
અહો ! વિશુદ્ધિ પરમ ધર્મ છે, એજ જીવોને સૌખ્ય નિધાન,
પરમ આચરણ પણ એ જાણો, મુક્તિ-માર્ગ પણ એ જ પ્રધાન. ૧૯

વિશુદ્ધિથી આત્મસ્વરૂપમાં સ્થિતિ થાય, તે સ્થિતિથી વળી વિશુદ્ધતા થાય એમ બન્ને અન્યોઅન્ય કારણરૂપે થાય છે તેનો અનુભવ કરીને યથાર્થ નિર્ધાર કરો.

વિશુદ્ધિ એ જ પરમ ધર્મ છે, મનુષ્યને એ જ સત્ સુખનો નિધાન છે સર્વોત્તમ સદ્ આચરણ પણ એ જ છે અને મોક્ષનો માર્ગ પણ એ જ વિશુદ્ધિ છે ૧૮–૧૯

विशुद्ध=વિશુદ્ધિ હોવાથી चित्स्वरूपे स्थिति स्यात्=આત્મસ્વરૂપમાં સ્થિતિ થાય, तस्य=તે (આત્મસ્થિરતા)થી विशुद्धता=વિશુદ્ધતા થાય, એમ, तयो=તે બેને, अन्यो अन्यहेतुत्व=એક બીજાને કારણપણે, अनुभूय=અનુભવીને. प्रतीयतां=શ્રદ્ધા કરો ૧૮

विशुद्धिः परमो धर्म=વિશુદ્ધિ પરમ ધર્મ છે, सैव पुंसि सुखाकर=તેજ મનુષ્યને સુખની ખાણ છે परमाचरण सैव=પરમ આચરણ પણ તેજ છે, च=અને, सैव हि=તેજ मुक्तेः पन्था=મોક્ષનો માર્ગ છે ૧૮

पदस्थादिकमभ्यस्य कृत्वा साम्यावलंबन ।
मानसं निश्चलीकृत्य स्वं चिद्रूपं स्मरंति ये ॥ ६ ॥ त्रिकलं ॥

पापानि प्रलयं याति तेपामभ्युदयप्रदः ।
धर्मो विवर्द्धते मुक्तिप्रदो धर्मश्च जायते ॥ ७ ॥

પામી વૈરાગ્ય મન વચનને કાયથી,
બાહ્ય અંતર તજી સંગ જ્યારે,
તત્ત્વજ્ઞાની ગુરુના શરણમાં જઈ,
સંયમાદિ સ્વહિતને સ્વીકારે ૪

સર્વ શાસ્ત્રો ભણી, નિરુપદ્રવ નિર્જને,
સ્થાનના સ્થિરતાને કરીને,
અન્ય ચિંતા તજી દૃઢ શુભાસન ધરી,
ધ્યાન ઉત્તમ પદસ્થાદિ ધરીને, ૫

સામ્ય અવલંબને અચલ મનને કરી
જે સ્મરે નિજ ચિદ્રૂપ તેને,
પાપ ક્ષય થાય ને અભ્યુદય ધર્મની
વૃદ્ધિ, વળી મુક્તિપ્રદ ધર્મ જન્મે ૬-૭

पदस्थादिकमभ्यस्य=પદસ્થ, પિંડસ્થ, આદિ ધ્યાનનો અભ્યાસ કરીને, साम्यावलंबन कृत्वा=સમતાનું અવલંબન કરીને, मानसं निश्चलीकृत्य=મનને નિશ્ચળ કરીને, स्वं चिद्रूपं स्मरंति=પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને સ્મરે છે. तेषां=તેમનાં, पापानि प्रलयं यांति=પાપ પ્રલય થઈ જાય છે अभ्युदयप्रदः धर्मो विवर्द्धते=સ્વર્ગ આદિ સંપત્તિ આપનાર ધર્મ [illegible] च=અને, मुक्तिप्रदः धर्मः जायते=મુક્તિ આપનાર ધર્મ પ્રગટે છે [illegible]

वार्वातागन्यमृतोपवज्रगरुडज्ञानौषधेभारिणा
सूर्येण प्रियभाषितेन च यथा यांति क्षणेन क्षयं ।
अग्न्यब्दागविषं मलागफणिनोऽज्ञानं गदेभव्रजाः
रात्रिर्वैरमिहावनावघचयश्चिद्रूपसंचितया ॥ ८ ॥

નષ્ટ ક્ષણમા કરે જેમ જલ અનલને,
મેઘને પવન, અગ્નિ તરુને,
વેરને પ્રિય ભાષણ, સુધા વિષને,
સર્પને ગરુડ કે વજ્ર ગિરિને;
જ્ઞાન અજ્ઞાનને, ઔષધિ રોગને,
રાત્રિને રવિ હણે, સિંહ ગજને,
તેમ ચિદ્રૂપ–ચિંતન અહો વિશ્વમા !
ક્ષય કરે શીઘ્ર સૌ અઘસમૂહને. ૮

यथा=જેમ, इह अवनौ=અહીં (પૃથ્વી) જગતમા, वार्वातागन्यमृतोप-वज्रगरुडज्ञानौषधेभारिणा वार्=પાણી, वात=પવન, अग्नि=અગ્નિ अमृत=અમૃત, उप=પાર (સાબુ), वज्र=વજ્ર, गरुड=ગરુડ, ज्ञान=જ્ઞાન, औषध=દવા, इभ अरिणा=હાથીના શત્રુ સિંહ વડે, सूर्येण=સૂર્ય વડે, च=અને, प्रियभाषितेन=મધુર ભાષણ વડે, અનુક્રમે, अग्न्यब्दागविषं=અગ્નિ, મેઘ, (अब्द), (अग)=તરુ, અને વિષ, मलागफणिनो=મળ=મેલ, अग=પર્વત, फणिन=અને સર્પો, अज्ञान=અજ્ઞાન, गदेभव्रजा गद=રોગ, इभव्रजा=હાથીઓના સમૂહ, रात्रि=રાત્રિ, वैरं=વેર, क्षणेन=ક્ષણમાં, क्षयं यान्ति=ક્ષય પામી જાય છે, તેમ, चिद्रूपचिंतन=[illegible] अघचय=પાપનો સમૂહ, (ક્ષણમાં ક્ષય થઈ જાય છે) ૮

[illegible] તેમ શુદ્ધ આત્મસ્વરૂપના [illegible] (ધર્મ) પ્રગટેલો [illegible] આપનાર થાય છે ૯

यथा बलाहकवृष्टेर्जायन्ते हरितांकुराः ।
तथा मुक्तिप्रदो धर्मः शुद्धचिद्रूपचिंतनात् ॥ १० ॥

યથા પૂર્વં જાતા મહાવૃક્ષા=જેમ પહેલા ઉગેલા [illegible], મેઘાત્=મેઘવૃષ્ટિથી, વર્ધંતે=વધી જાય છે, તથા=તેમ, ચિદ્રૂપધ્યાનાત્=શુદ્ધ આત્માના ધ્યાનથી, અભ્યુદયપ્રદઃ=કલ્યાણને આપનાર ધર્મ=ધર્મ (વૃદ્ધિ પામે છે) ૯

યથા બલાહકવૃષ્ટ=જેમ મેઘવૃષ્ટિથી, હરિતાંકુરા=લીલા અંકુરો (ઉગી નીકળે છે), તથા=તેમ, શુદ્ધચિદ્રૂપચિંતનાત્=શુદ્ધ આત્માના ચિંતવનથી મુક્તિપ્રદઃ ધર્મ=મુક્તિ આપનાર ધર્મ પ્રગટે છે ૧૦

મેઘવૃષ્ટિ થતાં ભૂમિમાંથી યથા,
નવીન અંકુર બહુ ઉગી નીકળે,
શુદ્ધ ચિદ્રૂપ ચિંતન થકી ઉપજે,
મુક્તિપ્રદ ધર્મ ત્યમ ચિત્ત વિમલે. ૧૦

જેમ મેઘવૃષ્ટિ થતા ભૂમિમાથી નવા અંકુરો ઉગી નીકળે છે તેમ શુદ્ધ આત્મસ્વરૂપના ચિંતનથી સર્વ કર્મના ક્ષયરૂપ મોક્ષને આપનાર સંપૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવરૂપ ધર્મ પ્રગટે છે. ૧૦

व्रतानि शास्त्राणि तपांसि निर्जने
निवासमंतर्बहि: संगमोचनं ॥
मौनं क्षमातापनयोगधारणं
चिच्चिंतयामा कलयन् शिवं श्रयेत् ॥ ११ ॥

શાસ્ત્ર વ્રત તપ ક્ષમા, વાસ નિર્જન સ્થળે,
બાહ્ય અંતર તજી સંગને જો;
મૌન આતાપના યોગ ધરતાય જો,
ચિંતવે સ્વરૂપ મુક્તિ વરે તો. ૧૧

વ્રતોને પાળતા, શાસ્ત્રોને ભણતા, તપશ્ચર્યા કરતા, એકાન્તવાસ સેવતા, અંતર અને બાહ્ય સંગને ત્યાગતે, મૌન ધારણ કરતાં, ક્ષમા આદરતાં, સૂર્યના તાપના તપ કરવારૂપ આતાપના યોગ ધારણ કરતાં,

વ્રતાનિ=વ્રતોને શાસ્ત્રાણિ=શાસ્ત્રોને, તપાંસિ=તપને, નિર્જને [illegible] નિર્જન સ્થાનમાં વાસને, અંતર્બહિ: સંગમોચનં=અંતર અને [illegible] ત્યાગને, મૌનં=મૌનને, ક્ષમા [illegible] ચિચ્ચિંતયામા [illegible] [illegible] આદરતા, [illegible] શિવં શ્રયેત્=મોક્ષ પામે ૧૧

એ બધાની સાથે સાથે જે આત્મસ્વરૂપનું ચિંતન કરે છે, બધાય એક આત્માની મુક્તિ માટે કરું છું એમ આત્માર્થનો પ્રથમ શ્રદ્ધા રાખીને, તે સાધનો કરતા સાથે આત્મા ઉપર રુચિ, શ્રદ્ધા, ભાવ, ચિંતન રાખે છે તે પરમ કલ્યાણરૂપ મોક્ષને પામે છે ૧૧

शुद्धचिद्रूपके रक्तः शरीरादिपराङ्मुखः ।
राज्यं कुर्वन्न वंधेत कर्मणा भरतो यथा ॥ १२ ॥

દેહ ગેહાદિથી થઈ ઉદાસીન જે
શુદ્ધ ચિદ્રૂપમાં રક્ત નિત્યે,
તે ન કર્મોથી બંધાય ભરતાદિવત્
રાજ્ય કરતાંય નહિ લિપ્ત ચિત્તે. ૧૨

જે મુમુક્ષુ, શરીર, સ્ત્રી, પુત્ર, મિત્રાદિ સર્વમાથી મમત્વ તજીને ઉદાસીન થઈ, શુદ્ધ આત્મસ્વરૂપના અખંડ અનુભવને ઇચ્છી તેના અનુરાગી રહે છે, તે ભરત ચક્રવર્તી આદિની માફક કર્મોથી બંધાતા નથી અને પરિણામે મોક્ષસુખને પામે છે ૧૨

स्मरन् स्वशुद्धचिद्रूपं कुर्यात्कार्यशतान्यपि ।
तथापि न हि बध्येत धीमानशुभकर्मणा ॥ १३ ॥

शरीरादिपराङ्मुखः=શરીર આદિથી ઉદાસીન, મમત્વ રહિત, વિમુખ, शुद्धचिद्रूपके रक्तः=શુદ્ધ આત્મામાં પ્રેમ કરનાર, राज्य कुर्वन् भरत यथा=રાજ્ય કરતા ભરતની જેમ, कर्मणा न वधेत=કર્મથી બંધાય નહિ ૧૨

धीमान्=સમ્યક્ જ્ઞાનવાન, स्वशुद्धचिद्रूपं स्मरन्=પોતાના શુદ્ધ આત્માને યાદ કરતા, कार्यशतानि अपि कुर्यात्=સેંકડો કામો પણ કરે, (तथापि)=તો પણ, अशुभकर्मणा न बध्येत=અશુભ કર્મથી બંધાય નહિ. ૧૩

૮ આહાર વાહન મિત્ર સુર કે વિષયસુખ સુરદ્રુમમાં,
વાંછા થતી તે મોહવશથી, તેમ વળી કુધર્મમાં. ૨

પુત્ર પુત્રી આદિની, સ્ત્રી આદિની, શરીર આદિની, મકાન, પુસ્તકના ભંડાર સમૂહ, નગર, મંત્ર, યશ, શાસ્ત્ર, અભ્યાસ, રાજ, યુદ્ધ, ગાય, બળદ, પશુ આદિની, આહાર પાન આદિની, મિત્રની, સ્વર્ગની, વાહનની, ઇન્દ્રિયોના વિષયોની, આત્મજ્ઞાન સિવાય સર્વ કુધર્મની અને કલ્પવૃક્ષ આદિની જે વાંછા થાય છે તે માત્ર મોહને વશ હોવાને લીધે થાય છે; માટે પરદ્રવ્યોની વાંછા નિર્મૂળ થવા માટે મોહનો નાશ કરવા મુમુક્ષુઓ સાવધાન થાય છે ૨

किं पर्यायैर्विभावैस्तव हि चिदचितां व्यंजनार्थाभिधानैः
रागद्वेषाप्तिबीजैर्जगति परिचितैः कारणैः संसृतेश्च ।
मत्वैव त्वं चिदात्मन् परिहर सततं चिंतनं मङ्क्षु तेषां
शुद्धे द्रव्ये चिति स्वे स्थितिमचलतयांतर्दृशा संविधेहि ॥ ३ ॥

સૌ દ્રવ્ય ગુણ પર્યાય જડ ચેતનતણા વિભાવ જે,
રાગાદિ ને ભવહેતુનું શું કામ? જગ પરિચિત એ,
એ માન્ય કરી તજ શીઘ્ર ચિંતન રે! ચિદાત્મન્ ચિત્તથી!
નિજ શુદ્ધ ચિદ્દ્રવ્યે સ્થિતિ કર અચળ અંતર દૃષ્ટિથી ૩

[illegible]

स्वर्ण=સુવર્ણથી, रत्न=રત્નોથી, गज=હાથીઓથી [illegible] [illegible]=[illegible] [illegible] [illegible]=અસંખ્ય [illegible] અને [illegible], [illegible]=[illegible] આદિથી, जनपदनगरैः=દેશ, નગરથી, चामरैः=ચામરથી, सिंहपीठ=સિંહાસનોથી, छत्रैः=છત્રોથી, विचित्रैः=જુદા જુદા, अश्वैः=અશ્વોથી, [illegible]शयनैः=ઉત્તમ શયનોથી, भोजन=ભોજનોથી, [illegible]=[illegible]થી, च=તથા, पाण्डित्य-मुख्यैः=પાંડિત્ય વગેરે, लब्धे=પામવાથી, पुरुष=મનુષ્ય, तीव्रमोहात्=તીવ્ર મોહને વશ હોવાથી, व्याकुल न भवति=વ્યાકુળ થતો નથી ૪

मचा वाप्यादिभृत्यातपहरणखगाः सूर्यपात्रासनाद्याः
दुःखानां हेतवोऽमी कलयति विमतिः सौख्यहेतून् किलैतान् ॥५॥

ધન ધેનુ સ્ત્રી સુત અશ્વ ગૃહ રથ વસ્ત્ર દાસી શિષ્ય વા,
કર્પૂર ભૂષણ શિબિકા ઉદ્યાન આસન વાપિકા;
આયુધ છત્ર પલગ ભાજન ભૃત્ય મિત્ર દુકાનને,
સુખહેતુ મૂઢ મતિ ગણે હા! સર્વ દુઃખ-નિદાનને ૫

ધન, સુવર્ણ, ગાય, સ્ત્રી, પુત્ર, પુત્રી, અશ્વ, ગૃહ, વસ્ત્ર, રથ, ક્ષેત્ર, દાસી, હાથી, શિષ્યો, કપૂર, અલંકારો, દુકાન, વન, ઉદ્યાન, પાલખી, ભાઈ, મિત્ર, શસ્ત્ર આદિ, પલંગ, વાવ આદિ, નોકર, છત્ર, પક્ષી, સૂર્ય, પાત્ર, આસન એ આદિ સર્વ પરાધીન અને વ્યાકુલતા કરાવનાર હોવાથી દુઃખના કારણો છે તેને મતિહીન, અથવા વિપરીત બુદ્ધિવાળા અજ્ઞાની જીવો સુખના કારણો માને છે

આ વિપરીત માન્યતા એ મોહનુ માહાત્મ્ય છે, તેવી જ મતિ મસ્તાને પાપી, હિતાહિત, સાર અસાર, કે શ્રેય અશ્રેય કાંઈ વિચાર

लोकस्य चात्मनो यत्नं रंजनाय करोति यत् ।
तच्चेन्निराकुलत्वाय तर्हि दूरे न तत्पदं ॥ ७ ॥

રે હંસ ! પરદ્રવ્યો સ્મરે તું જેમ નિશદિન યત્નથી,
જો તેમ ચિદ્રૂપ શુદ્ધ સ્મર તો મુક્તિ દૂર શું હસ્તથી ?
જે યત્ન નિજ પર રંજને કરતા સદા સર્વે જનો,
તેવો નિરાકુલત્વ માટે જો કરે, પદ દૂર ના. ૬–૭

હે ! આત્મન્, જેવી રીતે પ્રતિદિન તુ પર પદાર્થોનુ સ્મરણ ચિંતન કર્યા કરે છે, દેહ, સ્ત્રી, પુત્ર આદિ પોતાના માનીને તેની ચિંતામા મગ્ન રહ્યા કરે છે, તેવી રીતે જો તુ શુદ્ધ ચિદ્રૂપના સ્મરણમા, ચિંતનમા મગ્ન રહ્યા કરે તો મુક્તિની પ્રાપ્તિ તને જરાય દૂર કેમ રહે ? અર્થાત્ જરૂર મુક્તિ સમીપમા સાધ્ય થાય

આ જીવ પોતાને અને પરને રંજન કરવા, લોકમા સારો, મોટો, કહેવરાવવા, કેવળ જગતને રૂડું દેખાડવા, પોતાથી બનતા સર્વ પ્રયત્ન કર્યે જાય છે આખુ આયુષ્ય તેમા વ્યતીત કરી નાખે છે [illegible] પોતાનુ [illegible] પરંતુ કંઈ પણ વાસ્તવિક શ્રેય સાધી શકતો નથી પરંતુ તેટલો જ પુરુષાર્થ જો તે નિરાકુલતામય સત્સુખરૂપ શુદ્ધ આત્મસ્વરૂપ માટે કરે તો તને તે પરમપદની પ્રાપ્તિ જરાય દૂર ન રહે ૬–૭

હંસ !=હે ! આત્મન્, યથા=જેમ; પરાણિ દ્રવ્યાણિ પ્રત્યહં સ્મરસિ=પર પદાર્થોને પ્રતિદિન તુ સ્મરે છે, તથા=તેમ ચેત્=જો, શુદ્ધ [illegible]=શુદ્ધ આત્મસ્વરૂપને (સ્મરે) તો, મુક્તિ=મોક્ષ, કિં=શું, તે=તને [illegible] [illegible] ન થાય ? ૬

[illegible] આત્મન ચ=લોકના અને પોતાના, રંજન [illegible] [illegible] [illegible] માટે જે યત્ન કરે છે, તત્ ચેત્=તે યત્ન જો, નિરાકુલ[illegible] [illegible] માટે (કરે), તર્હિ=તો, [illegible]=તે (મુક્તિ) [illegible], ન [illegible]= [illegible] [illegible] ૭

रञ्जने परिणामः स्याद् विभावो हि चिदात्मनि ।
निराकुले स्वभावः स्यात् तं विना नास्ति सत्सुखम् ।
संयोगविप्रयोगौ च रागद्वेषौ सुखासुखे ।
तद्भवेऽत्रभवे नित्यं दृश्येते तद् भवं त्यज ॥ ९ ॥

રંજન કરે ત્યાં, ચિદ્રૂપે પરિણામ થાય વિભાવનાં,
હોય સ્વભાવ નિરાકુળતાને નહીં સત્સુખ તે વિના
સંયોગ ને વિયોગ સુખ દુઃખ, રાગદ્વેષ ભળાય જ્યાં,
નિશદિન આ ભવ પરભવે હા! ભવ હવે તું ત્યાગ ત્યાં. ૮-

પોતાને કે પરને રંજન કરવાનાં પરિણામ (આત્મપ્રશંસા) જ્યાં થાય છે ત્યાં આકુળતા છે અને તે આત્માનાં વિભાવ પરિણામ છે જ્યાં નિરાકુળતા છે ત્યાં આત્માના સ્વભાવ પરિણામ છે તેથી તે સ્વભાવ પરિણામ વિના સત્સુખ નથી

આ લોક કે પરલોક જ્યાં જુવો ત્યાં સંયોગ વિયોગ, સુખદુ:ખ રાગદ્વેષ આદિ દ્વંદ્વો આકુળતાનાં કારણો જ સર્વત્ર સદાય ભળાય છે માટે એ દુ:ખના મૂળ જેમાં છે એવા આ સંસારને હે મુમુક્ષુ તું તજી દે અને મોક્ષની અભિલાષા જ અત્યંત બળવાન કરી તેની પ્રાપ્તિમાં ઉદ્યમી થા ૮-૯

रजने=રંજન કરવામાં, परिणाम:=આત્માના ભાવ, स्याद=થાય, चिदात्मनि विभावो हि=તે ચિદ્રૂપ આત્મામાં વિભાવ જ છે. निराकुले=નિરાકુળતામાં, स्वभाव स्यात्=સ્વભાવ હોય, त विना=તેના વિના, सत्सुख नास्ति=સત્સુખ નથી ૮

सयोगविप्रयोगौ=સંયોગ અને વિયોગ, रागद्वेषौ=રાગ અને દ્વેષ, सुखासुखे च=અને સુખ તથા દુ:ખ, तद्भवे=પરભવમાં, अत्रभवे=આ ભવમાં, नित्य=સદા, दृश्येते=દેખાય છે, तद्=તેથી, भव=સંસારને, त्यज=તજી દે ૯

આદિ અનેક લૌકિક સર્વોત્તમ સંપત્તિ પ્રાપ્ત થાય છતાં પણ તેનાથી કોઈ જીવ ક્યારેય કૃતકૃત્ય થઈ શકતો નથી માત્ર શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય ત્યારે જ જીવ કૃતાર્થરૂપ, ધન્યરૂપ થાય છે, ત્યાર પછી તેને સર્વ આત્મઐશ્વર્ય પ્રગટ હોવાથી, સર્વોત્તમ અવિનશ્વર આત્મિક સુખ પ્રાપ્ત થયું હોવાથી, કંઈ પણ કર્તવ્ય કે પ્રાપ્ત કરવા યોગ્ય બાકી રહ્યું નહિ હોવાથી, તે પરમ કૃતકૃત્ય ગણાય છે તે શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ વિના જગતની સર્વ સંપત્તિ બહુ તો માત્ર એક ભવપર્યંત જ ટકી રહેનાર હોવાથી ફરી બીજા ભવમાં તો તે મેળવવા શ્રમ કરવાનો જ રહેતો હોવાથી એવી નાશવંત લૌકિક સંપત્તિથી કોઈ જીવ કદી કૃતકૃત્ય ગણી શકાય નહિ એમ વિચારી સન્મુમુક્ષુ અભિલાષી સુજ્ઞ સજ્જનો તો પરમ કૃતકૃત્ય થવા માટે માત્ર નિજ નિર્મળ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે જ પરમ આદરપૂર્વક સત્પુરુષાર્થના સદાય પ્રવર્તે છે ૧૪

परद्रव्यासनाभ्यासं कुर्वन् योगी निरंतर ।
कर्मांगादिपरद्रव्य मुक्त्वा क्षिप्र शिवीभवेत् ॥ १५ ॥
कारणं कर्मबंधस्य परद्रव्यस्य चिंतन ।
स्वद्रव्यस्य विशुद्धस्य तन्मोक्षस्यैव केवल ॥ १६ ॥

પરદ્રવ્યને તજવા કરે અભ્યાસ સતત સ્વચિંતને,
તે યોગી કર્મ શરીર આદિ ત્યાગી સત્વર શિવ બને,

નિરંતરં=નિરંતર, પરદ્રવ્યાસનાભ્યાસં કુર્વન્=પર બને (અનંત) દૂર કરવાના અભ્યાસને કરતો, યોગી=(મોક્ષ સાધે [illegible]) યોગી, કર્માંગાદિપરદ્રવ્યં=કર્મ, શરીર આદિ પર પદાર્થને, મુક્ત્વા=મૂકીને, ક્ષિપ્રં=શીઘ્ર, શિવીભવેત્=શિવ (મોક્ષ સ્વરૂપ) થાય ૧૫

પરદ્રવ્યનુ ચિંતન ખરેખર કર્મ-બંધ-નિદાન છે,
ચિંતન વિમલ નિજ દ્રવ્યનું, શિવ હેતુ એજ પ્રધાન છે. ૧૫-૧૬

નિરંતર પરદ્રવ્યને ત્યાગ કરવાનો અભ્યાસ કરનાર યોગી કર્મ શરીર આદિ પરદ્રવ્યથી મુક્ત થઈ સત્વર શિવસ્વરૂપ મુક્તિપદને પામે છે.

પર દ્રવ્યનુ ચિંતન એ જ કર્મબંધનનુ કારણ છે. પોતાના શુદ્ધ આત્મ દ્રવ્યનુ ચિંતન તે કેવલ મોક્ષનુ જ કારણ થાય છે માટે મોક્ષાર્થીઓ પર દ્રવ્યનું ચિંતન તજી નિજ આત્મતત્ત્વનુ ચિંતન કરવામાં સદાય તત્પર રહે છે ૧૫-૧૬

प्रादुर्भवंति निःशेषा गुणाः स्वाभाविकाश्चितः ।
दोषा नश्यंत्यहो सर्वे परद्रव्यवियोजनात् ॥ १७ ॥
समस्तकर्मदेहादिपरद्रव्यविमोचनात् ।
शुद्धस्वात्मोपलब्धिर्या सा मुक्तिरिति कथ्यते ॥ १८ ॥

ચિદ્રૂપના નિ.શેષ સ્વાભાવિક ગુણો પ્રગટે બધા,
ને દોષ ક્ષય થાયે સકલ પરદ્રવ્ય ત્યાગ્યે સર્વથા;
નિઃશેષ કર્મ શરીર આદિ અન્ય દ્રવ્યો ત્યાગતા,
નિજ સહજ આત્મ સ્વરૂપ પ્રાપ્તિ તે જ મુક્તિ કથાય ત્યાં ૧૭-૧૮

अहो=આશ્ચર્ય છે કે ! परद्रव्यवियोजनात्=પરદ્રવ્યના ત્યાગથી, चित.=આત્માના, नि शेषा =સંપૂર્ણ, સમસ્ત, स्वाभाविकाः गुणा.=સ્વાભાવિક ગુણો, प्रादुर्भवन्ति=પ્રગટ થાય છે, दोषा. सर्वे नश्येति=દોષ સર્વ નાશ પામી જાય છે ૧૭

समस्तकर्मदेहादिपरद्रव्यविमोचनात्=સર્વ કર્મ દેહ આદિ પર દ્રવ્યના ત્યાગથી, या शुद्धस्वात्मोपलब्धि=જે શુદ્ધ સ્વઆત્માની પ્રાપ્તિ, सा=તે, मुक्ति इति कथ्यते=મુક્તિ એમ કહેવાય છે ૧૮

અહો ! પરદ્રવ્યના ત્યાગથી, ચિદ્રૂપ, નિજ ચૈતન્યાત્મક આત્મ-તત્ત્વના સર્વ સંપૂર્ણ સ્વાભાવિક ગુણો પ્રગટ થાય છે, અને સમગ્ર દોષો દૂર થઈ જાય છે

કર્મ, શરીર આદિ સર્વ પર દ્રવ્યના ત્યાગથી નિજ શુદ્ધ આત્મ-તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આ સહજ સ્વાભાવિક શુદ્ધ નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ તે જ મોક્ષ કહેવાય છે ૧૭–૧૮

"દેહાદિ સંયોગનો આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ"

—શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

अतः स्वशुद्धचिद्रूपलब्धये तत्त्वविन्मुनिः ।
वपुषा मनसा वाचा परद्रव्यं परित्यजेत् ॥ १९ ॥

વસંતતિલકા ૭૬:—

તેથી સ્વ શુદ્ધ સહજાત્મસ્વરૂપ પ્રાપ્તિ,
જે તત્ત્વજ્ઞાની મુનિવર્ય ચહે સદાપિ,
તે તો શરીર મન ને વચને ત્રિયોગે,
દ્રવ્યો અનાત્મ સઘળા અતિ શીઘ્ર ત્યાગે ૧૯

તેથી તત્ત્વજ્ઞાની મુનિ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિને માટે તન મન વચનથી પર દ્રવ્યને તજી દે છે ૧૯

અતઃ=માટે, સ્વશુદ્ધચિદ્રૂપલબ્ધયે=નિજ શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ માટે, તત્ત્વવિત્ મુનિ=તત્ત્વને જાણનાર, આત્મજ્ઞાની મુનિ, વપુષા=શરીરથી, મનસા=મનથી, વાચા=વચનથી, પરદ્રવ્યં=પરદ્રવ્યને, પરિત્યજેત્=છોડી દે

दिक्चेलैको हस्तपात्रो निरीहः
साम्यारूढस्तत्त्ववेदी तपस्वी ।
मौनी कर्मौघेभसिंहो विवेकी
सिद्ध्यै स्यात्स्वे चित्स्वरूपेऽभिरक्तः ॥२०॥

દિગ્ વસ્ત્ર માત્ર કર પાત્ર, તપસ્વી, મૌની,
નિસ્પૃહ, સામ્યપદ આરૂઢ, તત્ત્વજ્ઞાની;
તે કર્મહસ્તી પ્રતિ સિંહ, વિવેકબુદ્ધિ,
આત્મીય ચિદ્રૂસ્વરૂપ રક્ત, વરે સ્વસિદ્ધિ. ૨૦

આત્મસિદ્ધિરૂપ મુક્તિ પદને પામવાને યોગ્ય કોણ થાય છે? તો કે દિશાઓ જ જેને વસ્ત્ર છે એવા, (બીજા વસ્ત્ર વિહીન દિગંબર, નગ્ન), કરપાત્ર, તપસ્વી, મૌની, નિસ્પૃહ, સમતાની શ્રેણી ઉપર અથવા વીતરાગ ભાવરૂપ સોપાન નિસરણી ઉપર ચઢેલા, કર્મરૂપ હાથીઓના સમૂહનો નાશ કરવામા સિંહ સમાન, વિવેક એટલે ભેદજ્ઞાન યુક્ત અને નિજ નિર્મળ આત્મસ્વરૂપમા જ અત્યંત તલ્લીન એવા જ્ઞાની પુરુષ સિદ્ધિ સુખને યોગ્ય થાય છે

આ પ્રમાણે મોક્ષાભિલાષી ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણ દ્વારા નિર્મિત તત્ત્વજ્ઞાન તરંગિણીમા શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે પરદ્રવ્યોના ત્યાગને પ્રતિપાદન કરનાર આ પંદરમો અધ્યાય સમાપ્ત થયો

दिक्चेलैक=દિશાઓ માત્ર વસ્ત્ર છે જેને, દિગંબર, નગ્ન. हस्तपात्र=હાથ એ જ (ભોજનપાન માટે એક) પાત્ર છે જેને, કોઈ પણ પાત્ર, વાસણ નહિ રાખનાર, निरीह=નિઃસ્પૃહ, साम्यारूढ=સમતા શ્રેણી ઉપર ચઢેલા, तत्त्ववेदी=આત્મજ્ઞાની, જીવ અજીવ આદિ સર્વ તત્ત્વોના જાણકાર, तपस्वी=તપસ્વી, मौनी=મૌની, कर्मौघेभसिंह=કર્મના સમૂહરૂપ (હાથી) હાથીને હણવાને સિંહ સમાન, विवेकी=ભેદજ્ઞાન યુક્ત, स्वे=પોતાના, चित्स्वरूपे अभिरक्त=આત્મસ્વરૂપમાં અતિ [illegible], सिद्ध्यै स्यात्=મોક્ષ મેળવવા [illegible] ૨૦

અધ્યાય ૧૬ મો

શુદ્ધ ચિદ્રૂપની પ્રાપ્તિ માટે નિર્જન સ્થાનની આવશ્યકતા.

सद्बुद्धेः परसंजनाकुलविधित्यागस्य साम्यस्य च
ग्रंथार्थग्रहणस्य मानसवचोरोधस्य घाघाहतेः ।
रागादित्यजनस्य काव्यजमतेश्चेतोविशुद्धेरपि
हेतु. स्वोत्थसुखस्य निर्जनमहो ध्यानस्य वा स्थानकं ॥१॥

સવૈયા—

સદ્‌બુદ્ધિ, સમતા, રાગાદિ-ત્યાગ, શાસ્ત્રના અર્થ ગ્રહાય,
પરરંજન-આકુળતા જાયે, મન વાણીનો રોધ કરાય,
બુદ્ધિ કાવ્ય વિષે જોડાયે, ચિત્ત વિશુદ્ધિ વળી પમાય,
આત્મિક સુખ ને ધ્યાન પ્રાપ્તિનો, નિર્જન સ્થાનક હેતુ મનાય.

[illegible] ૧

पार्श्ववर्तिना नास्ति केनचिन्मे प्रयोजनं ।
मित्रेण शत्रुणा मध्यवर्तिना वा शिवार्थिनः ॥ २ ॥

સમીપવર્તી શત્રુ મિત્ર કે મધ્યવર્તી પ્રાણી [illegible],
કોઈ અન્યનું કામ ન મારે, [illegible] હું રહું એકાન્ત ૨

મોક્ષનો અભિલાષી એવા હું તેને કોઈ પણ મિત્ર, શત્રુ કે મધ્યસ્થ, પાસે વસતા જીવોનું કંઈ પણ કામ નથી, પ્રસન્નચિત્ત એકલો જ [illegible] હું એકાન્ત સ્થાનમાં આત્મસ્થિરતાને [illegible] એમ મુમુક્ષુ ભાવે છે ૨

इन्दोर्वृद्धो समुद्रः सरिदमृतबल वर्द्धते मेघवृष्टे-
र्मोक्षाना कर्मबधो गद इव पुरुषस्यामभुक्तेरवश्य ।

शिवार्थिन मे=મોક્ષના અર્થી એવા મને, केनचित्=કોઈની પણ સાથે, मित्रेण, शत्रुणा मध्यवर्तिना वा=મિત્ર, શત્રુ કે મધ્યસ્થ, पार्श्ववर्तिना=નજીકમાં વર્તતા પ્રાણી સાથે, प्रयोजन नास्ति=કામ નથી ૨

नानावृत्ताक्षराणामवनिचरतले छंदसां प्रस्तरश्च
दुःखौघागो विकल्पास्रववचनकुल पार्श्ववर्त्यंगिनां हि ॥३॥

ચન્દ્ર વધે ત્યાં જલધિ વધતો, વૃષ્ટિ વધ્યે નદી નીર અથાગ
મોહવૃદ્ધિથી કર્મ વધે, વળી અપક્વ અન્ને વ્યાધિ–વિપાક,
વિવિધ છંદ અક્ષર વૃદ્ધિથી વધે છંદ પ્રસ્તાર વિશેષ,
તેમ સમીપવાસી સંગે બહુ વચન વિકલ્પ વધે દુખ દોષ ૩

જેવી રીતે ચંદ્ર વધે તેમ સમુદ્ર વધે છે, મેઘવૃષ્ટિથી નદીઓના નીર વધે છે, મોહવૃદ્ધિથી કર્મબંધ વધે છે, કાચા અન્નના ભક્ષણથી મનુષ્યને રોગની વૃદ્ધિ થાય છે, તથા જુદા જુદા છંદના અક્ષર વધે તેમ છંદના પ્રસ્તાર (તે અમુક વર્ણના છંદના સંકેત રૂપો) અધિકાધિક વધે છે તેવી રીતે જગતમાં સમીપવર્તી સંબંધીઓના સંગ વધતા અનેક પ્રકારના દુઃખો, દોષો, વિકલ્પનો આસ્રવ (આગમન) અને તેના કારણરૂપ વચનની પ્રવૃત્તિ વધે છે ૩

યથા=જેવી રીતે, इन्दो वृद्धौ=ચંદ્રની વૃદ્ધિ થતા, समुद्र वर्धते=સમુદ્ર વધે છે (ભરતી આવે છે); मेघवृष्टेः सरिदमृतबल=મેઘવૃષ્ટિની (વૃદ્ધિથી) નદીના પાણીનું બળ (વધે છે) मोहाना=મોહની (વૃદ્ધિના) [illegible]=કર્મબંધ વધે છે, पुरुषस्य=મનુષ્યને, आमभुक्ते=કાચા ભોજનથી, [illegible]=[illegible], गद [illegible]=રોગના [illegible], अवनिचरतले=પૃથ્વીના [illegible], नानावृत्ताक्षराणा=જુદા જુદા છંદના અક્ષરોની [illegible] થતા, छंदसां प्रस्तरश्च=છંદોનો પ્રસ્તાર (અમુક વર્ણ કે માત્રાના છંદના [illegible]) [illegible] છે, તેમ, पार्श्ववर्ति अंगिनां=[illegible] (સમીપ રહેવાથી), हि=નિશ્ચે દુઃખૌઘાગ=દુઃખોના સમૂહ [illegible] [illegible]=વિકલ્પના [illegible] [illegible] ૩

જાગ્યાનો સર્વ [illegible] ઉપાય ઉપર [illegible] [illegible]
અતીન્દ્રિય [illegible] તથા આનંદની મસ્તિ જાગી [illegible] [illegible]

સત્ સુખની રુચિ જાગતા, સત્પુરુષાર્થમાં પ્રવર્તતા મુમુક્ષુને શુદ્ધ ચિદ્રૂપમાં લય લાગે છે, એકાગ્રતાપૂર્ણ ધ્યાન પ્રગટે છે. અને વિકલ્પનો અભાવ થાય છે ત્યારે તે નિર્વિકલ્પ સમાધિને પામે છે. નિર્વિકલ્પ સમાધિરૂપ શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનમાં એકાગ્ર થયેલા મુમુક્ષુ યોગીને કર્મનો નાશ અને આત્મિક સુખ એક સાથે જ પ્રગટે છે.

માટે મોક્ષ પ્રાપ્તિની પ્રબળ ઇચ્છા જેને છે તેવા મુમુક્ષુઓએ સૌથી પ્રથમ મોક્ષમય આત્મિક સુખની રુચિ જગાડનાર સત્પુરુષરૂપ ઉત્તમ સત્ નિમિત્તને મેળવી ઉપાદાન નિજ નિર્મળ ચિદ્રૂપ જાગૃત કરવા યોગ્ય છે. ૪-૫

अष्टावंगानि योगस्य यमो नियम आसनं ।
प्राणायामस्तथा प्रत्याहारो मनसि धारणा ॥ ६ ॥
ध्यानश्चैव समाधिश्च विज्ञायैतानि शास्त्रतः ।
सदैवाभ्यसनीयानि भदन्तेन शिवार्थिना ॥७॥ युग्मं ॥

यमः=આખા જીવન માટે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ એ પાંચ વ્રત દેશથી કે સર્વ પ્રકારે (અણુવ્રત કે મહાવ્રત) પાળવા તે, नियम=શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ધ્યાન એ પાંચ નિયમ ગણાય છે: અથવા ત્યાગ મૌન ઉપવાસ વગેરે અમુક થોડા વખત માટે લેવાય તે પણ નિયમ ગણાય છે. आसन=યોગના અનેક આસનો-માંથી એક આસને બેસવાનો દૃઢ અભ્યાસ. प्राणायाम=ભાવબદલો (પ્રાણાયામ: શ્વાસજય), प्रत्याहारः=વિષયોથી ઇન્દ્રિયોને પાછી વાળવી, मनसि धारणा=તત્ત્વ સ્વરૂપ ધ્યેયને મનમાં ધારણ કરવું, ध्यानः=ધ્યેયમાં વિશેષ એકાગ્રતા; समाधिश्च=તથા સ્વરૂપમાં નિરંતર સ્થિતિ તે સમાધિ, एतानि योगस्य अष्टौ अंगानि=આ યોગના આઠ અંગ, शास्त्रत विज्ञाय=યોગશાસ્ત્રોથી જાણીને, शिवार्थिना भदन्तेन=મોક્ષાર્થી ભવ્યે, सदैव अभ्यसनीयानि एव=નિત્ય અભ્યાસવા યોગ્ય છે ૬-૭

હરિગીત ૭૬:—

યમ નિયમ આસન તેમ પ્રાણાયામ પ્રત્યાહાર ને,
મનધારણા સદ્ધ્યાન ને પ્રાંતે સમાધિ સાર જે,
સત્શાસ્ત્રથી જાણી યથારથ યોગના અષ્ટાંગ એ,
અભ્યાસ તેનો નિત્ય કરવો, સર્વ ભવ્ય શિવાર્થીએ ૬—૭

મોક્ષની સાથે જીવનો જે સંબંધ જોડે તે યોગ તેના આઠ અંગ છે

૧. યમ :—અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ એ પાંચ યમ કહેવાય છે આ યમના પ્રવર્તવાથી આત્માના કરુણા કોમલતાદિ સદ્ગુણો પ્રગટે છે અને [illegible] થાય છે

૨. નિયમ :—આત્માને વિશેષ રૂપે વિશુદ્ધ અને નિયમિત કરનાર [illegible] નિયમ છે શૌચ, સંતોષ, તપ સ્વાધ્યાય અને [illegible]

૩. આસન:—પરદ્રવ્યો અને પરભાવોથી વ્યાપ્ત થયા [illegible] અને શુદ્ધ આત્મા પ્ર[illegible] સહાયકારી એવા યોગના (ગોરાસન, પ[illegible] ભદ્રાસન, દ[illegible]ાસન ઉત્કટિકાસન, [illegible] આદિ) અનેક આસનોમાંથી કોઈ [illegible] આસનો [illegible] અભ્યાસ કરવો [illegible] અભ્યાસ [illegible] એક આસને કાયાને સ્થિર કરવાનો [illegible] આસન [illegible]

પ્રાણાયામ:—[illegible]

અંતરમાં સ્થિર કરવો તે કુંભક. એ ત્રણ મુખ્ય ભાગોને
પ્રાણ—પ્રાણાયામ કે

૫. પ્રત્યાહાર:—વિષય વિકારમાંથી ઇન્દ્રિયપણે ઇન્દ્રિયોને પાછી
વાળવી, નિરમાવવી તે પ્રત્યાહાર—

"વિષયવિકારે ન ઇન્દ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે—"
—શ્રીમદ્ યશોવિજયજી

૬. ધારણા:—શુદ્ધચિદ્રૂપ નિજ નિર્મળ આત્મસ્વરૂપ તે ધ્યેય તેમાં ચિત્તનું એકદેશે બંધાવું, સ્થિર થઈ જવું તે ધારણા

૭. ધ્યાન :—ધ્યેયમાં એકાગ્રતા અમુક કાળ ચાલુ રહે તે ધ્યાન ધ્યાન ચાર પ્રકારના છે પ્રથમ બે આર્ત અને રૌદ્ર ધ્યાન તજવાયોગ્ય છે. અને ધર્મ અને શુક્લધ્યાન ઉપાદેય છે.

૮. સમાધિ:—આત્મા પોતાના સ્વભાવ સ્વરૂપમાં નિર્વિકલ્પપણે રહે તે સમાધિ.

"આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે."
—શ્રીમદ્ રાજચંદ્ર

"દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુજી,
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણુજી."
—"યોગદૃષ્ટિ" શ્રીમદ્ યશોવિજયજી

આ યોગના આઠ અંગનો વિસ્તાર જ્ઞાનાર્ણવ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગશાસ્ત્ર આદિ અનેક જ્ઞાની આચાર્યો વિરચિત શાસ્ત્રથી અથવા સદ્‌ગુરુના સમાગમથી જાણીને ભવ્ય જીવોએ મોક્ષ પ્રાપ્તિ માટે તેનો સદા અભ્યાસ કરવો ૬—૭

भावान्मुक्तो भवेच्छुद्धचिद्रूपोहमितिस्मृतेः ।
यद्यात्मा क्रमतो द्रव्यात्स कथं न विधीयते ॥ ८ ॥
क्षणे क्षणे विमुच्येत शुद्धचिद्रूपचिंतया ।
तदन्यचिंतया नूनं बध्येनैव न संशयः ॥ ९ ॥

હું શુદ્ધ ચિદ્રૂપ એમ સ્મરતાં ભાવમુક્ત થવાય જ્યાં,
આત્મા ક્રમે કરી તો પછી શું દ્રવ્ય મુક્ત ન થાય ત્યાં,

ક્ષણ ક્ષણ મુકાયે કર્મથી જીવ શુદ્ધ ચિદ્રૂપ-ચિંતને,
બંધાય તે પરદ્રવ્ય-ચિંતનથી ન સંશય નૂતને ૮-૯

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવો હું આત્મા છું એમ શુદ્ધ ચિદ્રૂપના સ્મરણ થતાં જ જીવ ભાવમુક્ત થાય છે તો પછી ક્રમે કરી [illegible] મુક્ત, આઠ કર્મ આદિ પર દ્રવ્યોથી રહિત કેમ ન થાય?

તે શુદ્ધ ચિદ્રૂપના સ્મરણનું એવું સામર્થ્ય છે કે તેથી [illegible] ભાવ શુદ્ધ શુ[illegible] સિદ્ધ પરમાત્મસ્વરૂપમાં એકાગ્ર થતાં પરમ [illegible]ને પામે છે (જે) શુદ્ધ ભાવ છે તેજ મુક્ત ભાવ છે એટલે શુ[illegible] ભાવની પ્રાપ્તિ એ ભાવમોક્ષ છે અને તેની ભાવનાથી તેની સ્થિર [illegible] પ્રાપ્તિ થતાં સર્વ દ્રવ્ય કર્માદિ કર્મોના [illegible] મોક્ષ [illegible] થાય છે.

પાઠ આત્મા— ન આત્મા શુદ્ધચિદ્રૂપોહમ્ ઇતિ સ્મૃતે— [illegible] [illegible] એમ સ્મરવાથી, ભાવાત્ [illegible] [illegible] ક્રમતો—ક્રમથી દ્રવ્યાત્—દ્રવ્યથી સ કથં ન વિધીયતે—તે કેમ [illegible] થાય?

ગ. નિ[illegible] [illegible] [illegible] [illegible] ભાન કરનાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સિવાય અન્ય [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે એમાં [illegible] [illegible] —.

सयोगक्षीणमिश्रेषु गुणस्थानेषु नो मृतिः ।
अन्यत्र मरणं प्रोक्तं शेषत्रिक्षपकैर्विना ॥ १० ॥
मिथ्यात्वेऽविरते मृत्वा जीवा यान्ति चतुर्गतीः ।
सासादने विना श्वभ्रं तिर्यगादिगतित्रयम् ॥ ११ ॥

ગુણસ્થાન ત્રીજે બારમે ને તેરમે મૃત્યુ નહીં,
ત્રણ ક્ષપક શ્રેણીમાં મરણ કહ્યું અન્ય ગુણસ્થાને મહીં,
મિથ્યાત્વ અવિરતિમાં મરણ થાતા ચતુર્ગતિ જીવ જતા,
સાસાદને મૃત્યુ થતા વિણ નરક ત્રણ ગતિ પામતા. ૧૦-૧૧

ત્રીજા મિશ્ર ગુણસ્થાનકમાં, બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકમાં અને તેરમા સયોગકેવલી ગુણસ્થાનકમાં, તથા આઠ નવ અને દશ જે

सयोगक्षीणमिश्रेषु=તેરમા સયોગ કેવળી, બારમા ક્ષીણમોહ, અને ત્રીજા મિશ્ર ગુણસ્થાનકોમાં; नो मृति=મરણ થતુ નથી. शेषत्रिक्षपकै: विना=બીજા ત્રણ ક્ષપક શ્રેણીના ૮-૯-૧૦ ગુણસ્થાન વિના, अन्यत्र=બાકીના બીજાં ગુણસ્થાનકે, मरण प्रोक्त=મરણ થાય છે એમ કહ્યું છે. ૧૦

मिथ्यात्वे=પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાં, अविरते=ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમા; मृत्या जीवा=મરણ પામેલ જીવો, चतुर्गतीः याति=ચાર ગતિમાંની કોઈ એકમા જાય છે, सासादने=બીજા સાસ્વાદનમા મરેલ જીવો, श्वभ्र विना=નરક વિના, तिर्यग् आदि गतित्रय=તિર્યંચ મનુષ્ય અને દેવ એ ત્રણ ગતિમાની કોઈ એકમા જાય છે ૧૧

ક્ષપકશ્રેણીનાં બાકીના ગુણસ્થાનક છે તેમા મરણ થતુ નથી તે સિવાયના બાકીના ગુણસ્થાનકમા મરણ થાય છે

પહેલુ મિથ્યાત્વ અને ચોથુ અવિરત સમ્યકત્વ ગુણસ્થાનક છે તેમા જે મરણ થાય તો જીવ ચારે ગતિમાની કોઈ એકમા જાય છે બીજા સાસ્વાદન ગુણસ્થાનમા મરણ થતા જીવ નરક ગતિ સિવાયની બાકીની ત્રણ ગતિમાથી કોઈ એક ગતિમાં જાય છે

સમ્યગ્ દર્શન થતા પહેલા જીવે આયુષ્કર્મનો બધ કરી લીધો હોય તો જ તે ચાર ગતિમાની ગમે તે ગતિમા જાય છે નહિ તો (ચતુર્થ ગુણસ્થાન વર્તી) સમ્યગ્ દૃષ્ટિ જીવની દેવ ગતિ જ હોય છે તેમા પણ તે ભવનવાસી આદિ દેવમા નહિ જતા ઉત્તમ વૈમાનિક દેવમા જ જાય છે ૧૦-૧૧

अयोगे मरणं कृत्वा भव्या यान्ति शिवालय ।
मृत्वा देवगतिं यान्ति शेषेषु सप्तसु ध्रुवं ॥ १२ ॥

ભવ્યો અયોગી ગુણસ્થાને મરણથી શિવ પહોંચતા,
ગુણસ્થાન બાકી સાત તેમા મરણ કરી સુરગતિ જતા ૧૨

ચૌદમા અયોગી ગુણસ્થાનકે મરણ કરીને મન વચન કાયાના યોગને આત્યંતિક પણે તજી દઈને ભવ્ય જીવો શિવાલય મોક્ષમંદિર રૂપ સિદ્ધિપદ સહજાત્મસ્વરૂપ રૂપ અનુપમ શાશ્વત [illegible] બિરાજે છે બાકીના પાંચમાથી અગિયારમા સુધીના સાત ગુણ[illegible] મરણ કરનાર જીવો એક માત્ર ઉત્તમ દેવગતિમા જાય છે [illegible]

शुद्धचिद्रूपसद्ध्यान कृत्वा यात्यधुना दिवं ।
तत्रेंद्रियसुखं भुक्त्वा श्रुत्वा वाणीं जिनागता ॥ १३ ॥

जिनालयेषु सर्वेषु गत्वा कृत्वार्चनादिकं ।
ततो लब्ध्वा नरत्वं च रत्नत्रयविभूषणं ॥ १४ ॥

शुद्धचिद्रूपसद्ध्यानबलात्कृत्वा विधिक्षयं ।
सिद्धस्थानं परिप्राप्य त्रैलोक्यशिखरे क्षणात् ॥ १५ ॥

साक्षाच्च शुद्धचिद्रूपा भूत्वात्यंतनिराकुलाः ।
तिष्ठंत्यनंतकालं ते गुणाष्टकसमन्विताः ॥ १६ ॥

જન શુદ્ધચિદ્રૂપનુ કરી સદ્ધ્યાન સુર અધુના થતા,
ઇન્દ્રિય સુખ ત્યા ભોગવી, જિનવાણી સુણવા પામતા. ૧૩

अधुना=આ વર્તમાનકાળમા, शुद्धचिद्रूपसद्ध्यान कृत्वा=શુદ્ધ-ચિદ્રૂપના સત્ ધ્યાન કરીને, दिवं याति=દેવલોકમા જાય છે, तत्र=ત્યા, इन्द्रियसुखं भुक्त्वा=ઇન્દ્રિય સુખને ભોગવીને जिनागता वाणीं श्रुत्वा=જિન ભગવાનની વાણીને સાભળીને ૧૩

सर्वेषु जिनालयेषु गत्वा=સર્વ જિન મદિરોમા જઈને, अर्चनादिकं कृत्वा=પૂજા આદિ કરીને ततः=ત્યારપછી, नरत्वं च रत्नत्रयविभूषणं=મનુષ્યભવ અને રત્નત્રયરૂપ ભૂષણને, लब्ध्वा=પામીને, ધારી ધારણ કરીને ૧૪

